ન્યુ રીનોવેટેડ A/C.
લગ્નહોલ
A/C. હોલ તેમજ જમણ સાથે
હોટેલ ભાભા
આલ્ફ્રેડ સામે, રાજકોટ. ફોન : ૨૨૨૦૮૬૧ થી ૬૬

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક®
સાંધ્ય દૈનિક

શહેર આવૃત્તિ પાનાઃ૧૪
તા. ૧૯-૯-૨૦૨૬, શનિવાર
વર્ષઃ ૧૫, અંક : ૧૬૮

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

શું તમે કોઈ આવી તકલીફ થી પીડાવ છો ?
હરસ-મસા, ભગંદર, ફિશર
ની સારવાર ડો. નિલેશ નિમાવત
વેદાંત મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલ
રોગ ની ગંભીરતા અનુસાર ઓપરેશન દ્વારા સચોટ નિદાન અને સારવાર
મોટી ટાંકી ચોક, રાજકોટ. આયુષ્માન કાર્ડ માં ઉપલબ્ધ

# ભારત અને ચીન પર ૧૦૦ ટકા ટેરિફ લાદવાની ટ્રમ્પને મળી સત્તા

## રશિયા પાસેથી તેલ ખરીદવા સામે અમેરિકા કડકઃ નવા કાયદા પર ટ્રમ્પની સહી


## આ પગલાંથી ભારત-અમેરિકા સંબંધો અને દેશની ઊર્જા સુરક્ષા પર માઠી અસર પડશેઃ ભારતની સ્પષ્ટ ચેતવણી

**અબતક, રાજકોટ**

યુક્રેન યુદ્ધ શરૂ થયા બાદથી પશ્ચિમી દેશોના પ્રતિબંધો છતાં ભારત અને ચીન સહિતના દેશો રશિયા પાસેથી મોટા પાયે રાહતદરે ક્રૂડ ઓઈલ ખરીદી રહ્યા છે. અમેરિકા લાંબા સમયથી રશિયાના આ ઊર્જા વેપાર પર લગામ કસવા મથી રહ્યું હતું, પરંતુ હવે અમેરિકાએ સીધા રશિયા પર જ નહીં, બલ્કે તેની પાસેથી ઊર્જા ખરીદતા દેશો પર પણ આર્થિક હથોડો ચલાવવાની સંપૂર્ણ કાનૂની તૈયારી કરી લીધી છે. યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે એક વ્યાપક પ્રતિબંધ કાયદા પર હસ્તાક્ષર કર્યા છે, જેનાથી ભારત અને ચીન જેવા દેશોમાંથી અમેરિકામાં આયાત થતી તમામ વસ્તુઓ પર ૧૦૦ ટકા સુધીની આયાત જકાત (ટેરિફ) ઝીંકવાની અમર્યાદિત સત્તા અમેરિકી વહીવટીતંત્રને મળી ગઈ છે. આ નિર્ણયથી વૈશ્વિક વેપાર અને ખાસ કરીને ભારત-અમેરિકા સંબંધોમાં ભારે ગરમાવો આવી ગયો છે.

અનુસાર, પ્રમુખ ટ્રમ્પે લિન્ડસે ઓ. ગ્રેહામ સેન્કશનિંગ રશિયા એન્ડ ઈરાન એક્ટ ઓફ ૨૦૨૬ પર હસ્તાક્ષર કર્યા છે. આ કાયદો અમેરિકન સેનેટમાં ૮૬-૧૧ અને ત્યારબાદ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સમાં ૨૬૨-૧૫૯ મતોની જંગી બહુમતીથી પસાર થયો હતો. આ કાયદો રશિયન બેંકો, અધિકારીઓ અને ઊર્જા ક્ષેત્ર પર નવા પ્રતિબંધો લાદવા ઉપરાંત રશિયાના 'શેડો ફ્લીટ' (પ્રતિબંધ છતાં તેલ પહોંચાડતા જહાજો) સામે પણ કડક કાર્યવાહી કરવાની મંજૂરી આપે છે. આ ઉપરાંત, ઈરાન પરના પ્રતિબંધોને પણ આગામી પાંચ વર્ષ માટે લંબાવી દેવામાં આવ્યા છે.

ટ્રમ્પ પ્રશાસનનું માનવું છે કે યુક્રેન યુદ્ધ રોકવા માટે રશિયાની આવકના મુખ્ય સ્ત્રોત સમાન ઊર્જા વેપારને ડામવો જરૂરી છે. આથી રશિયા પાસેથી તેલ ખરીદીને તેને આર્થિક બળ પૂરું પાડતા દેશો પર દબાણ લાવવા માટે આ ૧૦૦ ટકા ટેરિફની જોગવાઈ ઉમેરવામાં આવી છે. જો ટ્રમ્પ આ સત્તાનો ઉપયોગ કરે, તો ભારત અને ચીનમાંથી અમેરિકા નિકાસ થતી ચીજવસ્તુઓ પર ૧૦૦ ટકા ટેક્સ લાગી શકે છે, જે બંને દેશોના અર્થતંત્ર માટે મોટો ફટકો સાબિત થઈ શકે.



અમેરિકી સંસદમાં આ બિલ પસાર થતાં જ ભારતે આ અંગે પોતાનો ઉગ્ર વિરોધ અને ચિંતા દર્શાવી હતી. ભારતે અમેરિકી પ્રશાસનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે આ પ્રકારના આકરા પગલાંથી ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષીય સંબંધો તેમજ ભારતની રાષ્ટ્રીય ઊર્જા સુરક્ષા અને વેપાર હિતો પર ગંભીર અસર પડી શકે છે.

ભારતે જણાવ્યું હતું કે આ અંગે અમેરિકા સાથે ઉચ્ચ સ્તરે ચર્ચા થઈ ચૂકી છે. બીજી તરફ, રશિયાએ કહ્યું છે કે વધુ પ્રતિબંધોથી શાંતિ મંત્રણા ખોરવાઈ જશે, જ્યારે ચીને અમેરિકાની આ નીતિને બીજા દેશોની સ્વાયત્તતા પર તરાપ ગણાવીને ફગાવી દીધી છે.

## ટ્રમ્પે વ્હાઈટ હાઉસમાં ૩ મોટા ન્યૂઝ નેટવર્ક પર મુક્યો પ્રતિબંધ

### ટ્રમ્પની નીતિની આકરી ઝાટકણી કાઢતા સીએનએન, એમએસ નાઉ અને પોલિટિકોને હવે વ્હાઈટ હાઉસમાં પ્રવેશ નહિ મળે

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે શુક્રવારે વ્હાઈટ હાઉસમાંથી ૩ અગ્રણી મીડિયા સંસ્થાઓ - સીએનએન, એમએસ નાઉ અને પોલિટિકો પર પ્રતિબંધ મૂકવાની જાહેરાત કરી છે. સોશિયલ મીડિયા પર કરવામાં આવેલી પોસ્ટમાં ટ્રમ્પે આ મીડિયા હાઉસના કવરેજને પ્રતિકૂળ અને 'ફેક ન્યૂઝ' ગણાવીને તાત્કાલિક અસરથી તેમના પર પ્રતિબંધ મૂકવાની વાત કહી હતી. તેમણે વધુમાં ધમકી આપી હતી કે ભવિષ્યમાં આવા અન્ય મીડિયા આઉટલેટ્સ સામે પણ સમાન કાર્યવાહી કરવામાં આવી શકે છે. જોકે, શુક્રવાર સાંજ સુધી આ મીડિયા સંસ્થાઓના પત્રકારો વ્હાઈટ હાઉસ સંકુલમાં હાજર જોવા મળ્યા હતા અને પ્રતિબંધનો અમલ કેવી રીતે થશે તે અંગે કોઈ વિગતો આપવામાં આવી ન હતી. ટ્રમ્પના આ નિર્ણયની મીડિયા સંગઠનો અને પ્રેસ ફ્રીડમ ગ્રુપ્સ દ્વારા આકરી ટીકા કરવામાં આવી રહી છે. સીએનએન અને પોલિટીકો એ આ પગલાને વખોડતા જણાવ્યું હતું કે આ અમેરિકી બંધારણના ફર્સ્ટ એમેન્ડમેન્ટ હેઠળ મળેલા અધિકારો પર સીધો હુમલો છે અને તેઓ આ ગેરકાયદેસર હુમલા સામે પોતાના અધિકારોનું રક્ષણ કરશે. નેશનલ પ્રેસ ક્લબ, પેન અમેરિકા અને ફ્રીડમ ઓફ ધ પ્રેસ ફાઉન્ડેશન જેવા સંગઠનોએ આ પગલાને રાષ્ટ્રપતિ સત્તાના દુરુપયોગ અને લોકો સુધી સાચી માહિતી પહોંચાડતા પ્રેસના અવાજને દબાવવાનો પ્રયાસ ગણાવ્યો છે.

## છેલ્લા ૨૦ વર્ષમાં સૌથી ઓછુ ઉત્પાદન થવાની દહેશત

# હવે 'ચોખા' ચિંતા વધારશેઃ ઉત્પાદન ૧ કરોડ ટન ઘટવાની ભીતિ

## ઓછા વરસાદના કારણે વાવેતર ઘટયું જેના કારણે ગત વર્ષની સરખામણીએ ઉત્પાદનમાં ૬.૫ ટકાનો ઘટાડો આવશે

### ગત વર્ષ રેકોર્ડબ્રેક ૧૫૪ મિલિયન ટન ચોખાનું ઉત્પાદન થયું હતુ



**અબતક, રાજકોટ**

દેશના અનેક વિસ્તારોમાં અપૂરતા વરસાદના કારણે કૃષિ ઉત્પાદનમાં મોટાપાયે ઘટાડો થવાની દહેશત ઉભી થવા પામી છે. વરસાદની ઘટના કારણે આ વર્ષ ચોખાના ઉત્પાદનમાં ૧ કરોડ ટન ઉત્પાદનમાં ઘટાડો થવાની દહેશત દેખાય રહી છે. જોકે ગત વર્ષ ચોખાનું માતબર ઉત્પાદન થવાના કારણે પૂરતો બફર સ્ટોક હોવાનો દાવો સરકાર દ્વારા કરવામાં આવી રહ્યો છે.

અપૂરતા વરસાદના કારણે આ વર્ષે દેશમાં છેલ્લા ૨૦ વર્ષમાં ચોખાનું સૌથી ઓછુ ઉત્પાદન થવાની દહેશત વ્યકત કરવામાં આવી છે. વર્ષ ૨૦૦૯-૨૦૧૦માં અલનીનોની વ્યાપક અસરના કારણે ચોખાના વાવેતર અને ઉત્પાદનમાં મોટાપાયે ઘટાડો જોવા મળ્યો હતો. આ વર્ષ છેલ્લા ૨૦ વર્ષ દરમિયાન ચોખાનું સૌથી ઓછુ ઉત્પાદન થવાની ધારણા છે. ગત વર્ષની સરખામણીએ ચોખાના ઉત્પાદનમાં ૬.૫ ટકાનો ઘટાડો થવાની ધારણા છે. બીજા શબ્દોમાં

(અનુ. આઠમા પાને)

## ખાંડના છૂટક ભાવમાં ૧૦ ટકાથી વધુનો ઘટાડો, સરકારે સ્ટોક લિમિટમાં પણ આપી રાહત

### સરકારે જથ્થાબંધ વપરાશકારો માટે ખાંડની સ્ટોક લિમિટ ૧૫ દિવસથી વધારીને ૩૦ દિવસ કરી

તહેવારોની સિઝન નજીક આવતા કેન્દ્ર સરકારે શુક્રવારે જથ્થાબંધ ખાંડ વપરાશકારો માટે સ્ટોક લિમિટમાં રાહત આપી છે. છેલ્લા ૩ અઠવાડિયામાં ખાંડના છૂટક ભાવમાં લગભગ ૧૦% નો ઘટાડો થતાં સરકારે વપરાશકારોને હાલના ૧૫ દિવસની જગ્યાએ ૩૦ દિવસ સુધીનો ખાંડનો સ્ટોક રાખવાની મંજૂરી આપી છે.

આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ખાંડનો છૂટક ભાવ ૬૫ રૂપિયા પ્રતિ કિલોથી ઘટીને ૫૮.૫ રૂપિયા પ્રતિ કિલો થઈ ગયો છે. બીજી તરફ, આગામી તહેવારોની સિઝનમાં ખાંડની માંગમાં વધારો થવાની ધારણા છે. જોકે, ફૂડ વિભાગે ઉદ્યોગ જગતને ધ્યાન દોર્યું છે કે એક્સ-મિલ ભાવમાં થયેલા મોટા ઘટાડાની સરખામણીમાં છૂટક ભાવમાં તેટલો ઘટાડો જોવા મળ્યો નથી.

વિભાગે નોંધ્યું છે કે એક્સ-મિલ ખાંડના ભાવમાં લગભગ ૨૫% નો ઘટાડો થયો છે, પરંતુ સપ્લાય ચેન મારફતે ગ્રાહકોને આ ઘટાડાનો પૂરો લાભ આપવામાં આવ્યો નથી.

તેથી, સરકારે જથ્થાબંધ વેપારીઓ, છૂટક વેપારીઓ અને અન્ય વ્યાપારીઓને તાત્કાલિક ભાવ ઘટાડાનો લાભ ગ્રાહકો સુધી પહોંચાડવા વિનંતી કરી છે. જથ્થાબંધ વપરાશકારોમાં મોટી કન્ફેક્શનરી કંપનીઓ, બિસ્કિટ ઉત્પાદકો, સોફ્ટ ડ્રિંક અને બેવરેજ કંપનીઓ, તેમજ મીઠાઈના વિક્રેતાઓનો સમાવેશ થાય છે.

હાલમાં, મહિનામાં ૧૦ ટનથી વધુ ખાંડનો કાચા માલ તરીકે ઉપયોગ કરતા ઔદ્યોગિક વપરાશકારોને ૧૫ દિવસના વપરાશ જેટલો સ્ટોક રાખવાની છૂટ છે. હવે આ લિમિટ બમણી કરીને ૩૦ દિવસ કરવામાં આવી છે, પરંતુ એક શરત સાથે. અગાઉની ૧૫ દિવસની લિમિટથી વધુ રખાતો કોઈપણ સ્ટોક ટેરિફ રેટ ક્વોટા અથવા એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કીમ હેઠળ આયાત કરેલી ખાંડમાંથી હોવો જોઈએ. ઘરેલુ ખુલ્લા બજારમાંથી મેળવેલી ખાંડ માટે ૧૫ દિવસના વપરાશની મર્યાદા ચાલુ રહેશે.

સરકારે ટેરિફ રેટ ક્વોટા હેઠળ ૧૦ લાખ ટન ખાંડની આયાત કરવાની મંજૂરી આપી છે અને એડવાન્સ ઓથોરાઈઝેશન સ્કીમ હેઠળ મેળવેલી નિકાસ-લક્ષી ખાંડના ઘરેલુ વેચાણને પણ છૂટ આપી છે.

આ ઉપરાંત, સરકારે જથ્થાબંધ વપરાશકારો માટે દર શુક્રવારે ફૂડ વિભાગના ઓનલાઈન પોર્ટલ પર તેમના ખાંડના સ્ટોકની માહિતી જાહેર કરવી ફરજિયાત બનાવી દીધી છે.

# ૪ વર્ષથી નાના બાળકો માટે કફ સિરપનો વપરાશ બંધ કરાવવા બોટલમાં લાલ રંગમાં ચેતવણી અપાશે

## કફ સિરપના ઉપયોગ અંગે નિષ્ણાંતો દ્વારા ચિંતા વ્યક્ત કરવામાં આવતા ડ્રગ રેગ્યુલેટર દ્વારા લેબલિંગના નિયમોમાં મોટા ફેરફારની તૈયારી



**અબતક, નવી દિલ્હી**

ભારતના ડ્રગ રેગ્યુલેટર દ્વારા કફ સીરપના લેબલિંગમાં ફરજિયાત ફેરફારો કરવા પર વિચારણા કરવામાં આવી રહી છે. આ પ્રસ્તાવ મુજબ, ૪ વર્ષથી ઓછી ઉંમરના બાળકોમાં કફ સીરપના ઉપયોગને નિરુત્સાહિત કરવા માટે બોટલ પર લાલ રંગમાં ચેતવણી આપવામાં આવશે. આ ઉપરાંત, બોટલના લેબલ પર શાળાએ જતા બાળકોનું ચિત્ર પણ મુકવાનો પ્રસ્તાવ છે, જેથી એ સ્પષ્ટ કરી શકાય કે આ દવા મોટા બાળકો માટે છે અને નાના શિશુઓ કે ભૂલકાઓ માટે નથી.

અગાઉ ઓક્ટોબર ૨૦૨૫ માં ડિરેક્ટોરેટ જનરલ ઓફ હેલ્થ સર્વિસિસ દ્વારા એક એડવાઈઝરી બહાર પાડવામાં આવી હતી. આ એડવાઈઝરીમાં સ્પષ્ટપણે જણાવાયું હતું કે ૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકોને કફ અને શરદીની દવાઓ આપવી જોઈએ નહીં. તેમ છતાં, ૨ વર્ષથી નાના બાળકોને આ દવાઓ આપવાનું ચાલુ હોવાની ફરિયાદો મળ્યા બાદ આ નવો નિર્ણય લેવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, ડ્રગ્સ રૂલ્સ, ૧૯૪૫ ના રૂલ ૯૬ માં સુધારો કરવા માટેનો આ પ્રસ્તાવ ડ્રગ્સ કન્સલ્ટેટિવ કમિટી સમક્ષ વિચારણા માટે મૂકવામાં આવ્યો છે. આ પ્રસ્તાવ મંજૂર થયા બાદ કફ સીરપની બોટલ પર સ્પષ્ટ લાલ અક્ષરોમાં લખાશે કે "વોર્નિંગ, કફ સીરપ શૂડ નોટ બી યુઝ્ડ ઈન ચિલ્ડ્રન બિલો ૪ યર ઓફ એજ". આ ચેતવણી બોટલ પર મુખ્ય રીતે

(અનુ. આઠમા પાને)

# એફએસએસએઆઈ દ્વારા દેશભરમાં એનાલોગ પનીર પર પ્રતિબંધ મૂકવાની વિચારણા

## ગુજરાત, મહારાષ્ટ્ર અને કર્ણાટક સહિત ૮ રાજ્યોમાં પહેલેથી જ પ્રતિબંધઃ ફૂડ સેફ્ટીના ભંગ બદલ ૧ લાખથી વધુ નોટિસ અને ૩૩ હજાર કેસ નોંધાયાં


**અબતક, રાજકોટ**

ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયા દેશભરમાં 'એનાલોગ પનીર' એટલે કે વનસ્પતિ તેલ અને મિલ્ક સબ્સ્ટીટ્યુટમાંથી બનતા પનીર પર રાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધ મૂકવાની તૈયારી કરી રહી છે. ગ્રાહકોને અસલી પનીરના નામે નોન-ડેરી પ્રોડક્ટ ન પીરસાય તે માટે ગુરુવારે તમામ રાજ્યો સાથે ચર્ચા કરીને આ અંગે આખરી નિર્ણય લેવામાં આવશે. આ સમાચારની સંપૂર્ણ વિગત નીચે મુજબ છે

સામાન્ય રીતે પનીર માત્ર દૂધ અથવા દૂધના સોલિડ્સ અને સાઈટ્રિક એસિડ કે મીઠાથી જ બનાવવામાં આવે છે. પરંતુ એનાલોગ પનીર એ એક નોન-ડેરી સબ્સ્ટીટ્યુટ છે, જેમાં દૂધની ચરબી (મિલ્ક ફેટ) ની જગ્યાએ વેજિટેબલ ઓઈલ, વેજિટેબલ ફેટ, સ્ટાર્ચ, ઈમલ્સિફાયર અને પ્રોટીનનો ઉપયોગ કરીને બનાવવામાં આવે છે. આ પ્રોડક્ટ દેખાવમાં અને વાનગીઓ જેવી કે પાલક પનીર, પનીર ટીક્કા કે બટર મસાલામાં અસલી પનીર જેવી જ લાગે છે, પરંતુ તે ટ્રેડિશનલ ડેરી પનીર નથી.

આ મુદ્દો ત્યારે ચર્ચામાં આવ્યો જ્યારે ગયા વર્ષે સોશિયલ મીડિયા પર મુંબઈની એક રેસ્ટોરન્ટમાં 'ફેક પનીર' પીરસવામાં આવતું હોવાની પોસ્ટ વાયરલ થઈ હતી. એફએસએસએઆઈ માટે ચિંતાની

(અનુ. આઠમા પાને)





# ફળકથન — સાપ્તાહિક રાશિ ભવિષ્ય

પં.ડો. હિતેષ એ. મોઢા
મો.૯૮૭૯૪૯૯૩૦૭

### મેષ — અ,લ,ઈ

સરકારી શૈક્ષણિક સંસ્થાના જાતક તેમજ ખાનગી તથા ટ્રસ્ટની શૈક્ષણિક સંસ્થાઓ, શાળા-વિદ્યાલય, કોલેજ સાથે જોડાયેલ તમામ શ્રેણીના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ નીવડશે તેવી પૂરી શક્યતા. સીએ તથા મહેતાજી, ખાનગી ફાઈનાન્સ કન્સલ્ટન્ટ માટે આ સપ્તાહ સરેરાશ રહેશે, સાથે અવૈધ ટાસ્કથી સંભાળવું. ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહે અણધાર્યા લાભ મળવાની પૂર્ણ સંભાવના. વ્યાપારિક એકમના જાતક તથા સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ ભારે વ્યસ્ત તથા સાનુકૂળ જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ રહેશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અતિ વ્યસ્ત નીવડશે. પરિવારજનો સાથે સંભાળીને રહેવું. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૫ તથા ૨૬ સપ્ટેમ્બર અતિ સામાન્ય જણાશે. (પન્નોતિનો ઉપાય, ન્યાયિક માર્ગ)

### વૃષભ — બ,વ,ઉ

સ્વગૃહી શનિ એવમ ઉચ્ચસ્થ શનિ વાળા જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. આ સપ્તાહે ધંધા-વ્યવસાયમાં અણધાર્યા લાભ થાય તેવી સંભાવના અને સંયોગ. યાર્ન, કપાસ, ડાઈંગ છાપકામ, ફેબ્રીક, રેડીમેડ ગારમેન્ટ તથા ફેશન રિલેટેડ તમામ કદના ઔદ્યોગિક એકમ તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ ભારે વ્યસ્ત નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ધાર્મિક લોકો, મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૬, ૨૭ સપ્ટેમ્બર સરેરાશ નીવડશે.

### મિથુન — ક,છ,ઘ

આ સપ્તાહે સ્થળાંતર થઈ શકે તેવી પૂર્ણ સંભાવના અને સંયોગ. ધંધા-ઉદ્યોગ હેતુ લાંબા પ્રવાસ થઈ શકે તેવી શક્યતા. શેર/વાયદા બજારના જાતક માટે આ સપ્તાહ અત્યધિક પ્રતિકૂળ અથવા સાવ સરેરાશ નીવડશે તેવી પૂરી શક્યતા. તમામ પ્રકારના, તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ અતિ લાભદાયક નીવડશે. વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ ભારે વ્યસ્ત એવમ દોડધામવાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. આ સપ્તાહે વણસી ગયેલા સંબંધોમાં સુધારો આવવાની પૂર્ણ સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. કેવળ ૨૧ તથા ૨૨ સપ્ટેમ્બર સાવ સાધારણ નીવડશે.

### કર્ક — ડ,હ

વેસ્ટ પેપર, ડિસ્પોઝેબલ વેર્સ, પેકેજિંગ મટિરિયલ્સ એવમ ઈ-કોમર્સ પેકેજિંગ મટિરિયલના ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારી નીવડશે. હેવી મશીનરીઝ રિલેટેડ ઔદ્યોગિક એવમ ધંધાના જાતક તથા ડ્રાઈવર્સ સમેત ટ્રાન્સપોર્ટેશન એકમના જાતક માટે આ સપ્તાહ ભારે દોડધામવાળું જોવા મળશે તેવી સંભાવના. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક તેમજ મોટા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહે અણધાર્યો લાભ મળવાની પૂરી શક્યતા. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ લાભકારી અને દોડધામ વાળું રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી વર્ગ માટે આ સપ્તાહ પણ સાનુકૂળ રહેશે. ૨૩ સપ્ટેમ્બર સરેરાશ રહેશે.

### સિંહ — મ,ટ

રિયલ્ટી એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. જમીન-મકાનમાં ટૂંકા ગાળા માટે આ સપ્તાહે કરેલ રોકાણ લાભદાયી નીવડશે. કૃષિ એવમ કૃષિ ઉત્પાદ એકમના જાતક માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે તથા ગ્રેઈન એન્ડ ગ્રોસરીઝના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત એવમ સાનુકૂળ જણાશે. છૂટક વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયી નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. નિવૃત્ત, મહિલા કર્મી, ગૃહિણી તથા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૬ સપ્ટેમ્બર સરેરાશ નીવડશે.

### કન્યા — પ,ઠ,ણ

ઉચ્ચસ્થ એવમ સ્વગૃહી મંગળ તથા ઉચ્ચસ્થ સૂર્ય-મંગળ વાળા જાતકો માટે આ સપ્તાહ બહુ લાભદાયક નીવડશે. તમામ પ્રણાલીના ચિકિત્સક, પેથોલોજીસ્ટ, ફાર્માસિસ્ટ અને હોસ્પિટલ મેનેજમેન્ટ સંબંધિત તમામ જાતક માટે આ સપ્તાહ હળવું લાભકારી નીવડશે. તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ દોડધામ વાળું નીવડશે. વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ પણ આંશિક લાભકારી જણાશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ મધ્યમ નીવડશે. વણસેલા સંબંધ સુધરશે તેવી શક્યતા. મિત્ર, સ્નેહી તરફથી હળવા સાથ-સહકાર મળે તેવી સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી તથા નિવૃત્ત માટે આ સપ્તાહ પણ લાભકારી નીવડશે. ૨૨ સપ્ટેમ્બર મધ્યમ રહેશે.

### તુલા — ર,ત

આ સપ્તાહ દરમિયાન જેટલી આવક થશે એટલી જ જાવક થાય તેવી પૂર્ણ સંભાવના. આથી, સમજી વિચારીને નિર્ણય લઈ વહીવટ, વ્યવહાર તથા ખર્ચા કરવા. આયાત-નિકાસના એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભકારક નીવડશે. તમામ પ્રકારના મોટા ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સંઘર્ષપૂર્ણ નીવડશે તથા છૂટક વ્યાપારિક એકમના જાતક સમેત તમામ પ્રકારના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ મધ્યમ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ અર્ધ-પ્રતિકૂળ નીવડશે. પરિવારજનો તથા મિત્ર સાથે સુમેળ સર્જાઈ શકે તેવી શક્યતા. આ સપ્તાહે લાંબા પ્રવાસ થાય તેવી સંભાવના. વિદ્યાર્થી, મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત માટે આ સપ્તાહ નિરુદ્વેગપૂર્ણ નીવડશે. ૨૧ તથા ૨૨ સપ્ટેમ્બર સાધારણ જણાશે.

### વૃશ્ચિક — ન,ય

આ સપ્તાહ દરમિયાન ઉદ્યોગ, ધંધા, વ્યવસાયમાં અણધાર્યા અત્યધિક લાભ થવાની પૂર્ણ સંભાવનાઓ છે. ફ્રીલાન્સ આર્ટિસ્ટ માટે આ સપ્તાહ બહુ લાભદાયી નીવડશે. પ્રોફેશનલ સર્વિસ બિઝનેસ ધરાવતા જાતક માટે આ સપ્તાહ હળવું મધ્યમ નીવડશે તેવી સંભાવના. શેરબજાર તથા રિયલ્ટી ક્ષેત્રના જાતક માટે આ સપ્તાહ હળવું સાનુકૂળ અથવા સરેરાશ નીવડશે. મોટા ઔદ્યોગિક એકમથી લઈને નાના, કુટિર ઔદ્યોગિક એકમના જાતક તથા તમામ પ્રકારના વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક તથા દોડધામ વાળું નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. મહિલા કર્મી, ગૃહિણી, નિવૃત્ત, ઉચ્ચ અભ્યાસ કરતા વિદ્યાર્થી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૬ સપ્ટેમ્બર મધ્યમ જણાશે.

### ધન — ભ,ફ,ધ,ઢ

ઉચ્ચસ્થ એવમ સ્વગૃહી સૂર્ય વાળા જાતક માટે આ સપ્તાહે અણધાર્યો લાભ થશે તેવી પૂર્ણ સંભાવના. તેમજ આ સપ્તાહે ધંધાકીય કામકાજમાં અતિશય વધારો થવાની સંભાવના છે. વ્યવસાયિક કલા તથા કન્સલ્ટન્સી ફર્મના જાતક માટે આ સપ્તાહ બહુ લાભકારક નીવડશે. તમામ કદના, તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક એવમ વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ લાભદાયક નીવડશે. પરિશ્રમી વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ભારે વ્યસ્ત તેમજ લાભદાયક નીવડશે. વિદ્યાર્થી, નિવૃત્ત, મહિલા કર્મી તથા ગૃહિણી માટે આ સપ્તાહ આંશિક લાભદાયક નીવડશે. ૨૩ સપ્ટેમ્બર મધ્યમ નીવડશે.

### મકર — ખ,જ

આયુર્વેદના શિક્ષિત વૈદ્ય, આયુર્વેદિક ફાર્મસી, આયુર્વેદ સંબંધિત તમામ ઔષધ નિર્માણ એકમના જાતક, ઔષધ વિક્રેતા સાથે જોડાયેલ તમામ જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. પબ્લિક ટ્રાન્સપોર્ટેશન, ટ્રાવેલ્સ તથા હોટેલ બુકિંગ એકમ સાથેના તમામ જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય તમામ પ્રકારના ઔદ્યોગિક એકમના જાતક તથા વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ સરેરાશ તથા સાનુકૂળ નીવડશે. સરકારી ક્ષેત્રના કર્મચારી તેમજ ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ ભારે વ્યસ્ત પરંતુ સાનુકૂળ નીવડશે. પરિવારજનો તથા મિત્ર સાથે સુમેળ અકબંધ રહેશે. વિદ્યાર્થી, નિવૃત્ત, ગૃહિણી, મહિલા કર્મી માટે આ સપ્તાહ પણ સાનુકૂળ નીવડશે. ૨૨ સપ્ટેમ્બર મધ્યમ રહેશે.

### કુંભ — ગ,શ,ષ

તમામ પ્રકારના સર્વિસ બિઝનેસના જાતક માટે આ સપ્તાહ અત્યધિક લાભદાયક નીવડશે તેવી પૂર્ણ સંભાવના. બનાવટી આભૂષણ, શૃંગાર અને ફેશન સંબંધિત તમામ નાના-મોટા ઔદ્યોગિક, વ્યાપારિક અને વ્યાવસાયિક એકમના જાતક માટે આ સપ્તાહ હળવું પ્રતિકૂળ અથવા સરેરાશ એવમ અતિ વ્યસ્ત નીવડશે તેવી પૂરી શક્યતા. આ સિવાયના, અન્ય તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ સાનુકૂળ એવમ સાથે અતિ વ્યસ્ત નીવડશે. વ્યાપારિક એકમના જાતક માટે આ સપ્તાહ ભારે દોડધામવાળું તથા વ્યસ્ત જણાશે. ખાનગી ક્ષેત્રના કર્મચારી તેમજ સરકારી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ મધ્યમ અથવા યથાવત નીવડશે. મહિલા કર્મી, નિવૃત્ત, ગૃહિણી, વિદ્યાર્થી માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. ૨૦ તથા ૨૧ સપ્ટેમ્બર સાવ સરેરાશ નીવડશે. (પન્નોતિનો ઉપાય, શ્રમદાન.)

### મીન — દ,ચ,ઝ,થ

અલ્પાહાર કે ભોજન સંબંધિત તમામ હોટેલ, રેસ્ટોરાં, ઢાબા તથા ફૂડ પાર્લર જેવા તમામ એકમના જાતક માટે આ સપ્તાહ પણ હળવું હળવું પ્રતિકૂળ અથવા સાવ સામાન્ય નીવડશે તેવી પૂર્ણ સંભાવના. એવમ ડેરી ઉત્પાદ, ફરસાણ, મિષ્ઠાન ઉત્પાદ એકમના જાતક માટે આ સપ્તાહ હળવું લાભદાયક નીવડશે. આ સિવાયના, અન્ય તમામ કદના ઔદ્યોગિક એકમના જાતક માટે આ સપ્તાહ વ્યસ્ત તથા હળવું લાભકારી નીવડશે. જથ્થાબંધ વ્યાપારિક એકમના જાતકો માટે આ સપ્તાહ વ્યસ્ત તથા ચડાવ-ઉતાર વાળું પણ લાભકારી જણાશે. છૂટક વ્યાપારિક એકમના જાતક માટે લાભકારક સપ્તાહ. સરકારી ક્ષેત્રના કર્મચારી તથા ખાનગી ક્ષેત્રના કર્મચારી માટે આ સપ્તાહ પણ સામાન્ય અથવા પ્રતિકૂળ નીવડે તેવી પૂરી શક્યતા. વિદ્યાર્થી, નિવૃત્ત તથા ગૃહિણી માટે આ સપ્તાહ સાનુકૂળ નીવડશે. ૨૩ સપ્ટેમ્બર સામાન્ય રહેશે. (પન્નોતિનો ઉપાય, દાન + અભ્યંગ સ્નાન)

---

## બ્લડ પ્રેશરને હળવાશથી ન લો, નહીં તો મગજ કરી શકે 'બ્રેકડાઉન' !

# સ્ટ્રોક આવે ત્યારે સમય નહીં આપે તક: 'મિનિટો' સામેની જિંદગીની લડાઈ

**બ્રેઈન સ્ટ્રોકનું મુખ્ય કારણ મગજ સુધી લોહી પહોંચાડતી નળીમાં લોહીનો ગઠ્ઠો થવાથી નળી બંધ થવી કે મગજની નળી ફાટી જવાથી રક્તસ્રાવ થવો છે: હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, વધેલું કોલેસ્ટ્રોલ, હૃદયની કેટલીક બીમારીઓ, ધૂમ્રપાન, સ્થૂળતા અને શારીરિક નિષ્ક્રિયતા જેવા પરિબળો જોખમ વધારે છે**

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

આધુનિક અને તણાવપૂર્ણ જીવનશૈલી બ્રેઈન સ્ટ્રોક (મગજના લકવા)ના જોખમમાં સીધો અને મોટો વધારો કરે છે. શારીરિક શ્રમનો અભાવ, કલાકો સુધી બેઠાડુ કામ કરવું, પ્રોસેસ્ડ અને વધુ પડતા મીઠા-ચરબીયુક્ત જંક ફૂડનું સેવન, અને ધૂમ્રપાન કે દારૂ જેવા વ્યસનો શરીરમાં હાઈ બ્લડ પ્રેશર, કોલેસ્ટ્રોલ અને ડાયાબિટીસ જેવી સમસ્યાઓ નોતરે છે. આ પરિબળો મગજ સુધી લોહી પહોંચાડતી ધમનીઓને કડક અથવા અંદરથી સાંકડી બનાવી દે છે. આ ઉપરાંત, સતત માનસિક તણાવ, અસંતુલિત દિનચર્યા અને અપૂરતી ઊંઘ લોહીનું દબાણ અચાનક વધારીને મગજની નસમાં લોહીનો ગંઠો જામી જવા કે નસ ફાટી જવા માટે જવાબદાર બને છે, તેથી જ યોગ્ય આહાર, રોજિંદી કસરત અને તણાવમુક્ત જીવન અપનાવીને બ્રેઈન સ્ટ્રોકના મોટાભાગના કિસ્સાઓથી બચી શકાય છે.

આજના યુગમાં આપણે બદલાયેલી જીવનશૈલીને કારણે ઘણી બધી મેડિકલ સમસ્યાઓ આપણે ભોગવી રહ્યા છીએ, ખાસ ચિંતાનો વિષય એ છે કે યુવા વર્ગમાં પણ હાર્ટ એટેક જેવી સમસ્યાઓ વધી રહી છે. આજે તો હવા પાણી અને ખોરાક જેવી મહત્વની વસ્તુઓ પણ ચોખ્ખી મળતી નથી ત્યારે તેને કારણે પણ રોગો વધી રહ્યા છે. ગુજરાતમાં પેરાલીસીસ - બ્રેઈન સ્ટ્રોકના કેસ ખૂબ જ વધી રહ્યા છે. ૨૦૨૫ માં ગુજરાતમાં ૧૦૮ ઈમરજન્સી સેવાએ કુલ ૧૩,૮૮૦ સ્ટ્રોકના દર્દીઓને હોસ્પિટલ ખસેડ્યા છે, જે ગત વર્ષ કરતા ૮% વધારે છે, રોજના સરેરાશ ૩૮ ઈમરજન્સી કેસ જોવા મળી રહ્યા છે. રાજ્યમાં દરરોજ અંદાજિત ૨૪૦ લોકો બ્રેઈન સ્ટ્રોકનો શિકાર બની રહ્યા છે, સર્વે રિપોર્ટ મુજબ આ આંકડો ૬૦૦ પ્રતિ દિવસ સુધી નોંધાયો છે, જેમાં લગભગ ૨૦% કેસ ૪૫ વર્ષથી ઓછી ઉંમરના લોકોમાં છે. ગ્લોબલ બર્ડન ઓફ ડિસીઝ સ્ટડી મુજબ વૈશ્વિક સ્તરે લગભગ ૩૦% સ્ટ્રોકનું જોખમ વાયુ પ્રદૂષણને કારણે થઈ શકે છે.

બ્રેઈન સ્ટ્રોકના લક્ષણોમાં એક બાજુ મોઢું વાંકું થવું, હાથ-પગમાં નબળાઈ, બોલવામાં તકલીફ, અચાનક દૃષ્ટિ ધૂંધળી થવી, ચક્કર આવવા અથવા સંતુલન ગુમાવવું કે અચાનક તીવ્ર માથાનો દુખાવો થાય ત્યારે તરત ૧૦૮ ને કોલ કરો અને સમય નોંધી લો, કારણ કે સારવાર માટે આ સમય ખૂબ જ મહત્વનો




છે. ૧૦૮ આવે ત્યાં સુધી દર્દીને હલાવવા-ઢસડવા નહીં, સીધા સપાટ સુવડાવી માથું થોડું ઊંચું રાખો, કપડાં ઢીલા કરો અને જો બેભાન હોય કે ઉલટી થતી હોય તો એક પડખે સુવડાવો જેથી શ્વાસ રૂંધાય નહીં. દર્દીને કંઈ પણ ખાવા-પીવા ન આપવું, પાણી કે દવા પણ નહીં, અને પોતે ડોક્ટરની સલાહ વગર એસ્પિરિન જેવી દવા આપવી નહીં. દર્દીને શાંત રાખો, બ્લડપ્રેશર કે સુગર હોય તો માહિતી તૈયાર રાખો અને એમ્બ્યુલન્સ આવે ત્યારે લક્ષણો ક્યારે શરૂ થયા તે ચોક્કસ જણાવો.

ICMR ના નેશનલ સ્ટ્રોક રજિસ્ટ્રી પ્રોગ્રામે દેશની ૩૦ હોસ્પિટલમાં ૨૦૨૦-૨૦૨૨ વચ્ચે ૩૪,૭૯૨ કેસનું વિશ્લેષણ કર્યું, જેમાં સરેરાશ ઉંમર ૫૯ વર્ષ હતી પણ ૧૩.૮% દર્દીઓ ૪૫ વર્ષથી નાના હતા. બીજા અંદાજ મુજબ હવે ભારતમાં ૧૫-૨૦% સ્ટ્રોકના દર્દીઓ ૪૫ વર્ષથી નીચેના છે. પહેલા ૬૦-૭૦ વર્ષના લોકોમાં સ્ટ્રોક વધુ હતો, હવે ૩૦ થી ૪૦ વર્ષના યુવાનોમાં પ્રમાણ વધ્યું છે, જેનું કારણ નિષ્ણાતો પ્રદૂષણ અને વ્યસનને ગણાવે છે. ક્લાસિક રિસ્ક ફેક્ટર જે યુવાનોમાં વહેલા આવી ગયા છે, હાઈ બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, સ્થૂળતા, ધૂમ્રપાન, બેઠાડું જીવન, અનિયમિત ઊંઘ, ક્રોનિક સ્ટ્રેસ. AIIMS ના ૨૬૦ દર્દીઓના સ્ટડીમાં ૬૫% માં હાઈપરટેન્શન હતું અને હવે આ પ્રમાણ વધુ વધી રહ્યું છે. બીજું વાયુ પ્રદૂષણ જેવું પર્યાવરણીય ટ્રિગર પણ જવાબદાર છે.

ગુજરાતના સંદર્ભમાં રાજકોટ, અમદાવાદ, વડોદરા જેવા શહેરોમાં PM2.5 ઘણીવાર WHOની સુરક્ષિત મર્યાદા ૧૫ ¼g/m³ કરતા ૪-૫ ગણું વધારે રહે છે. યુવાનો બહાર વધુ સમય વિતાવે છે, બાઈક પર પ્રદૂષણમાં શ્વાસ લે છે, તેથી તેમના માટે જોખમ વધુ છે.

૬૫ વર્ષથી નીચેના લોકોમાં PM10 અને NO2 ના સંપર્કથી ઈમરજન્સી સ્ટ્રોક એડમિશનનું જોખમ વધુ જોવા મળ્યું છે.બચાવ માટે બ્લડ પ્રેશર, બ્લડ શુગર અને કોલેસ્ટ્રોલ નિયમિત તપાસમાં રાખવા, ધૂમ્રપાન-તમાકુ ટાળવા, મીઠું અને અતિચરબીયુક્ત ખોરાક ઓછો લેવો, નિયમિત કસરત કરવી, વજન નિયંત્રિત રાખવું અને હૃદયસંબંધિત બીમારી હોય તો ડોક્ટરની સલાહ મુજબ સારવાર લેવી જરૂરી છે, કારણ કે સ્ટ્રોકમાં દરેક મિનિટ મહત્વપૂર્ણ હોય છે.

### સ્ટ્રોકનાં લક્ષણો ઝડપથી ઓળખવા માટે F.A.S.T. યાદ રાખો

F - Face (ચહેરો) : વ્યક્તિને સ્મિત કરવા કહો; ચહેરાની એક બાજુ ઢળી જાય છે કે નહીં જુઓ.
A - Arms (હાથ) : બંને હાથ ઊંચા કરવા કહો; એક હાથ નબળો પડી નીચે ઢળી જાય છે કે નહીં જુઓ.
S - Speech (બોલી) : સરળ વાક્ય બોલવા કહો, બોલવામાં અસ્પષ્ટતા કે સમજવામાં મુશ્કેલી છે કે નહીં તપાસો.
T - Time (સમય) : આમાંથી કોઈપણ લક્ષણ જણાય તો તરત ઈમરજન્સી સેવા એમ્બ્યુલન્સને ફોન કરો અને લક્ષણો. શરૂ થયાનો સમય નોંધો. લક્ષણો થોડા સમય પછી જતાં રહે તો પણ. તાજેતરમાં B.E.F.A.S.T. પદ્ધતિમાં અચાનક સંતુલન ગુમાવવું અને દૃષ્ટિમાં ફેરફાર પણ ઉમેરવામાં આવ્યું છે.

---

## આવતીકાલનું રાશિફળ

**તા.૨૦.૯.૨૦૨૬ રવિવાર, સંવંત ૨૦૮૨, ભાદરવા સુદ નોમ, પૂર્વાષાઢા નક્ષત્ર, સૌભાગ્ય યોગ, કૌલવ કરણ આજે જન્મેલાંની ચંદ્ર રાશિ ધન (ધ,ભ,ફ,ઢ) રહેશે**

**મેષ (અ,લ,ઈ) :** સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય. સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.

**વૃષભ (બ,વ,ઉ) :** આર્થિક બાબતોમાં સારું રહે, અચાનક લાભ થવાના સંકેત છે. અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.

**મિથુન (ક,છ,ઘ) :** કાર્યસિદ્ધિ આપતો દિવસ, યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. સામાજિક રીતે તમારા અભિપ્રાયનું મૂલ્ય વધે.

**કર્ક (ડ,હ) :** આજના દિવસે વાદ વિવાદ થી દૂર રહેવું, તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું. સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુ:ખ થાય.

**સિંહ (મ,ટ) :** આજના દિવસે આકસ્મિત લાભ થાય,જુના મિત્રોને મળવાનું બને,મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.

**કન્યા (પ,ઠ,ણ) :** વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક, નોકરિયાતવર્ગને સારું રહે, વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.

**તુલા (ર,ત) :** આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય, ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.

**વૃશ્ચિક (ન,ય) :** અગાઉ ની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય,કાર્યને પૂર્ણ કરી શકો, પ્રગતિકારક દિવસ.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે,લોક્ચાહનામાં વૃદ્ધિ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મકર (ખ,જ) :** આજના દિવસે તબિયતની કાળજી લેવી, બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.

**કુંભ (ગ,સ,શ) :** પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મીન (દ,ચ,ઝ,થ) :** દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

## સેનાપતિ ૧૮ સપ્ટેમ્બરથી મંગળ કર્કમાં નીચસ્થ



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

ગ્રહોના સેનાપતિ, પરાક્રમ, સાહસ, શક્તિ, યુદ્ધ, ટેક્નોલોજી, જમીન, અગ્નિ અને ઝડપી નિર્ણયોના કારક મંગળ મહારાજ ૧૮ સપ્ટેમ્બર ૨૦૨૬થી કર્ક રાશિમાં પ્રવેશ કરશે.વૈદિક જ્યોતિષમાં કર્ક રાશિ મંગળની નીચ રાશિ માનવામાં આવે છે. એટલે મંગળની મૂળભૂત ઉર્જા,ઝડપ, આક્રમકતા, નિર્ણયક્ષમતા, સ્પર્ધા અને સીધી ક્રિયા- જ્યારે ચંદ્રની જળતત્ત્વ અને ભાવનાપ્રધાન રાશિ કર્કમાં આવે છે ત્યારે તેની અભિવ્યક્તિ સીધી રહેતી નથી.શક્તિ રહેશે, પરંતુ શક્તિનો ઉપયોગ કેવી રીતે થાય છે તે સૌથી મહત્વનું રહેશે.કર્ક રાશિએ ઘરની રાશિ છે માટે મંગળ આ રાશિમાં ઘરેલુ હિંસા અને ઘરેલુ જગડા તથા સબંધમાં આવેશ ગુસ્સો અને તેના દુષ્પરિણામ આવતા જોવા મળે.મંગળ રમત ગમે ક્ષેત્ર અને મેડિકલ ક્ષેત્ર દર્શાવે છે માટે ખેલજગતમાં વિવાદ થતા અને મેડિકલ ક્ષેત્રે કેટલાક ગોટાળા બહાર આવતા જોવા મળે વળી ભૂસ્ખલન અને ધરતી કંપનની ઘટનાઓ બનતી જોવા મળે તો મંગળ શરીર છે માટે આ સમયમાં શરીરને લગતી બાબતોમાં વિશેષ કાળજી રાખવી પડે અને અવૈધ સબંધોમાં ક્રાઈમનો પ્રવેશ થતો જોવા મળે. અન્ય દેશની આર્મીના ખરાબ મનસૂબા બહાર આવતા જોવા મળે અને આતંકી ગતિવિધિ વિશ્વમાં તેજ થતી જોવા મળે. આ સમયમાં તમારી ઉર્જા સકારાત્મક રીતે ઉપયોગમાં આવે અને તમે તેના સારા પરિણામ મેળવી શકો એ તમારી પ્રાથમિકતા હોવી જોઈએ મંગળ કર્કમાં ૧૨ નવેમ્બર સુધી રહેશે ત્યાં સુધી ગણેશ આરાધના અને ધ્યાન કરવા જોઈએ.!

---

## કાર્યક્રમોની યાદી — અબ તક CHANNEL

**તારીખ ૧૯-૦૯-૨૦૨૬ શનિવાર**
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (શું થયું?)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (જય વસાવડા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ગુલકંદ પુરણ પુરી)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડાયાબિટીસ શો)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (જૂઠું બોલો જલસા કરો)
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૦-૦૯-૨૦૨૬ રવિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૦:૩૦ સાપ્તાહિક રાશિ ભવિષ્ય (શાસ્ત્રી, રાકેશ મહારાજજી વ્યાસ)
૧૦:૩૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (વેન્ટિલેટર)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ખોયા કાજુ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદ: આજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.યોગેશ સેહગલ)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (મારી વાઈફ મેરી કોમ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડઅપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૨૧-૦૯-૨૦૨૬ સોમવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ રામકથા (પૂ મોરારીબાપુ)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

---

## અબતક પંચાગ

**તા.૨૦-૯-૨૦૨૬ રવિવાર**

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૮
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** ભાદરવા શુદ નોમ
**નક્ષત્ર** પૂવાષાઢા
**યોગ** સૌભાગ્ય **કરણ:** તૈતિલ
**સુર્યોદય** ૬.૩૬ **સુર્યાસ્ત:** ૬.૪૫
**ચંદ્ર રાશી** ધન
**રાશિ અક્ષર** ભ.ફ.ધ
**દિશાશૂળ** પશ્ચિમ દિશા તરફ
**રાહુકાળ** સાંજે ૪.૩૦ થી ૬
**દિવસનાચોઘડીયા**
ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ
**રાત્રીનાચોઘડીયા**
શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ,શુભ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૧૭ થી ૧.૦૬

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

---

## સૂડોકુ -૭૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૫ | ૬ | | |
| | | | | | ૪ | | ૧ | ૭ |
| | | | ૯ | | ૮ | ૨ | | |
| | ૮ | ૯ | | | ૨ | | | |
| | | | | | | ૯ | | |
| ૧ | | ૩ | | ૯ | | | ૪ | |
| | ૯ | | | | | ૭ | | |
| | ૭ | | | | | ૮ | ૬ | ૨ |
| | | | ૬ | | | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૭૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૮ | ૬ | ૨ | ૫ | ૧ | ૭ | ૯ | ૩ |
| ૩ | ૯ | ૫ | ૭ | ૮ | ૪ | ૨ | ૬ | ૧ |
| ૨ | ૧ | ૭ | ૬ | ૯ | ૩ | ૮ | ૪ | ૫ |
| ૯ | ૫ | ૮ | ૪ | ૩ | ૭ | ૧ | ૨ | ૬ |
| ૬ | ૭ | ૪ | ૧ | ૨ | ૮ | ૩ | ૫ | ૯ |
| ૧ | ૨ | ૩ | ૫ | ૬ | ૯ | ૪ | ૮ | ૭ |
| ૮ | ૬ | ૨ | ૩ | ૧ | ૫ | ૯ | ૭ | ૪ |
| ૭ | ૩ | ૯ | ૮ | ૪ | ૬ | ૫ | ૧ | ૨ |
| ૫ | ૪ | ૧ | ૯ | ૭ | ૨ | ૬ | ૩ | ૮ |

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતમાં નવી ટીમ જાહેર: પી.ડી. પટેલ ચેરમેન, નિમિષા ધોત્રે વાઈસ ચેરમેન

## બીસીઆઈમાં ગુજરાતના પ્રતિનિધિ તરીકે જે.જે. પટેલની નિમણૂક, દિલીપ પટેલ, અનિલ કૈલા, મનોજ અનડકટ અને ભરત ભગત કો–ચેરમેન બન્યાં

### કો.ઓપ્ટ મેમ્બર તરીકે બિનલબેન રવેશિયા અને મોરબીના દિલીપ આગેચનીયાની નિમણૂક





**અબતક, રાજકોટ**

બાર કાઉન્સિલ ઓફ ગુજરાત ના ચૂંટાયેલા ત્રણ મહિલા સહિત ૨૩ અને બે કોપ સભ્યો મળી ૨૫ સભ્યોની ઉપસ્થિતિમાં હાઈકોર્ટના એડવોકેટ જનરલના અધ્યક્ષ સ્થાને મહત્વની મળેલી બેઠકમાં બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન તરીકે પી ડી પટેલ અને વાઈસ ચેરમેન તરીકે નિમિશા ધોત્રે અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામા બીસીજીના પ્રતિનિધિ તરીકે જે જે પટેલની નિમણૂક કરવામાં આવી છે. કાઉન્સિલ ઓફ ગુજરાતના કો.ચેરમેન તરીકે દિલીપભાઈ પટેલ ની વરણી કરવામાં આવી છે. તેમજ ૧૫ કમિટીના ચેરમેન અને સભ્યોની નિમણૂક કરવામાં આવી છે.

આ તકે સૌ ઉપસ્થિત સભ્યોએ તાળીઓના ગડગડાટ સાથે વધાવી નવનિયુક્ત સભ્યોને શુભેચ્છા પાઠવી હતી.ગત માર્ચમાં યોજાયેલી બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચૂંટણીના પરિણામ આવ્યા બાદસુપ્રીમકોર્ટના નિર્દેશાનુસાર, ગુજરાત હાઈકોર્ટના ચીફ જસ્ટિસ દ્વારા બાર કાઉન્સિલમાં બે કો-ઓપ્ટેડ મહિલા સભ્યો તરીકે નિવૃત્ત જસ્ટિસ મૌના એમ. ભટ્ટ અને સિનિયર એડવોકેટ મેઘાબેન જાનીની નિમણૂક કરવામાં આવી

(અનુ. આઠમા પાને)

### અમૃતાબેન ભારદ્વાજને છ કમિટીમાં સ્થાન



સૌરાષ્ટ્રના ખ્યાતનામ ધારાશાસ્ત્રી અને રાજ્ય સભાના તત્કાલીન સભ્ય દિવંગત અભયભાઈ ભારદ્વાજનો વકીલાતના વ્યવસાયનો વારસો જાળવી અને આગળ વધારવાની નેમ સાથે પુત્રી અમૃતાબેન ભારદ્વાજ સૌરષ્ટ્રના પ્રથમ મહિલા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતનુ પ્રતિનિધિત્વ કરી રહ્યા છે ત્યારે અમદાવાદ ખાતે મળેલ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના સભ્યોની પ્રથમ બેઠકમાં અમૃતા અભયકુમાર ભારદ્વાજની ૬ કમિટીઓમાં નિમણૂક કરવામાં આવી છે.સૌથી અગત્યની એક્ઝિક્યુટિવ, ઉપરાંતમાંડિસિપ્લિનરી કમિટી,ફિનન્સ કમિટી,ગુજરાત લો, હેરાલ્ડ કમિટી, સેક્સુઅલ હરસમેન્ટ ફોર વુમન એટ વોર્કપ્લેસ કમિટી,ન્યૂ બિલ્ડિંગ કમિટી ઓમાં થયેલ નિમણુક થી સૌરાષ્ટ્રનું કદ વધ્યું છે.

- ♦ **એક્ઝિક્યુટિવ કમિટીઃ** અનિરુદ્ધસિંહ ઝાલા, અમૃતાબેન ભારદ્વાજ દીપેન દવે અને મનોજ અનડકટ
- ♦ **એનરોલમેન્ટ કમિટીઃ** હિતેશ પટેલ દિલીપ પટેલ ભાવેશ રબારી
- ♦ **ફાઈનાન્સ કમિટીઃ** જીગ્નેશ પટેલ કરણસિંહ વાઘેલા દિલીપ પટેલ જીન્કી શેખ પ્રીતિબેન જોશી અમૃતાબેન ભારદ્વાજ,
- ♦ **રૂલ્સ કમિટીઃ** પરેશ વાઘેલા હિતેશ પટેલ હરેશ નાકરાણી હીરલ પાલવાલા, ભાવેશ રબારી એ એ અન્સારી
- ♦ **એડવોકેટ એકેડેમીઃ** કિશોરભાઈ ત્રિવેદી હરેશ નાકરાણી
- ♦ **જી એલ એચ કમિટીઃ** મનોજ અનડકટ કરણસિંહ વાઘેલા કિશોરભાઈ ત્રિવેદી અમૃતાબેન ભારદ્વાજ હરેશ નાકરાણી પ્રીતિબેન જોષી ભાવેશ રબારી વંદનાબેન ભટ્ટ જીન્કી શેખ એ એ અન્સારી
- ♦ **એડમિનિસ્ટ્રેટિવ કમિટીઃ** અનિલ કૈલા કિશોરભાઈ ત્રિવેદી ભરત ભગત
- ♦ **વેલફેર કમિટીઃ** દિલીપ પટેલ અને દીપેન દવે
- ♦ **ઈન્ટિજેટ કમિટીઃ** કિશોરભાઈ ત્રિવેદી જીન્કી શેખ હિરલબેન પાનવાલા
- ♦ **ન્યુ બિલ્ડીંગ કમિટીઃ** કરણસિંહ વાઘેલા અનિરુદ્ધસિંહ ઝાલા દિલીપભાઈ પટેલ પ્રીતિબેન જોશી અમૃતાબેન ભારદ્વાજ કિશોરભાઈ ત્રિવેદી અને પરેશ વાઘેલા
- ♦ **લાઈબ્રેરી કમિટીઃ** મનોજ અનડકટ શંકરસિંહ ગોહિલ અમૃતાબેન ભારદ્વાજ ભાવેશ રબારી વંદનાબેન ભટ્ટ, એ.એ.અન્સારી પરેશ વાઘેલા

## એડવોકેટ જનરલના અધ્યક્ષસ્થાને મળેલી જનરલ બોર્ડ બેઠકમાં ૧૫ કમિટીઓની રચના, તાળીઓના ગડગડાટ સાથે નવનિયુક્ત હોદ્દેદારોને શુભેચ્છા

---

શહેર ભાજપ આયોજિત ગણપતિ મંગલ મહોત્સવ

# સિધ્ધિ વિનાયક ધામમાં દુંદાળા દેવને શિશ ઝુકાવતાં પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધ દવે

## આજે રાત્રે રાજભા ગઢવીનો જામશે લોકડાયરો, કાલે ચિત્ર સ્પર્ધા અને શ્રીનાથજીની ઝાંખી યોજાશે

### આજે રાજભા ગઢવી અને સાથી કલાકારો લોકડાયરાની રમઝટ બોલાવશે



સિદ્ધિ વિનાયક ધામ' ખાતે ગણપતિ બાપ્પાના સાનિધ્યમાં ભક્તિ, મનોરંજન અને લોકસંસ્કૃતિના ત્રિવેણી સંગમ સમાન ભવ્ય લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં લોકપ્રિય કલાકાર રાજભા ગઢવી પોતાની વાણીથી શ્રોતાઓને મંત્રમુગ્ધ કરશે. આ નિમિત્તે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ અને ગણપતિ મંગલ મહોત્સવ સમિતિના ઈન્ચાર્જ ડો. માધવ દવે તેમજ મહામંત્રીઓ વલ્લભભાઈ દુધાત્રા, લલિત વાડલિયા અને યોગેન્દ્રસિંહ જાડેજા દ્વારા રાજકોટના તમામ નાગરિકોને આ ભવ્ય લોકડાયરામાં ઉપસ્થિત રહી લોકસાહિત્ય અને સંસ્કૃતિની રાત્રિનો આનંદ માણવા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.



**અબતક, રાજકોટ**

શહેર ભાજપ આયોજિત ગણપતિ મંગલ મહોત્સવ અંતર્ગત રેસકોર્સ સ્થિત સિદ્ધિ વિનાયક ધામ ખાતે પ્રદેશ ભાજપ મહામંત્રી અનિરુદ્ધ દવેએ ખાસ ઉપસ્થિતિ દર્શાવી હતી. તેમણે ગણપતિ બાપ્પાના સાનિધ્યમાં શીશ ઝુકાવી દુંદાળા દેવના દર્શન-પૂજન કરી ધન્યતા અનુભવી હતી અને ખાસ ગણપતિ બાપ્પાની આરતી ઉતારી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે રાજકોટ શહેર ભાજપ પ્રમુખ માધવભાઈ દવે, મહામંત્રી વલ્લભભાઈ દૂધાત્રા, રાજ્ય સભાના પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા રાજ્ય સરકારના પૂર્વ મંત્રી ગોવિંદભાઈ પટેલ ,અરવિંદભાઈ રૈયાણી શહેર ભાજપના પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, શહેર ભાજપના પૂર્વ મહામંત્રી કિશોરભાઈ રાઠોડ સહિત અનેક કોર્પોરેટરો, કાર્યકરો અને ભક્તપ્રેમી નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા આ પ્રસંગે આરતીના ઈન્ચાર્જ સુનીલ ગોહેલ, અરૂણાબેન પરમાર, મહેશભાઈ રાઠોડ, રતાભાઈ પરમાર અને દિનેશ ગોહેલ સહિતના અગ્રણીઓએ વ્યવસ્થા સંભાળી હતી. કાલે સાંજે ૫:૩૦ કલાકે યોજનારી મહાઆરતીમાં ક્ષત્રિય, ગિરાસદાર ક્ષત્રિય, રાજપૂત, કાઠી અને મરાઠા સમાજ ઉપરાંત આરએસએસ, વીએચપી, એબીવીપી, પૂર્વ લોકપ્રતિનિધિઓ, સરકારી અને બેંક કર્મચારીઓ, આઈએએસ, આઈપીએસ, ડોક્ટર સેલ તેમજ વોર્ડ નં. ૧૩ અને ૧૪ના અગ્રણીઓ જોડાશે. આ આરતી માટે શહેર ઉપપ્રમુખ કૌશિકભાઈ ચાવડા, ધર્મિષ્ઠાબેન વાઘેલા, ડો. પીયુષ ઉનડકટ, કિરિટ પાઠક અને શાર્દુલભાઈ ઉપાધ્યાય સહિતના ઈન્ચાર્જ–સહઈન્ચાર્જ સેવા આપશે.




### કાલે ચિત્ર સ્પર્ધા અને 'ઠાકોરજી પધાર્યા મારે દ્વાર' કાર્યક્રમનું આયોજન

ગણપતિ મંગલ મહોત્સવમાં કાલે બે વિશેષ કાર્યક્રમો યોજાશે. જેમાં સાંજે ૪:૩૦ કલાકે 'ઓપન રાજકોટ' ગણપતિ ચિત્ર સ્પર્ધા યોજાશે, જ્યારે રાત્રે ૯:૦૦ કલાકે શ્રીજી પૂર્ણિમા સત્સંગ મંડળ દ્વારા 'ઠાકોરજી પધાર્યા મારે દ્વાર' ભક્તિમય સંગીત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જાણીતા ગાયક કલાકારો નીતિન દેવકા, નિધિ ધોળકિયા, દીપક જોશી અને અમી ગોસાઈ ભક્તિ સંગીતની પ્રસ્તુતિ કરશે.

---

# "સર્વેશ્વર ચોક કા રાજા"માં સ્થાપિત આદિયોગી સ્વરૂપ શિવજીની પ્રતિમા આકર્ષણનું કેન્દ્ર બની

## આજે અન્નકૂટ મહોત્સવ, કાલે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજનઃ ગણેશ મહોત્સવના પાંચમા દિવસે ભવ્ય મહાઆરતીમાં મહાનુભાવો સહિત મોટી સંખ્યામાં ભાવિકો જોડાયા હતા





**અબતક, રાજકોટ**

સર્વેશ્વર ચોક ખાતે આયોજિત ગણેશ મહોત્સવના પંડાલ બહારના પરિસરમાં સ્થાપિત આદિયોગી સ્વરૂપ શિવજીની પ્રતિમા પણ ભાવિકો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની છે. શિવજીની ભવ્ય પ્રતિમાને નિહાળવા માટે દર્શનાર્થે આવતા લોકોમાં ઉત્સુકતા જોવા મળી રહી છે. ખાસ કરીને શુક્રવારની સાંજે શિવજીની પ્રતિમાની આંખમાંથી હર્ષના આંસુની ધારા વહેતી જોવા મળી હોવાની વાતથી ભાવિકોમાં ચર્ચા અને કુતૂહલનું વાતાવરણ સર્જાયું હતું. આ દૃશ્ય જોવા માટે મોટી સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. ભાવિકોએ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે આ પ્રતિમાના દર્શન કર્યા હતા. રાજકોટ

(અનુ. આઠમા પાને)

# સિધ્ધાર્થ મહાદેવ મંદિરે ઋષભ રૂપાણીએ ગણેશ આરતી કરી આશિર્વાદ મેળવ્યા





**અબતક, રાજકોટઃ** પંચવટી વિસ્તારમાં આવેલા સિદ્ધાર્થ મહાદેવ મંદિરે યોજાયેલ ગણેશ આરતીમાં ગુજરાત રાજ્યના પૂર્વ લોકપ્રિય મુખ્યમંત્રી સ્વ. વિજયભાઈ રૂપાણીના પુત્ર ઋષભભાઈ રૂપાણીએ ઉપસ્થિત રહી ગણપતિ દાદાની આરતી કરી આશીર્વાદ મેળવ્યા હતા.

---

# 'રાજકોટ કા મહારાજા' પંડાલમાં પરંપરાગત 'શેરી રમતો' સાથે ભક્તિરસનો સંગમ

## રામભાઈ મોકરિયા તથા વિવિધ સંસ્થાઓના હોદ્દેદારોના હસ્તે મહાઆરતીઃ આજે ચેસ સ્પર્ધા અને હનુમાન ચાલીસાના પાઠ







**અબતક, રાજકોટ**

ભૂદેવ સેવા સમિતિ દ્વારા ડો. યાજ્ઞિક રોડ, જાગનાથ પોલીસ ચોકી પાસે આયોજિત સતત ૧૮મા વર્ષના 'રાજકોટ કા મહારાજા ગણેશ મહોત્સવ'માં પાંચમા દિવસે ધાર્મિક, સાંસ્કૃતિ અને શારીરિક પ્રવૃત્તિઓનો અનોખો સંગમ જોવા મળ્યો હતો. ગણપતિ બાપ્પાના દર્શન માટે દિવસ તેમજ મોડી રાત સુધી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા.

મહોત્સવના પાંચમા દિવસે સાંજે ૭:૦૦ કલાકે બાળકોને ડિજિટલ ગેમ્સથી દૂર રાખી પરંપરાગત રમતો તરફ વાળવા માટે 'સ્ટ્રીટ ગેમ્સ'નું આયોજન કરાયું હતું. નેહલબેન ત્રિવેદીના સંચાલન હેઠળ યોજાયેલી આ સ્પર્ધામાં ૪૦થી વધુ બાળકોએ લીંબુ-ચમચી, દોરડા કૂદ, સંતાકૂકડી, દોડ, લંગડી દોડ, કોથળા દોડ, સાત તાળી અને રૂમાલ ઝપટો જેવી રમતોનો આનંદ માણ્યો હતો.

ગણેશ મહોત્સવમાં શાસ્ત્રી સમર્થભાઈ વ્યાસ, દિલીપભાઈ રાવલ, અમીરાજ રાવલ અને રૂપેશભાઈ જોશી દ્વારા વૈદિક મંત્રોચ્ચાર સાથે પૂજા-વિધિ કરાવાઈ હતી. મહાઆરતીમાં પૂર્વ સાંસદ રામભાઈ મોકરિયા, માલસર આશ્રમના વિદ્વાન શાસ્ત્રી તથા ગણેશ ઉપાસક વિજયભાઈ જોશી વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે ઝાલાવાડ ૧૭ તાલુકાના પ્રમુખ કમલેશભાઈ જોશી, મહામંત્રી પરાગ ભટ્ટ, નયનભાઈ ઠાકર, ભૃગુલભાઈ મહેતા,મોરબી વાંકાનેર બ્રહ્મ સમાજના મહેન્દ્રભાઈ રાવલ, હરેશભાઈ ભટ્ટ, ધર્મેશભાઈ પંડ્યા તથા એસઆરપી કેમ્પના બાપા સીતારામ ગ્રુપના દિલીપભાઈ પંડિત, દેવરાજભાઈ પંડિત, પ્રદિપસિંહ ઝાલા, હરદીપસિંહ ઝાલા, શકિતસિંહ રાઠોડ, ભગીરથસિંહ રાઠોડ, જયદીપસિંહ ઝાલા, કૃણાલસિંહ ઝાલા, વીરભદ્રસિંહ ગોહિલ, બ્રહ્મ કર્મચારી મંડળના હોદ્દેદારો તેમજ યજુર્વેદી શ્રીમાળી બ્રાહ્મણ સમાજના પ્રમુખ દિલીપભાઈ દવે, મંત્રી હિતેશભાઈ દવે, ખજાનચી ધનંજયભાઈ દવે, બિપીનભાઈ દવે,ખજાનચી ધનંજયભાઈ દવે, બિપીનભાઈ દવે, હરેશભાઈ દવે, કિરીટભાઈ દવે, મનિષભાઈ દવે, નરેશભાઈ દવે અને ભરતભાઈ એન. દવેના હસ્તે મહાઆરતી સંપન્ન થઈ હતી. મહાઆરતી બાદ પૂનમબેન પંડ્યા અને તેમના ગ્રુપ દ્વારા કરાઓકે ભકિત સંગીતનો કાર્યક્રમ રજૂ કરાયો હતો.

મહોત્સવના આગામી આયોજન અંગે ભૂદેવ સેવા સમિતિના સંસ્થાપક તેજસભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આજે સાંજે ૭:૦૦ કલાકે બાળકોના માનસિક વિકાસ માટે લુડો તથા ચેસ સ્પર્ધા અને રાત્રે ૯:૦૦ કલાકે વિદ્વાન શાસ્ત્રીજીના મધુર કંઠે હનુમાન ચાલીસાના પાઠનું આયોજન કરવામાં આવ્યું છે, જેનો સર્વે ધર્મપ્રેમી જનતાને લાભ લેવા અનુરોધ છે.

# યુડી ક્લબ દ્વારા દુંદાળા દેવની આરાધના સાથે સાંસ્કૃતિક કાર્યક્રમની વણઝાર

## રામધૂન, ફેમેલી ગેમ્સ, જાદુઇ શો, લોક ડાયરા સહિતના કાર્યક્રમ





**અબતક, રાજકોટ**

ઉમા ડાયનેમિક ક્લબ દ્વારા ગણપતિ દાદાના પૂજન, અર્ચન અને આરાધનાના સાતમાં વર્ષમા મંગલ પ્રવેશ સાથે ભવ્ય સફળતાના શિખરો સર કરી રહેલ યુડી ક્લબ લગાતાર સામાજિક - ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરી રહેલ છે. ત્યારે શહેરના પાટીદાર ચોકમાં ગણપતિ મહોત્સવનું ભવ્ય આયોજન થઈ રહ્યુ છે. જેમાં દુંદાળા દેવની કૃપાથી સાંસ્કૃતિક કાર્યક્રમોની વણઝર સર્જાય છે. તેમાં યુડી ક્લબના ૧૧૧ કાર્યકર્તા તન-મન-ધનથી સેવા આપી રહ્યા છે અને તમામ કાર્યક્રમોને સફળતાના શીખરે પહોંચાડી રહ્યા છે. ગણપતિ મહોત્સવના પાંચમા દિવસે શુક્રવારના રોજ પ્રિત રાજગોર, તિલક ગઢવી અને ઉદયદાન ગઢવી જેવા કલાકારો દ્વારા ભવ્ય લોક ડાયરો અને મહોત્સવના છઠ્ઠા દિવસે શનિવારના રોજ રાજ પટેલ રાજકોટિયન્સ પ્રસ્તુત ભવ્ય કાનગોપીનું આયોજન કરવામાં આવેલ છે. તદુપરાંત યુડી ક્લબ દ્વારા ગણપતિ મંગલ મહોત્સવના સ્થાપનાના પ્રથમ દિવસે રામધૂનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. જેમા ધર્મપ્રેમી ભાઈઓ - બહેનો તથા બાળકો ઉત્સાહભેર જોડાયા હતા. મહોત્સવના બીજા દિવસે ફેમેલી ગેમ્સનું જાજરમાન આયોજન કરવામાં આવ્યુ હતું. બુધવારના રોજ ત્રીજા દિવસે રાત્રે ૯:૩૦ કલાકે જાદુગર પ્રિન્સ વિવેકના જાદુઈ શોનું ભવ્ય આયોજન કરવામાં આવેલુ હતું. આજે શુક્રવારે યુડી ક્લબ દ્વારા સાધુ વાસવાણી રોડ પર આવેલ પાટીદાર ચોક ખાતે પ્રિત રાજગોર, તિલક ગઢવી અને ઉદયદાન ગઢવી દ્વારા પ્રસ્તુત ભવ્યાતિભવ્ય લોક ડાયરાનું આયોજન રાત્રે ૮:૩૦ કલાકે કરવામાં આવેલ છે. આ લોક ડાયરાને નિહાળવા યુવાનોમાં ઉત્સાહ વર્તાય રહ્યો છે.

યુડી ક્લબ દ્વારા આયોજિત ગણપતિ મંગલ મહોત્સવમાં શહેરના સામાજિક - રાજકિય શ્રેષ્ઠીઓ ઉપસ્થિત રહી ગણપતિ દાદાના આશિર્વાદ પ્રાપ્ત કરી રહ્યા છે. તેમાં ધારાસભ્ય ડો.દર્શિતાબેન શાહ, શિક્ષણ સમિતિ ચેરમેન વિક્રમભાઈ પુજારા, ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, સ્ટેન્ડીંગ કમીટી ચેરમેન પરેશભાઈ પીપળીયા, કોર્પોરેટર રાજુભાઈ અઘેરા, પ્રવીણભાઈ સેગલીયા, જીતુભાઈ કાટોડીયા, કિશનભાઈ ટીલવા, વોર્ડ નં.૯ પ્રમુખ હિરેનભાઈ સાપરીયા, મહામંત્રી દેવભાઈ ગજેરા, મહિલા મોરચા મહામંત્રી માધવીબેન જોગીયાની વિશિષ્ટ ઉપસ્થિતિ રહી હતી.

યુડી ક્લબના એડવાઈઝરી ડાયરેક્ટર સર્વે જીવણભાઈ ગોવાણી, રમણભાઈ વરમોરા, શૈલેષભાઈ વસનાણી, ગૌતમભાઈ ધમસાણીયા, સંજયભાઈ જાકાસણીયા, પુષ્કરભાઈ પટેલ તથા યુડી ક્લબના પ્રમુખ પંકજભાઈ કાલાવડીયા તેમજ યુડી ક્લબના પાટીદાર સમાજના ૧૧૧ સમર્પિત ઉમા સેવકોએ ખૂબ જહેમત ઉઠાવેલ અને તમામ કાર્યક્રમોને સફળ બનાવવામાં આવ્યા હતા.

# કાલે હેમુ ગઢવી હોલ ખાતે ગાંધી સંવાદ' અંતર્ગત પદ્મવિભૂષણ વૈજ્ઞાનિક પ્રો.એમ.એમ. શર્માનું ખાસ વ્યાખ્યાન

## કેમિકલ એન્જિનિયર પ્રો. એમ. એમ. શર્માનું વ્યાખ્યાન અને પુસ્તક વિમોચન યોજાશે: ૫ યુનિવર્સિટીના કુલપતિઓ રહેશે ઉપસ્થિત

**અબતક, રાજકોટ**

ધી બધેકા ટ્રસ્ટ ફોર એજ્યુકેશન, કલ્ચર, સાયન્સ એન્ડ હ્યુમેનિટિઝ' દ્વારા વિશ્વગ્રામ પ્રેરિત ''બંદે મેં હૈ દમ : ગાંધી ૧૫૮ નોટ આઉટ !'' પ્રોજેક્ટ અંતર્ગત કાલે સાંજે ૫:૦૦ થી ૭:૦૦ વાગ્યા દરમિયાન હેમુ ગઢવી મિની ઓડિટોરિયમ ખાતે 'ગાંધી સંવાદ' કાર્યક્રમ યોજાશે. આ પ્રસંગે દેશના પ્રતિષ્ઠિત કેમિકલ એન્જિનિયર અને વૈજ્ઞાનિક પ્રો. એમ. એમ. શર્મા (પદ્મવિભૂષણ વિજેતા) ''એકવીસમી સદીમાં સંપોષિત વિકાસ: મુખ્ય મુદ્દાઓ અને શીખવાના પાઠ'' વિષય પર વ્યાખ્યાન આપશે. આ સાથે જ તેમના જીવન પર આધારિત પુસ્તક ''ડિવાઈન સાયન્ટિસ્ટ''નું પણ વિમોચન કરાશે.

આ પુસ્તક લોન્ચિંગ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રો. ઉત્પલ જોશી, મારવાડી યુનિવર્સિટીના ડો. આર. બી. જાડેજા, આત્મિય યુનિવર્સિટીના પ્રો. રાકેશ મુદગલ, આર. કે. યુનિવર્સિટીના શ્રી ડેનિશ પટેલ અને દર્શન યુનિવર્સિટીના પ્રો. ડો. આર. જી. ધમસાણીયા ઉપસ્થિત રહેશે.

ઉલ્લેખનીય છે કે, રિલાયન્સના મ્યુનિફેક્ટર મુકેશ અંબાણી પણ પ્રો. શર્માના વિદ્યાર્થી રહી ચૂક્યા છે અને તેમની પ્રેરણાથી જ માતૃસંસ્થા આઈસીટો મુંબઈને ₹૧૫૧ કરોડની ગ્રાન્ટ આપી હતી. બધેકા ટ્રસ્ટના કેતનભાઈ અને ડો. અનામિક શાહ દ્વારા આ શૈક્ષણિક સંવાદનો લાભ લેવા નિમંત્રણ પાઠવાયું છે.

# મારવાડી યુનિવર્સિટીમાં ગણેશ ચતુર્થી નિમિત્તે યોજાયેલ મહાઆરતીમાં ૫,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને ફેકલ્ટી સભ્યો જોડાયા



**અબતક, રાજકોટ**

મારવાડી યુનિવર્સિટીના મુખ્ય કેમ્પસ ખાતે ગણેશ ચતુર્થી નિમિત્તે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ૫,૫૦૦થી વધુ વિદ્યાર્થીઓ, ફેકલ્ટી સભ્યો અને એક્ઝિક્યુટિવ રજિસ્ટ્રાર નરેશ જાડેજા જોડાયા હતા. 'ડિપાર્ટમેન્ટ ઓફ મ્યુઝિક એન્ડ ડાન્સ' દ્વારા આયોજિત લાઈવ ભજન જામિંગ સેશનથી સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું.

ટ્રસ્ટીઓ અમીશ ચંદારાણા અને ખુશબૂ ચંદારાણાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયેલી આ મહાઆરતીમાં સોંકડો મીણબત્તીઓ પ્રજ્વલિત કરી શ્રદ્ધાળુઓએ દિવ્યતાનો અનુભવ કર્યો હતો. મહાઆરતી સંપન્ન થયા બાદ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ગરબાની પણ રમઝટ બોલાવી હતી.

### રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ નિમિત્તે

# 'સેલ્ફી વિથ આયુર્વેદિક પ્લાન્ટ' અભિયાન: કાલે નિ:શુલ્ક ઔષધીય છોડનું વિતરણ

## બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતેથી ૨૦૦૦ અને સિદ્ધિવિનાયક ધામ ખાતેથી ૫૦૦ છોડ અપાશે

## નેશનલ આયુષ મેડિકલ ઓર્ગેનાઈઝેશન અને રેડસ્ટોન આયુર્વેદના સંયુક્ત ઉપક્રમે આયોજન

**અબતક,રાજકોટ**

રાષ્ટ્રીય આયુર્વેદ દિવસ નિમિત્તે લોકોમાં આયુર્વેદ અને ઔષધીય વનસ્પતિઓ પ્રત્યે જનજાગૃતિ કેળવાય તે હેતુથી રાજકોટમાં 'નેશનલ આયુષ મેડિકલ ઓર્ગેનાઈઝેશન' તથા 'રેડસ્ટોન આયુર્વેદ'ના સંયુક્ત ઉપક્રમે એક અનોખા 'સેલ્ફી વિથ આયુર્વેદિક પ્લાન્ટ' અભિયાનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ અભિયાન અંતર્ગત તારીખ ૨૦ સપ્ટેમ્બરના રોજ સાંજે ૫:૩૦ થી ૮:૩૦ શહેરમાં મોટા પાયે નિ:શુલ્ક ઔષધીય છોડનું વિતરણ કરવામાં આવશે. જેમાં કાલાવડ રોડ સ્થિત ઈઅજ્જ શ્રી સ્વામિનારાયણ મંદિર ખાતેથી ૨૦૦૦ જેટલા છોડ તેમજ રેસકોર્સ વિસ્તારમાં ભાજપ દ્વારા આયોજિત સિદ્ધિવિનાયક ધામ ગણપતિ મહોત્સવ ખાતેથી ૫૦૦ જેટલા છોડનું જાહેર જનતા માટે વિનામૂલ્યે વિતરણ કરવામાં આવશે.

આ સ્થળોએ ખાસ સેલ્ફી ઝોન તૈયાર કરવામાં આવશે, જ્યાંથી નાગરિકોને તુલસી, ગળો, અરડૂસી, આમળા, બ્રાહ્મી, અશ્વગંધા તેમજ શતાવરી જેવા ઉત્તમ સ્વાસ્થ્યવર્ધક છોડ અપાશે. આ ઉપરાંત લોકોને દરેક છોડના આયુર્વેદિક મહત્વ અને ઘરગથ્થુ ઉપચાર તરીકેના ઉપયોગ અંગે વિસ્તૃત માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવશે.



RED STONE AYURVEDA nurturing lifestyle

કાર્યક્રમ અંગે માહિતી આપતાં ગુજરાત આયુર્વેદ કાઉન્સિલના સભ્ય, પૂર્વ પ્રમુખ તથા નેશનલ આયુષ મેડિકલ ઓર્ગેનાઈઝેશનના પ્રમુખ ડો. સંજય જીવરાજાનીએ જણાવ્યું હતું કે, ''આયુર્વેદ એ ભારતીય સંસ્કૃતિ અને સ્વસ્થ જીવનશૈલીનો પાયો છે. 'હર ઘર આયુર્વેદ, ઘર ઘર આયુર્વેદ'ના સંકલ્પ સાથે દરેક પરિવાર આયુર્વેદિક વનસ્પતિ અપનાવે તે જ આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય છે.''

નાગરિકો આ બંને સ્થળોએથી નિ:શુલ્ક છોડ મેળવી, સેલ્ફી ઝોનમાં છોડ સાથે ફોટો/સેલ્ફી લઈ સોશિયલ મીડિયા પર શેર કરે અને આયુર્વેદનો સંદેશ વધુમાં વધુ લોકો સુધી પહોંચાડે તેવી આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે. આ સમગ્ર લોકજાગૃતિ અભિયાનને સફળ બનાવવા માટે 'રેડસ્ટોન આયુર્વેદ' દ્વારા સહયોગ અને સ્પોન્સરશિપ પૂરી પાડવામાં આવી છે.

# બોલબાલા ટ્રસ્ટ દ્વારા ૫૦થી વધુ વડીલોને દુબઈ પ્રવાસ કરાવાયો

## પ્રમુખ જયેશ ઉપાધ્યાયની આગેવાનીમાં વડીલોએ વિદેશ પ્રવાસ સંગ યાદગાર પળો માણી




**અબતક, રાજકોટ**

માનવીય અને સેવાકીય પ્રવૃત્તિઓમાં અગ્રેસર બોલબાલા મહાદેવજી સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ''નિવૃત્તિમાં પ્રવૃત્તિ'' ઉક્તિને સાર્થક કરતા વડીલો માટે દુબઈના ખાસ વિદેશ પ્રવાસનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવાસમાં ટ્રસ્ટના પ્રમુખ જયેશ ઉપાધ્યાય પોતે ૫૦થી વધુ યાત્રિક વડીલો સાથે જોડાયા હતા અને વડીલોને કોઈ પણ પ્રકારની તકલીફ ન પડે તે માટે ગાઈડ, માર્ગદર્શન તથા ત્રણેય ટાઈમ ગુજરાતી ભોજનાલયના ભોજન સહિતની ઉત્કૃષ્ટ વ્યવસ્થા પૂરી પાડીને પ્રવાસને યાદગાર બનાવ્યો હતો.

આ યાદગાર પ્રવાસ દરમિયાન વડીલોને દુબઈ ફ્રેમ, બુર્જ ખલીફા, મોનોરેલ બોટીંગ, હોટલ અલ આરબ, ગિફ્ટ સીટી, ધ દુબઈ મોલ, ડોલ્ફીન શો, મરીના બીચ, પામ સીટી, ડેઝર્ટ સફારી, હવેલી, જુબેઅલી હિન્દુ મંદિર, લિમોઝીન કાર, દુબઈ પેલેસ, ગોલ્ડ સોક (સોનાની બજાર), ગુરુદ્વારા, દુબઈ સીટીટુર, અબુધાબી સીટીટુર, બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, ધ ગ્રાન્ડ મોસ્ક અને ફેરારી વર્લ્ડ ફોટો સ્ટોપ જેવા અનેક સ્થળોની મુલાકાત કરાવાઈ હતી. પ્રમુખ જયેશ ઉપાધ્યાયે જણાવ્યું હતું કે ભવિષ્યમાં પણ ટ્રસ્ટ દ્વારા શ્રીલંકા અને દુબઈ સહિતના વિદેશ પ્રવાસોનું આયોજન કરવામાં આવશે.

# ઉમદા દાનવીર શશીકાંતજી બદાણીનું અવસાન, દાનસરિતા થકી અનેક સંસ્થાઓને બનાવી મદદગાર: ધીરગુરુદેવ

**અબતક, રાજકોટ**



જાત મહેનતથી સિદ્ધિ હાંસલ કરી સમાજસેવામાં તન, મન અને ધનથી યોગદાન આપનાર અદ્ભુત વ્યકિતત્વ ધરાવતા શશીકાંત જી. બદાણીએ આપણી વચ્ચેથી વિદાય લીધી છે. અમરેલીના સણોસરા ગામમાં જન્મ્યા બાદ અને રાજકોટની જૈન બોર્ડિંગમાં અભ્યાસ કર્યા પછી મુંબઈમાં કમાણી કરી રહેલા શશીકાંતભાઈએ ધર્મપત્ની મંજુલાબેન અને પુત્ર સંજયના વિયોગ બાદ 'સદવિચાર સંઘ' પ્રેરિત 'કોનબેસ્ટ મંજુલા શશીકાંત બદાણી હોસ્પિટલ'નું નામકરણ કરીને પોતાની દાનસરિતાનો પ્રારંભ કર્યો હતો. તેઓ ઓલ ઈન્ડિયા સ્થાનકવાસી જૈન કોન્ફરન્સ, જૈન એજ્યુકેશન સોસાયટી-વડાલા, ઘાટકોપર જૈન સંઘ, ઘાટકોપર સેવાધ્યાય સંઘ અને રોટરી ક્લબ સહિતની અનેક જાણીતી સંસ્થાઓમાં ટ્રસ્ટી પદે સેવા રત રહ્યા હતા.તેમણે 'શશીકાંત જી. બદાણી - સરસ્વતી શિશુમંદિર પ્રાથમિક શાળા', જૈન બોર્ડિંગ અને બહેરા-મૂંગા શાળામાં માતબર દાન આપ્યું હતું. આ ઉપરાંત સાવરકુંડલામાં વિદ્યાગુરુ ફાઉન્ડેશન સંચાલિત નિ:શુલ્ક હોસ્પિટલમાં મેડિકલ સાધનો માટે ૫૦ લાખ અને મલ્ટી સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલ માટે ૪ કરોડ તેમજ વડનગરમાં બોયઝ હોસ્ટેલ માટે ૧.૫ કરોડ રૂપિયાનું દાન આપ્યું હતું. આવા મહાન દાનવીરના સહયોગથી અનેક શૈક્ષણિક અને આરોગ્યની ઈમારતો નવપલ્લવિત બની છે, જેમની દીર્ઘદ્રષ્ટિ અને સમાજસેવા સદાને માટે પ્રેરણાસ્રોત બની રહેશે.

### તરણેતરના ભાતીગળ મેળામાં

# તુરી બારોટ સમાજ અન્નક્ષેત્રને શ્રેષ્ઠ 'રાવટી'નો એવોર્ડ

## ભજન - ભોજન અને સંતવાણીનો હજારો લોકોએ લીધો લાભ: છેલ્લા ૩૦ વર્ષની અવિરત સેવાનું કરાયું સન્માન

**અબતક, રાજકોટ**

ગુજરાત સરકારના જિલ્લા યુવા વિકાસ વિભાગ દ્વારા તરણેતરના ભાતીગળ મેળામાં આપણી સંસ્કૃતિની ધરોહરના દર્શન થતા હોય છે. આ મેળો દેશ - વિદેશમાં સુવિખ્યાત છે, ત્યારે છેલ્લા ૩૦ વર્ષથી સમસ્ત તુરી બારોટ સમાજ સેવા મંડળ દ્વારા સંચાલિત અન્નક્ષેત્રની રાવટીને શ્રેષ્ઠ એવોર્ડના ત્રીજા સ્થાનનું સન્માન મળતા તમામ કાર્યકરોમાં ખુશીની લાગણી પ્રસરી હતી.





દર વર્ષની જેમ આ વર્ષે પણ તરણેતર અન્નક્ષેત્રના પ્રેરણાદાયી સ્વ.તેજાભાઈ રાજાભાઈ બારોટના આશીર્વાદથી આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આ વર્ષે તા.૧૪ થી તા.૧૬ દરમ્યાન તરણેતર ખાતે યોજાયેલ મેળામાં સંસ્થા સંચાલિત ''તરણેતર અન્નક્ષેત્ર''માં ભોજન, ભજન, સંતવાણીનું ભવ્યાતીભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. જેમાં અઢારેય જ્ઞાતિના ધર્મપ્રેમી ભાવિ ભક્તોએ લાભ લીધેલ. આ આયોજનની સફળતાના ફળસ્વરૂપે તરણેતરના મેળામાં આવતી છત્રીસએય રાવટીઓમાં તુરી બારોટ સમાજની રાવટીને ગુજરાત સરકારના જિલ્લા યુવા વિકાસ અધિકારી સુરેન્દ્રનગર દ્વારા ''શ્રેષ્ઠ રાવટી'' તરીકે પ્રમાણપત્ર અને શિલ્ડ આપી પ્રમુખ જગદીશભાઈ બારોટનું સન્માન કરવામાં આવેલ છે.

તરણેતરના મેળામાં આવતી રાવટીઓમાં દેશી પરંપરા, સંતવાણી, ભજન - કિર્તનની ભુમિકા મહત્વની હોય છે. જે આપણી લોકસંસ્કૃતિને જીવંત રાખવા મુખ્ય ભૂમિકા આ રાવટીઓની છે. આ મેળામાં વિવિધ સ્પર્ધાઓ પણ યોજાય છે. ગ્રામીણ ઓલ્મપીક, પશુમેળો, ભોજન હરિફાઈ, વેશભુષા, લોકગરબા, લોકગીત, દુહા-છંદ, રાવણહથ્થા તેમજ રાવટીઓનો સમાવેશ થાય છે. તરણેતર ખાતેના ભાતિગળ મેળામાં આયોજીત તૃતીય ગ્રામીણ પારંપરિક સાંસ્કૃતિક સ્પર્ધા તરણેતર-૨૦૨૬-૨૭ માં શ્રેષ્ઠ રાવટી તરીકે તૃતીય ક્રમે વિજેતા કરવામાં આવેલ છે. આ માટે સંસ્થા તમામ સ્નેહીજનો, ધર્મપ્રેમી દાતાઓ, તન-મન-ધનથી સેવા કરનાર સેવાદારો, તરણેતર ગ્રામ પંચાયતનો હૃદયપુર્વક આભાર માની હર્ષ અને ગૌરવની લાગણી અનુભવીએ છીએ.આ માહિતી આપવા માટે જગદીશભાઈ બારોટ, ભવાનભાઈ બારોટ, માધાભાઈ બારોટ, પ્રભાતરાય બારોટ, હરીભાઈ બારોટ, પ્રભાતકુમાર બારોટ, રણધીરભાઈ બારોટ, દિલીપભાઈ બારોટ, લાલાભાઈ બારોટ, જયેશભાઈ બારોટ, સચીનભાઈ, વિજયભાઈ, હિમાંશુભાઈ, નિર્મળભાઈ, યશરાજભાઈ, સિધ્ધાર્થભાઈએ શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# મવડીના શખ્સે લગ્નની લાલચ આપી યુવતી પર અનેકવાર દુષ્કર્મ ગુજાર્યું

## મેટ્રિમોનિયલ સાઈટ પરથી સંપર્ક કેળવી પ્રેમજાળમાં ફસાવી દેહ ચૂંથ્યો : પરિવાર સાથે મુલાકાત કરાવી મહિનાઓ સુધી પોતાના ઘરમાં જ રાખી

### મારે મારા પુત્રના લગ્ન નાના દીકરાની પત્ની સાથે કરાવવા છે કહી આરોપીની માતાએ યુવતીને ઘરમાંથી કાઢી મૂકી : જતીન અઢિયાએ હવસ સંતોષી યુવતીને તરછોડી દીધી

### તાલુકા પોલીસે ૩૮ વર્ષીય યુવતીની ફરીયાદના આધારે દુષ્કર્મની કલમ હેઠળ ગુનો નોંધ્યો : આરોપીની શોધખોળ

**અબતક, રાજકોટ**

શહેરમાં લગ્નની લાલચે વધુ એક યુવતી પર દુષ્કર્મની ઘટના સામે આવી છે. મેટ્રિમોનિયલ સાઈટ પરથી સંપર્કમાં આવેલ મવડીના જતીન અઢિયા નામના શખ્સે સુરત ખાતે રહેતી યુવતી સાથે પ્રેમ સંબંધ કેળવી લગ્નનો વાયદો આપી અવાર નવાર દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં આપણા લગ્ન થઈ શકશે નહિ કહી યુવતીને તરછોડી દીધી હતી. જેથી અંતે યુવતીએ તાલુકા પોલીસ મથકે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

બનાવ અંગે પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર મૂળ કલકતાની ૩૮ વર્ષીય યુવતીએ આરોપી તરીકે જતીન હરીશભાઈ અઢિયા (રહે. શ્યામલ ઉપવન, વિંગ એ-૨, ફ્લેટ નં.-૬૦૪, શગુન પ્લોટની સામે, મવડી, રાજકોટ)નું નામ આપતા તાકૂકા પોલીસે દુષ્કર્મની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની શોધખોળ આદરી હતી.

પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું કે, પીડિતાએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, એકાદ વર્ષ પહેલા હું મારા ભાઈ સાથે સુરત ખાતે રહેતી હતી. વર્ષ-૨૦૨૫ માં જતીન હરિશભાઈ અઢીયા મેટ્રિમોનિયલ સાઈટ શાદીડોટકોમ મારફતે કોન્ટેકટમાં આવેલ હતો. બાદમાં અમો બંન્નેએ કોન્ટેકટ નંબરની આપ લે કરેલ હતી અને ફોનથી રેગ્યુલર વાતચીત થતી હતી. જતીને મને જણાવેલ કે, અમે બે ભાઈ છીએ. મારા નાના ભાઈએ વર્ષ-૨૦૧૮ માં સ્યુસાઇડ કરેલ હતુ. તેની પત્ની હાલ પિયરમાં રાજકોટ ખાતે રહે છે. બાદમાં જતીન અઢીયાએ મને જણાવેલ કે, મારે તારી સાથે લગ્ન કરવા છે, તને મારા પરીવાર સાથે મળાવવી છે જેથી તું રાજકોટ આવ. જેથી હું તા.૧૫/૦૧/૨૦૨૫ ના રોજ રાજકોટ આવેલ હતી. ત્યારે જતીન તેનું મકાન જે જીવરાજ પાર્ક કસ્તુરી એવીયરી ખાતે આવેલ હોય ત્યાં લઈ ગયેલ હતો. જયા તેણે મારી મુલાકાત તેની માતા, ભાભી અને પુત્ર સાથે કરાવી હતી. હું તેના ઘરે બે- ત્રણ દિવસ રોકાયેલ હતી. દરમ્યાન જતીને મને કહેલ કે, આપણે લગ્ન કરવાના છે, જેથી આપણે બંને પતિ - પત્ની જ કહેવાય તેમ કહી જતીને મારી સાથે શરીર સબંધ બાંધેલ હતો. બાદ હું સુરત મારા ભાઈના ઘરે જતી રહેલ હતી.માર્ચ મહીનામાં હું મારા માતા અને ભાઈ સાથે જતીનના ઘરે કસ્તુરી એવીયરી ખાતે ગયેલ હતી જયા અમારા બંનેના પરિવારજનોની મુલાકાત થઈ હતી અને લગ્ન નક્કી કર્યા હતા. ત્યારે જતીને મને જણાવેલ કે, હાલ મારૂ આધારકાર્ડ બનાવવા માટે અરજી કરેલ છે. જે આવી જાય એટલે મને બે-ત્રણ મહિનાનો સમય આપ બાદમાં આપણે લગ્ન કરી લઈશુ. બાદમાં જતીન અને તેના માતા અમને ત્રણેયને સુરત ખાતે મુકવા આવેલ હતા.

માર્ચ -૨૦૨૫ થી હું કસ્તુરી એવીયરી જીવારાજ પાર્ક ખાતે જતીન તથા તેના માતા સાથે રહેતી હતી. દરમિયાન જતીને લગ્નના નામે લલચાવી ફોસલાવી અવાર નવાર મારી સાથે શરીર સબંધ બાંધેલ હતો. છેલ્લા આઠ મહીનાથી જતીન તથા તેની માતા સાથે શ્યામલ ઉપવન ખાતે રહેવા જતાં રહેલ હતા. ત્યારબાદ જતીનને લગ્ન બાબતે મે અવાર નવાર કહેતા તે બહાના કાઢી લગ્નની વાત ટાળતો હતો અને કહેતો કે, મારે મારી પુર્વ પત્ની સાથે છુટાછેડા થયેલ છે અને પૂર્વ પત્નીએ મને કોર્ટમાં કહેલ કે, તે મને મારા સંતાનો આપશે નહી અને મારી પ્રોપર્ટી મારી પુર્વ પત્નીના ભાઈના બનેવી પાસે છે તે મને મળી શકશે નહી. જેથી હાલમાં આપણા લગ્નમાં વાર લાગશે. તેમ છતા પણ હું જતીન સાથે જ રહેતી હતી. જતીન તેના ફેમીલી ફંકશનમાં પણ મને સાથે લઈ જતો હતો.

તા. ૨૮/૦૮/૨૦૨૬ ના આશરે સાંજના ચાર વાગ્યાની આસપાસ હુ તથા જતીન માર્કેટમાં ગયા હતા.ત્યારે મને જતીને કહેલ કે, તુ તારુ કામ પતાવીને ઘરે જતી રહેજે હું મારૂ કામ પતાવી ઘરે આવી જઈશ. જેથી હું ઘરે જતાં જતીનની માતાએ મને કહેલ કે, મારા દિકરાના તારી સાથે લગ્ન શકય જ નથી. મારે મારા દિકરા જતીનના લગ્ન મારા નાના દિકરાની પત્ની સાથે કરવા છે અને હવે તુ મારા ઘરેથી નીકળી જા. જેથી મે જતીનને ફોન કરતા તેણે ફોન રિસીવ કર્યો ન હતો. બાદ હું ડીપ્રેશનમાં આવી જતા મે ૩૦ ઉંધની ગોળીઓ ખાઈ લીધેલ હતી. જેથી હું બેભાન થઈ જતાં જતીનના ભાભી મને સારવાર અર્થે સરકારી હોસ્પિટલ ખાતે લઇ ગયેલ હતા. બાદમાં મને હોસ્પિટલથી રજા આપતા હું શ્યામલ ઉપવન ખાતે ગયેલ અને બે દિવસ ત્યાં રોકાઈ હતી. હું તા.૩૧/૦૮/૨૦૨૬ ના કામથી બહાર જઈ પરત આવતા જતીનની માતાએ ઘરનો દરવાજો ખોલ્યો ન હતો. જેથી જતીન સાથે મે વોટસએપ કોલમાં વાત કરતા તેણે મને કહેલ કે, હાલ હું મુંબઈ છું પરત આવીશ એટલે મારી માતાને જુનાગઢ ખાતે રહેવા મોકલી દઈશ અને આપણે બંન્ને રાજકોટ ખાતે નવુ ઘર લઈ લગ્ન કરી લઈશું. હાલ તું થોડો સમય બહાર જતી રહે તેમ કહેલ હતું. જેથી મારી પાસે પૈસા નહિ હોવાનું જણાવતા જતીને મારા ખાતામાં પૈસા મોકલાવેલ હતા. જેથી હું ફરવા માટે આસામ ખાતે જતી રહેલ હતી. બાદ રાજકોટ પરત આવતા જતીને મને કહેલ કે, મારે તારી સાથે લગ્ન કરવા નથી. જેથી અંતે યુવતીએ તાલુકા પોલીસ મથકે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી હતી.

### જતીને હવસ સંતોષી તરછોડી દેતા યુવતી કારમાં રહેવા મજબુર દાગીના સહિતનો સામાન પણ પરત ન આપ્યો

દુષ્કર્મની ઘટનામાં પોલીસ સૂત્રોએ જણાવ્યું હતું ળે, યુવતીએ ફરિયાદમાં એવુ પણ કહ્યું હતું કે, જતીન અઢિયા સાથે પ્રેમસંબંધ બંધાતા તેણી લાંબો સમય સુધી જતીનના ઘરે રહી હતી. બાદ જતીનની માતાએ તેણીને ઘરમાં પ્રવેશ નહિ આપતાં અને જતીને સંબંધ તોડી નાખતા તેણી હાલ ટાટા ટિયાગો કારમાં રહેવા મજબુર બની છે. વધુમાં યુવતીએ જણાવ્યું હતું કે, તેણીની ફોરવ્હીલર ટાટા ટીયાગોની ઓરીજનલ ચાવી, સોના-ચાંદીના દાગીના સહિતનો સામાન પણ જતીનના ઘરે પડેલ છે. જે મને પરત આપેલ નથી.

# ‘તું મારા પૈસા લઈને જતો રહ્યો હતો’ કહી વૃદ્ધ અને યુવાનને લૂંટી લેવાયો : લૂંટારૂ ઝબ્બે

### ગોંડલ ચોકડી નજીક વૃદ્ધને કોઠારીયા ગામ નજીક યુવાનને આંતરી છરીના ઘા ઝીંકી દેવાની ધમકી આપી રોકડ પડાવી લીધી’તી

### આજીડેમ પોલીસે બે ગુના નોંધી આરોપી મહેન્દ્ર ચાવડાને દબોચ્યો : રોકડ રકમ રિકવર

**અબતક, રાજકોટ**

‘તું મારા પૈસા લઈને જતો રહ્યો હતો, તારૂ આધારકાર્ડ બતાવ’ કહી વૃદ્ધ અને યુવાનને છરી ઝીંકી દેવાની ધમકી આપી રોકડની લૂંટ ચલાવી લેવામાં આવી હતી. જે મામલે આજીડેમ પોલિસની ટીમે કાર્યવાહી કરી લક્ષ્મીના ઢોરા નજીક રહેતા મહેન્દ્ર ચાવડા નામના શખ્સને પકડી રોકડ રકમ રિકવર કરી બંને ગુનાનો ભેદ ઉકેલ્યો હતો.

બનાવ અંગે કોઠારીયા મેઈન રોડ પર કેદારનાથ સોસાયટીમાં ગેઈટ પાસે ગોવિંદનગર શેરીમાં રહેતાં રાજેશપરી સેવાપરી ગૌસ્વામી (ઉ.વ.૬૦) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે અજાણ્યા શખ્સનું નામ આપી જણાવ્યું હતું કે, તેઓ નિવૃત જીવન ગાળે છે.

ગઈ તા.૧૨ ના ઘરના રાંધણ ગેસની બોટલ ખાલી થઈ ગયેલ હોય જેથી તે ભરાવવા માટે તેઓના વતન ગામ કોલકી જવાનુ હોય જેથી ઘરેથી ગેસની બોટલ લઈને સવારના સાડા દસેક વાગ્યા આસપાસ ઘરેથી નીકળેલ અને રીક્ષામા બેસીને ગોંડલ ચોકડી ખાતે પહોચેલ અને ગેસની બોટલ ખંભે રાખીને આગળ ચાલતો હતો. માલધારી ફાટક પાસેના ખુણે પહોચેલ અને ત્યા બસની રાહ જોઈ ઉભેલ તેવામા એક ભાઈ સ્કુટર લઈને આવી કહેલ કે, તુ મારી સાથે થોડા વર્ષો પહેલા કારખાનામા કામ કરતો હતો અને મારા પૈસા લઈને જતો રહેલ તે જ છો ને, હું તને ઘણા સમયથી શોધું છુ. તારુ આધાર કાર્ડ બતાવ જેથી તે વ્યક્તિ હું નથી તેમ જણાવવા છતા તે ભાઈ કહેવા લાગેલ કે,તુ તે જ છે,



હું તને ઓળખુ છુ અને ચાલ તારી પાસે હોય તેટલા પૈસા મને આપી દે, નહીતર તને છરીના ઘા ઝીંકી દઈશ તેમ કહી તેણે શર્ટના ઉપરના ખિસ્સામા હાથ નાખી તેની અંદર રહેલ પાકીટ કાઢી રૂ.૧૫૦૦ કાઢી પાકીટ ફરી મારા ખિસ્સામા મુકી તે નાસી છૂટ્યો હતો. બીજા બનાવમાં જંગલેશ્વરમાં રાધે-કૃષ્ણનગર શેરી નં. ૧૮ માં રહેતાં રમેશકુમાર ચંદ્રદેવભાઈ કુસવાહ (ઉ.વ.૩૩) એ નોંધાયેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, લોઠડા ખાતે આવેક ગણેશ નામના કારખાનામા મજુરીકામ કરે છે. મામાના દીકરી બહેન સોનીબેન ઉર્ફે અનીતાબહેન તથા બનેવી સાથે સીતારામ સોસાયટી પાછળ શીતળાધાર મફતીયાપરમા રહે છે. ગઈ તા.૧૬ ના બુધવારના કારખાને રજા હોય જેથી બહેનને મળવા તેના ઘરે શીતળાધાર ગયેલ બાદ ચારેક વાગ્યા આસપાસ બહેનના ઘરેથી પરત બાઈક લઈ નિકળેલ અને સોલવંટ ફાટકથી કોઠારીયા ગામ તરફ જતા રોડ ઉપર ખેતલાઆપા ટી-સ્ટોલ પાસે પહોચેલ ત્યારે પાછળથી એક સ્કુટર આવેલ અને તેના ચાલકે કહેલ કે.મારે બેરીંગનુ કારખાનુ છે, તેમાથી એક બિહારી મારા પૈસા લઈને ચાલ્યો ગયેલ છે, હુ તેને શોધું છુ, તારુ આધાર કાર્ડ બતાવ કહેતા તેને કહેલ કે, તે બિહારી હુ નથી તેમ છતા આધારકાર્ડ માંગતા હોય જેથી પાછળના ખિસ્સામાથી પાકીટ કાઢેલ તો તેને તરત કહેલ કે, પાકીટમા રહેલ રૂપીયા ચુપચાપ મને દઈ દે નહીતર તને છરીના ઘા ઝીંકો દઈશ.જેથી યુવક ભયભીત થઈ જતાં તેને પાકીટ આપતાં તેમાં રહેલ રોકડ રૂપીયા ૨૫૦૦ લઈ પાકીટ પરત આપી દિધેલ અને તરત જ તે તેનુ સ્કુટર લઈ ત્યાથી ભાગી ગયેલ હતો.

બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસ મથકન પીઆઇ હરેશ પટેલની રાહબરીમાં પીએસઆઇ વી.જી.ડોડીયા અને ટીમે સીસીટીવી ફુટેજના આધારે તપાસ આદરી લૂંટ કરનાર આરોપીમહેન્દ્રસિંહ રમેશસિંહ ચાવડા (ઉ.વ. ૩૭),( રહે લક્ષ્મીનો ઢોરો તાલુકા પોલીસ સ્ટેશનની સામે) ને દબોચી રોકડ રકમ રિકવર કરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સ રીઢો ગુનેગાર છે અને તે ખાસ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં રહેતા પરપ્રાંતીય લોકો જે એકલા જઈ રહ્યા હોય તેને ટાર્ગેટ કરી નાની નાની રકમ પડાવતો હતો. હાલ પોલીસે વધુ ગુનાની કબુલાત મેળવવા આકરી પૂછતાછ હાથ ધરી છે.


## પશ્ચિમ રેલવે સાપ્તાહિક ખાસ ટ્રેનોની ટ્રીપ્સ લંબાવશે

| ટ્રેન નં. | ક્યાંથી | ક્યાં સુધી | દોડાવાનો દિવસ | લંબાવાની અવધિ |
|---|---|---|---|---|
| ૦૧૯૦૯ | અસારવા | આગ્રા કેન્ટ. | મંગળવાર | ૨૪.૧૧.૨૦૨૬ |
| ૦૧૯૧૦ | આગ્રા કેન્ટ. | અસારવા | સોમવાર | ૨૩.૧૧.૨૦૨૬ |
| ૦૧૯૦૬ | અસારવા | કાનપુર સેન્ટ્રલ | મંગળવાર | ૦૧.૧૨.૨૦૨૬ |
| ૦૧૯૦૫ | કાનપુર સેન્ટ્રલ | અસારવા | સોમવાર | ૩૦.૧૧.૨૦૨૬ |
| ૦૪૧૮૦ | સાબરમતી બીજી | પ્રયાગરાજ | બુધવાર અને સોમવાર | ૨૯.૧૧.૨૦૨૬ |
| ૦૪૧૭૯ | પ્રયાગરાજ | સાબરમતી બીજી | મંગળવાર અને શનિ | ૨૮.૧૧.૨૦૨૬ |
| ૦૪૧૭૪ | વેરાવળ | પ્રયાગરાજ | શુક્રવાર | ૨૭.૧૧.૨૦૨૬ |
| ૦૪૧૭૩ | પ્રયાગરાજ | વેરાવળ | ગુરૂવાર | ૨૬.૧૧.૨૦૨૬ |

સમય, થોભવાનો સમય અને રચના સંબંધિત વિગતવાર માહિતી માટે, મુસાફરો કૃપા કરીને www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે

ટ્રેન નં. ૦૧૯૦૯, ૦૧૯૦૬, ૦૪૧૮૦ અને ૦૪૧૭૪ માટે બુકિંગ ૧૯.૦૯.૨૦૨૬થી બધા PRS કાઉન્ટરો અને IRCTC વેબસાઈટ પર શરૂ થશે. ઉપરોક્ત ટ્રેનો ખાસ ભાડા પર ખાસ ટ્રેન તરીકે દોડશે.

પશ્ચિમ રેલવે

wr.indianrailways.gov.in

અમને લાઈક કરો અને ફોલો કરોઃ facebook.com/WesternRly | X.com/WesternRly | Instagram.com/WesternRly | https://www.youtube.com/@WesternRly | https://bit.ly/WesternRailwayOfficial

કૃપા કરીને તમામ આરક્ષિત ટિકિટો માટે મૂળ આઈડી પ્રૂફ સાથે રાખો


# સિક્કા જમીન કબજાના કાવતરાના ગુનામાં વોન્ટેડ સુત્રધાર અલ્તાફ રાજકોટથી ઝડપાયો

### ખોટા સાક્ષીઓ ઉભા કરી બનાવટી દસ્તાવેજો તૈયાર કરી જમીન પચાવી પાડવાના કાવતરાનો આરોપ; સિક્કા પોલીસને સોંપાયો

**અબતક, જામનગર**

જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૮ના જમીન પચાવી પાડવાના કાવતરામાં નાસતા ફરતા આરોપીને રાજકોટ શહેરમાંથી ઝડપી પાડ્યો છે.

પોલીસ સ્ટાફને મળેલી બાતમીના આધારે સિક્કા પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ગુનામાં નાસતા ફરતા આરોપી અલ્તાફહસેન સન/ઓફ આબીદહસેન પીરમિયા સૈયદ, રહે. રઘુનંદન સોસાયટી, રાજકોટ, મૂળ રહે. સીંગસર ગામ, તા. સૂત્રાપાડા, જિ. ગીર સોમનાથ, રાજકોટ શહેરના ગેબનશાપીર રોડ પર હોવાની માહિતી મળી હતી. જેના આધારે પોલીસે સ્થળ પર તપાસ કરતાં આરોપી મળી આવતાં તેને ઝડપી પાડ્યો હતો અને આગળની કાર્યવાહી માટે સિક્કા પોલીસ સ્ટેશનને સોંપ્યો હતો.

પોલીસના જણાવ્યા મુજબ વર્ષ ૨૦૧૮માં સિક્કા પોલીસ સ્ટેશન વિસ્તારમાં વસઈ ગામે ફરિયાદીના વડિલોપાર્જિત ખેતીની જમીન પચાવી પાડવા માટે આરોપીએ પોતાના સાગરીતો સાથે મળી કાવતરું રચ્યું હતું.

આ કાવતરામાં ખોટા સાક્ષીઓ ઊભા કરી ફરિયાદીના મરણ પામેલા પિતાના નામ સાથે મળતા નામ ધરાવતા અન્ય વ્યક્તિને જમીનના સાચા માલિક તરીકે દર્શાવી ખોટા દસ્તાવેજો તૈયાર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ આ બનાવટી દસ્તાવેજોનો સાચા દસ્તાવેજ તરીકે ઉપયોગ કરી જમીન પચાવી પાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હોવાનો આક્ષેપ છે. આ કામગીરી પેરોલ ફર્લો સ્કવોડના પીએસઆઈ એમ.વી. ભાટીયા તથા એએસઆઈ ગોવિંદભાઈ ભરવાડ સહિતના પોલીસ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.


## અબતક ટચુકડી

**જલારામ બ્રોકર ૭૫૬૭૬૮૩૩૫૪**

**ભાડે દેવાની છે**

| | |
|---|---|
| બસ સ્ટેન્ડ સામે ૩ દુકાન હોટલ ૧ છે ચાલુ આવક રાજકોટ. | ઓફિસ ૫ ભાડે લોધાવાડ પોલીસ ચોકી બાજુમાં ચોક પાસે |
| રજપુતપરા દુકાન ૩ શોરૂમ ૧૦ હજાર + ૧૮ હજાર + ૨૫ હજાર | ઘરઘંટી ૫ વર્ષ બોકસવારી બ્રાન્ડ ન્યુ ૮ હજાર-૧ જલારામ ઘરઘંટી ૭૫૬૭૬૮૩૩૫૪ |
| કેનાલ રોડ ૩ ભાડે + શો રૂમ ૧ | કાંતાવિકાસ રોડ દુકાન-૧ |
| ઢેબરરોડ દુકાન ૩+ શો રૂમ ભાડે ફર્નીચર બજાર | ફ્લેટ ભાડે ૩ બેડ હોલ કાલાવડ રોડ સ્વામી મંદિર પાછળ ફર્નીચર સાથે ૧૮ હજાર |
| લોધાવાડ ચોક પાસે ૨ દુકાન | |
| ગોડાઉન ૧ ભાડે રજપુતપરા ૧૦ હજાર ભાડુ બસ સ્ટેન્ડ નજીક | ૨ બેડ હોલ જલારામ ૧ યુનિવર્સિટી રોડ |
| ભુતખાના ચોક પાસે ૫ દુકાન ભાડે ૪ હજાર -૧ | કન્યા છે લોહાણા જ્ઞાનીની રૂબરૂ મળો |
| લોધાવાડ ચો. ઓફિસ-૧ ૫ હજાર ભાડુ -૧ | હોટલ ગેસ્ટ હાઉસ ૧ નંગ ચાલુ આવક રાજકોટ. |



## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ

**શોર્ટ ટાઈમ રિ-ટેન્ડર નોટીસ (ચોથો પ્રયત્ન)**

જાહેરાત ક્ર.-૦૭/૨૦૨૬-૨૭

માન્ય યાદીની યોગ્ય શ્રેણીમાં નોંધાયેલા કોન્ટ્રાકટર્સ પાસેથી નીચે દર્શાવેલ કામો માટે ઓનલાઇન ટેન્ડરો મંગાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| કામનું નામ | Construction of new Furnace laboratory in Physics Department at Saurashtra University, Rajkot | |
| અંદાજીત રકમ | રૂ.૩૦,૦૬,૨૭૭/- | |
| કામની સમયમર્યાદા | ૧.૫ મહિના | |
| ઈ.એમ.ડી. | રૂ.૩૦,૦૬૩/- | |
| ટેન્ડર ફી | રૂ.૧,૭૭૦/- | |
| સ્થળ, તારીખ અને સમય જ્યાં ટેન્ડર ફોર્મ બહાર પાડવામાં આવશે. | https://tender.nprocure.com | |
| ડાઉનલોડ કરવાની છેલ્લી તારીખ | ૨૫/૦૯/૨૦૨૬ | ૧૬:૦૦ |
| અપલોડ કરવાની છેલ્લી તારીખ | ૨૫/૦૯/૨૦૨૬ | ૧૮:૦૦ |
| ફીઝીકલ ડોક્યુમેન્ટ સબમીશન કરવાની છેલ્લી તારીખ અને સમય | ૦૩/૧૦/૨૦૨૬ | ૧૮:૦૦ |
| ટેન્ડર ક્યા ક્યારે અને કોના દ્વારા ખોલવામાં આવશે તેની માહિતી | https://tender.nprocure.com | |
| વેબસાઈટ | www.saurashtrauniversity.ac.in | |

ઉપરોકત ટેન્ડરો https://tender.nprocure.com પરથી ડાઉનલોડ કરી શકાશે. આ ટેન્ડરો nprocureમાં રજીસ્ટર્ડ કોન્ટ્રાકટર્સએ ઓનલાઇન ટેન્ડર ભરવાના રહેશે.ટેન્ડરની તમામ વિગતો ઉપરોકત વેબસાઇટ ઉપરથી મળી શકશે.

માહિતી -રાજ- ૮૨૦ - ૨૦૨૬-૨૭ કુલસચિવ



## રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની વર્ષ ૨૦૨૫-૨૬ની વાર્ષિક સામાન્ય સભાની નોટીસ

રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની વાર્ષિક સામાન્ય સભા તા.૩૦-૦૯-૨૦૨૬ બુધવારના રોજ સાંજના ૫-૩૦ વાગે, રાજકોટ ચેમ્બર કોન્ફરન્સ હોલ, સેન્ટર પોઇન્ટ, [illegible] રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. મિટીંગનો એજન્ડા તમામ સભ્યોને વોટસએપ તથા ઇ-મેઇલ દ્વારા મોકલી આપેલ છે. આ અંગે કોઇપણ રજુઆત અથવા પ્રસ્તાવ હોય તો તે સંસ્થાની ઓફીસમાં તા. ૨૩-૦૯-૨૦૨૬ સુધીમાં મોકલી આપવાના રહેશે તેમજ સભાસદોએ વાર્ષિક સામાન્ય સભામાં સમયસર હાજર રહેવા અનુરોધ કરવામાં આવે છે.

**રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી**

વી.પી. વૈષ્ણવ (પ્રમુખ) | પાર્થ ગણાત્રા (ઉપપ્રમુખ) | નૌતમ બારસીયા (માનદ મંત્રી) | ઉત્સવ દોશી (માનદ સહમંત્રી) | વિનોદ કાછડીયા (ખજાનચી)



**The Rajkot Commercial Co. Operative Bank Ltd**

Web : rcc.bank.in
Ph. : 0281-2238946

ગ્રાહકોના અતુટ વિશ્વાસ થકી મજબુતી સાથે અડીખમ, સમૃધ્ધ અને ભારતભરમાં પ્રોફીટીબીલીટીમાં નંબર ૧

૨૫ માસથી વધુ ૩૬ માસ સુધીની મુદત માટે ડિપોઝીટનો આકર્ષક વ્યાજદર (તા.૦૧.૦૭.૨૦૨૬ થી અમલમાં)

6.50% જનરલ ડિપોઝીટર માટે | 7.00% વરીષ્ઠ નાગરીકો માટે

૨૫ લાખ સુધીના સિકયોર્ડ ધિરાણ 9.00% વ્યાજના રાહતદરે

વધુ માહિતી માટે સંપર્ક: ધર્મેશ હિંડોચા 94093 29051 | શૈલેષ પટેલ 94294 72052

‘શેઠ શ્રી જયંતિલાલ કુંડલીયા સુવિધા સંકુલ’, મહાત્મા ગાંધી મ્યુઝીયમ પાછળ, ચંદુલાલ બુચ માર્ગ, રાજકોટ.



## દુઃખદ અવસાન પ્રાર્થનાસભા



**સ્વ. પ્રતાપરાય (દિનેશભાઈ) રતિલાલ સોનછાત્રા**

સ્વ. તા. ૧૮.૦૯.૨૦૨૬ (શુક્રવાર)

રાજકોટ : અલીયાબાળા નિવાસી સ્વ.ધનગૌરીબેન તથા સ્વ.રતિલાલ વાલજીભાઈ સોનછાત્રા ના સુપુત્ર **શ્રી પ્રતાપરાય (દિનેશભાઈ) રતિલાલ સોનછાત્રા** ઉ.વ.૭૮ (રીટા. ES.I.S.) તે સ્વ.દિવ્યાબેન તથા સ્વ.મૃદુલાબેન ના પતિ તે જયેશભાઈ (સોના) સોનછાત્રા તથા ભાવનાબેન ભાવેશકુમાર ભોજાણી ના પિતાશ્રી, તે હિનાબેન જયેશકુમાર સોનછાત્રા તથા ભાવેશકુમાર મનસુખલાલ ભોજાણી ના સસરા, તે મુકેશભાઈ, અશ્વિનભાઈ, સ્વ.વસંતબેન, હીરાબેન અરવિંદકુમાર કક્કડ, શારદાબેન ચંદુલાલ કક્કડ, સ્વ.ઈન્દુબેન તથા નયનાબેન મહેન્દ્રકુમાર તન્ના, ઉર્મિલાબેન જયંતીલાલ સુચક, જશવંતીબેન ગોવિંદલાલ વિઠલાણી તથા સ્વ.મીનાબેન વિનોદકુમાર કોટક ના ભાઈ, તે સ્વ.બચુભાઈ મગનલાલ પોપટ તથા સ્વ.ત્રિભોવનદાસ કુરજી કારીયાના જમાઈ તે સિધ્ધાંત તથા મિથિલા જલાધિકુમાર ઝવેરી ના દાદા, તે પૃથ્વી તથા સૃષ્ટિ પ્રેમકુમાર ઠક્કરના નાના નું તા.૧૮.૦૯.૨૬ ને શુક્રવારના રોજ દુઃખદ અવસાન થયેલ છે.

**-:: સદ્‌ગતની પ્રાર્થનાસભા ::-**

તા. ૨૧-૦૯-૨૦૨૬ (સોમવાર) • સમય : સાંજે ૪:૩૦ થી ૬

સ્થળ : રાણીંગા વાડી, કાન્તા સ્ત્રી વિકાસગૃહ રોડ મિલપરા, રાજકોટ.

જયેશ સોના - સિધ્ધાંત સોના તથા સમગ્ર સોનછાત્રા પરિવાર

ADEX MEDIA LINKS - Rajkot

તંત્રી લેખ

# ટ્રમ્પના ટેરિફનો પડકાર અને ભારતની રણનીતિ

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે રશિયા પર નવા આર્થિક પ્રતિબંધો મૂકતા 'લિન્ડસી ઓ. ગ્રેહામ એક્ટ પર હસ્તાક્ષર કર્યા છે. આ કાયદા હેઠળ રશિયા પાસેથી કાચું તેલ ખરીદતા ભારત અને ચીન જેવા દેશો પર યુએસ સુધીના ૧૦૦% ટેરિફ જકાત ઝીંકી શકે છે. જોકે, આ ટેરિફ આપોઆપ લાગુ થશે નહીં, પરંતુ અમેરિકન પ્રશાસનને તેનો નિર્ણય લેવાની સત્તા મળી છે.

ઘસ ભારત તેની જરૂરિયાતનું ૮૫%થી વધુ તેલ આયાત કરે છે, જેમાં રશિયન ક્રૂડ ઓઈલ હિસ્સો મોટો છે. જો અમેરિકા ભારતીય ઉત્પાદનો પર ૧૦૦% ટેરિફ લાદે, તો અમેરિકી બજારમાં ભારતીય નિકાસ મોંઘી થઈ જશે અને નિકાસકારોને ભારે નુકસાન થશે. બીજી તરફ, રશિયા પાસેથી સસ્તું તેલ આયાત કરવાનું બંધ કરવાથી દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ વધી શકે છે, જે મોંઘવારીને આમંત્રણ આપશે.

ભારતે પોતાની ઊર્જા સુરક્ષા અને ૧.૪ અબજ દેશવાસીઓના આર્થિક હિતો સાથે કોઈ બાંધછોડ ન કરવી જોઈએ.

દેશે અમેરિકા સાથે ઉચ્ચ સ્તરે સંવાદ સાધીને સ્પષ્ટ કરવું જોઈએ કે સસ્તું તેલ ખરીદવું એ ભારતની આર્થિક જરૂરિયાત છે, કોઈ રાજકીય પક્ષપાત નથી.: રશિયા સિવાય ખાડી દેશો અને અન્ય ક્ષેત્રોમાંથી પણ ક્રૂડ ઓઈલનો પુરવઠો સંતુલિત રાખવો જોઈએઅમેરિકી બજાર પર નિર્ભરતા ઘટાડીને યુરોપ, આફ્રિકા અને એશિયાના નવા બજારો તરફ ધ્યાન કેન્દ્રિત કરવું જરૂરી છે.ભારતે પોતાની સાર્વભૌમ વિદેશ નીતિ અને આર્થિક હિતોનું રક્ષણ કરતા કૂટનીતિ અને મક્કમતાનો સમન્વય સાધવો પડશે.

# આઈ-હબ અને એન્જિનિયરિંગ એસો. દ્વારા યોજાયેલા 'ડેમો ડે'માં ૧૧ સ્ટાર્ટઅપ્સે રજૂ કર્યા સોલ્યુશન્સ

## ધારાસભ્ય રમેશભાઈ ટીલાળાની ઉપસ્થિતિમાં સોલાર, એઆઈ અને હેલ્થકેર ક્ષેત્રના પ્રોડક્ટ્સનું કરાયું પ્રદર્શન






**અબતક, રાજકોટ**

આઈ-હબ ગુજરાત અને રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના સંયુક્ત ઉપક્રમે એન્જિનિયરિંગ એસોસિએશનના કોન્ફરન્સ રૂમ ખાતે 'ડેમો ડે' કાર્યક્રમનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય આશાસ્પદ સ્ટાર્ટઅપ્સને ઉદ્યોગપતિઓ, બિઝનેસ લીડર્સ, રોકાણકારો, મેન્ટર્સ અને ટેકનોલોજી નિષ્ણાતો સાથે સીધા જોડવા માટે એક મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવાનો હતો.

આ પ્રસંગે મુખ્ય અતિથિ તરીકે ધારાસભ્ય રમેશભાઈ ટીલાળા ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે રાજકોટ એન્જિનિયરિંગ એસોસિએશનના પ્રમુખ નરેન્દ્રભાઈ પથાણી, આઈ-હબના ઓએસડી ભગીરથ ભટ્ટ, ડો. રશ્મિન તન્ના, યોગેશ રાઠોડ તથા પારસ સોલંકી સહિતના મહાનુભાવો અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન પસંદગી પામેલા કુલ ૧૧ સ્ટાર્ટઅપ્સે પોતાના નવીન ઉત્પાદનો, ટેકનોલોજી, બિઝનેસ મોડલ અને ઉદ્યોગલક્ષી સોલ્યુશન્સ રજૂ કર્યા હતા. આ સ્ટાર્ટઅપ્સ સોલાર એનર્જી, ઈલેક્ટ્રિક મોટર, હેલ્થકેર, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ, સીસીટીવી, મેડિકલ ઈક્વિપમેન્ટ, પાવર ઈલેક્ટ્રોનિક્સ અને રિન્યુએબલ એનર્જી જેવા વિવિધ ક્ષેત્રોમાં કાર્યરત છે.

'ડેમો ડે' જેવા કાર્યક્રમો થકી સ્ટાર્ટઅપ્સને માર્કેટ એક્સેસ, રોકાણ અને ફંડિંગની તકો, બિઝનેસ મેન્ટરિંગ તેમજ વ્યાવસાયિક ભાગીદારી માટે મહત્વપૂર્ણ મંચ પૂરું પાડવામાં આવ્યું હતું, જેનાથી રાજકોટ અને ગુજરાતના સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને નવો વેગ મળશે.

# રેલવે ડિવિઝનમાં 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' અભિયાનનો પ્રારંભ

## ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ અધિકારીઓ અને કર્મચારીઓને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા




**અબતક, રાજકોટ**

પશ્ચિમ રેલવેના રાજકોટ ડિવિઝન ખાતે ૧૭ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ 'સ્વચ્છતા હી સેવા-૨૦૨૬' અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ અભિયાન ૦૨ ઑક્ટોબર ૨૦૨૬ સુધી ચાલશે. આ વર્ષે આ અભિયાનનો મુખ્ય વિષય (થીમ) ''સ્વચ્છતામાં સહભાગિતા; સ્વચ્છ ભારત, વિકસિત ભારત'' રાખવામાં આવ્યો છે. ત્યારબાદ ૦૧ ઑક્ટોબરથી ૧૫ ઑક્ટોબર ૨૦૨૬ દરમિયાન 'સ્વચ્છતા પખવાડિયા-૨૦૨૬'નું આયોજન કરવામાં આવશે.

અભિયાનના પ્રથમ દિવસે રાજકોટ ડિવિઝનના વિવિધ રેલવે પરિસરોમાં સ્વચ્છતા શપથ અને જનજાગૃતિલક્ષી પ્રવૃત્તિઓ યોજવામાં આવી હતી. ડિવિઝનલ રેલવે મેનેજર કચેરીના કોન્ફરન્સ હોલમાં ડિવિઝનલ રેલવે મેનેજર ગિરિરાજ કુમાર મીનાએ રેલવે અધિકારીઓ, કર્મચારીઓ અને ઉપસ્થિત લોકોને સ્વચ્છતાના શપથ લેવડાવ્યા હતા. આ પ્રસંગે સ્વચ્છ સ્ટેશન, સ્વચ્છ રેલવે પરિસર અને સ્વચ્છ પર્યાવરણ પ્રત્યે પ્રતિબદ્ધતા વ્યક્ત કરતા સ્વચ્છ રેલવે-સ્વચ્છ ભારતના નિર્માણમાં જનભાગીદારીનું આહ્વાન કરવામાં આવ્યું હતું.

સ્વચ્છતા હી સેવા-૨૦૨૬ અભિયાન અંતર્ગત આજે રેલવે કર્મચારીઓ માટે ડિઝાસ્ટર મેનેજમેન્ટ રૂમમાં નિબંધ સ્પર્ધાનું આયોજન કરાયું હતું.

અભિયાન દરમિયાન રાજકોટ ડિવિઝનમાં રેલવે સ્ટેશનો, ટ્રેનો, રેલવે ટ્રેક, રેલવે કોલોનીઓ અને કચેરી પરિસરોમાં વ્યાપક સ્વચ્છતા તેમજ જનજાગૃતિ અભિયાનો હાથ ધરવામાં આવશે. જેમાં સામૂહિક શૌચાલયો અને કચરા-સંવેદનશીલ વિસ્તારોની સફાઈ અને સૌંદર્યીકરણ, સ્ટેશનો અને ટ્રેનોની સઘન સફાઈ, કચરાનું વર્ગીકરણ અને પ્લાસ્ટિક-મુક્ત અભિયાન, રમતગમત અને સ્વચ્છતા પ્રવૃત્તિઓ, પ્રવાસન અને વારસાના સ્થળોની સફાઈ, કચરામાંથી કલા (કબાડ સે કલા) અને રિસાયક્લિંગ તેમજ સફાઈ મિત્રો માટે સ્વાસ્થ્ય તપાસ અને સન્માન સમારોહ જેવી મુખ્ય પ્રવૃત્તિઓનો સમાવેશ થાય છે.

૦૧ ઑક્ટોબરના રોજ 'એક દિવસ, એક કલાક, એક સાથે' અંતર્ગત શ્રમદાન તથા ૦૨ ઑક્ટોબરના રોજ સ્વચ્છ ભારત દિવસ નિમિત્તે સામૂહિક સ્વચ્છતા શપથ, પ્રભાત ફેરી અને 'એક વૃક્ષ માતાના નામે' (એક પેડ માઁ કે નામ) જેવી વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવશે.

# કોર્પોરેશનની રોશની સમિતિના ચેરમેન ડો. પરેશ ઠાકરનો જન્મદિન



રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં.૧ના યુવા કોર્પોરેટર ડો. પરેશભાઈ ઠાકરનો આજે જન્મ દિન છે.તેઓ રોશની કમિટીના ચેરમેન પદે પણ સેવા આપી રહ્યા છે.તેઓ મહેસૂલી કાયદાના ખુબ જ જાણીતા અને પ્રખર ધારાશાસ્ત્રી છે.વર્ષોથી ભાજપની વિચારધારા સાથે સંકળાયેલા છે.

રાજકોટ શહેર ભાજપ યુવા મોરચાના પ્રમુખ તરીકે વર્ષ ૧૯૯૭થી ૨૦૦૦ સુધી જવાબદારી નિભાવી હતી. રાજકોટ બાર એસોસિએશનના મેમ્બર તરીકે પણ કાર્યરત છે.આજે જન્મદિન નિમિતે તેઓના મોબાઈલ નંબર ૯૪૨૬૯ ૬૦૦૦૬ ઉપર શુભેચ્છા વર્ષા થઈ રહી છે.

# વોર્ડ નં. ૮ ભાજપ મહામંત્રી નિલેશ ભટ્ટનો જન્મદિવસ



રામેશ્વર મહાદેવ ખોડિયાર યુવા મંડળ ટ્રસ્ટનાં પ્રમુખ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પાયાના કાર્યકર, લક્ષ્મી વિસ્તાર બસ્તી સંયોજક તથા વોર્ડ નં. ૮, ભાજપ મહામંત્રી તેમજ અનેક વિવિધ સંસ્થાઓ સાથે જોડાયેલા નિલેશભાઈ ભટ્ટનો તા. ૧૯ સપ્ટેમ્બરનાં રોજ ૫૦ માં વર્ષમાં મંગલ પ્રવેશ કરી રહ્યાં છે. નિલેશભાઈએ પોતાનાં જીવનનાં મહતમ દિવસો સેવામા જ વિતાવ્યા છે તેઓ છેલ્લા ૨૧ વર્ષથી રોજ ગાયોને લીલો ઘાસચારો, કુતરાને બિસ્કીટ, પક્ષીઓને ચણ નાખવું તેમજ ટ્રસ્ટ સંચાલીત મંદિર ખાતે દરરોજ સંધ્યા આરતી બાદ બહોળી સંખ્યામાં બાળકોને બટુકભોજન તથા વૃધ્ધ માતા-બહેનોને ધાર્મિક સ્થળોની યાત્રા દર વર્ષે કરાવે છે. તેમજ મંદિર ખાતે તેમની આગેવાનીમા ધાર્મિક, સામાજીક કાર્યક્રમો કરવામાં આવે છે. આમ તેઓ અનેકવિધ સેવાકીય પ્રવૃતીઓ સાથે સંકળાયેલા તથા 'રાજનીતી નહી પણ રાષ્ટ્ર નિતી' 'માં માનતાં જીવદયાપ્રેમી નીલેશભાઈ ભટ્ટનાં જન્મદિવસ નિમીતે તેમના બહોળા મિત્રવર્તુળ તેમજ શુભેચ્છકો દ્વારા આશીર્વાદની વર્ષા થઈ રહી છે.

-નીલેશભાઈ ભટ્ટ (મો. નં. ૯૮૭૯૫ ૩૪૫૮૧)

# શિવ ભવાની ગ્રુપ કન્સ્ટ્રકશન કંપનીના માલિક રાજ પરસાણાનો જન્મદિવસ



રાજકોટના કોઠારીયા વિસ્તારમાં કાર્યરત શિવ ભવાની ગ્રુપ કન્સ્ટ્રકશન કંપનીના માલિક શ્રી રાજ પરસાણાનો આજે જન્મદિવસ નિમિત્તે પરિવારજનો, મિત્રો, સ્નેહીજનો તેમજ શુભેચ્છકો દ્વારા તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. વ્યવસાય ક્ષેત્રે સતત મહેનત, કાર્યપ્રતિબદ્ધતા અને પ્રગતિના સંકલ્પ સાથે આગળ વધી રહેલા રાજ પરસાણાના જીવનમાં સફળતાના નવા આયામો ઉમેરાય અને તેઓ આવનારા સમયમાં વધુ ને વધુ પ્રગતિ કરે તેવી શુભેચ્છાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે.

જન્મદિવસના આ શુભ અવસરે તેમને સારા સ્વાસ્થ્ય, સુખ-સમૃદ્ધિ, દીર્ઘાયુ અને ઉજ્જવળ ભવિષ્ય માટે હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવે છે.

# વાયુસેનાના રિટાયર્ડ લીડર નૂપુર જૈને એનસીસી કેડેટ્સ સાથે સંવાદ કરી જૈન મુનિના આશિર્વાદ લીધા

## ઋષભદેવ જૈન સંઘ ખાતે પૂજ્ય રાજેશ મુનિ મહારાજ સાહેબના દર્શન-વંદન કરી ધર્મ અને જીવદયાની હિતશિક્ષા મેળવી



**અબતક, રાજકોટ**

એસએલએમ ફાઈનાન્સિયલ સર્વિસીસના ઉપક્રમે પ્રથમ વખત રાજકોટ પધારેલા ભારતીય વાયુસેનાના રિટાયર્ડ લીડર નૂપુર જૈને રાષ્ટ્રભક્તિ સાથે ધર્મભક્તિનો ઉત્તમ સંદેશ આપ્યો છે. તેમણે સોમવારે રામકૃષ્ણ આશ્રમ ખાતે એનસીસીના કેડેટ્સ સાથે વાતચીતનો કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ કર્યો હતો. આ પ્રોગ્રામ બાદ સમય ફાળવીને તેઓ સુશ્રાવક સંજયભાઈ મહેતા સાથે ઋષભદેવ જૈન સંઘ ખાતે પહોંચ્યા હતા, જ્યાં ચાતુર્માસ અર્થે બિરાજમાન બાલબ્રહ્મચારી ગુરુદેવ રાજેશ મુનિ મહારાજ સાહેબના દર્શન-વંદન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

સંતોના દર્શન અને સત્સંગ બાદ તેમણે ધર્મ તેમજ જીવદયા અંગે હિતશિક્ષા મેળવીને ધન્યતા અનુભવી હતી. તેમણે ઋષભદેવ સંઘ અને પાર્શ્વનાથ સંઘ ખાતે ગુરુ ભગવંતોના દર્શન કર્યા હતા. સાંજે સંજયભાઈ મહેતાના પરિવાર સાથે પ્રતિક્રમણ કરીને તેમણે વિદાય લીધી હતી. દેશની સેવા કરનારા એક ફોજીના હૃદયમાં જૈન ધર્મ પ્રત્યે આવો અગાધ પ્રેમ અને બહુમાન જોઈને સમગ્ર જૈન સમાજે નૂપુર જૈન પ્રત્યે ભારે આદર વ્યક્ત કર્યો હતો. અહીં નોંધનીય છે કે, ભારતીય વાયુસેનામાં સેવા આપતી વખતે નૂપુર જૈને બાલાકોટ એર સ્ટ્રાઈક સમયે અગ્રિમ હરોળમાં રહીને પોતાની ટીમ સાથે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેમણે પોતાની બહાદુરીથી દેશ, સમગ્ર જૈન સમાજ અને નારી શક્તિનું ગૌરવ વધાર્યું છે.

# સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જન્મદિવસ નિમિતે ૨૭ સપ્ટે. સર્વરોગ નિદાન કેમ્પ

## ૮૦ ડોકટરો વિવિધ પ્રકારના ૩૦ જેટલા રોગોનું નિદાન કરશે

**અબતક, રાજકોટ**

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જન્મદિન નિમિતે સરગમ ક્લબ અને સ્વ સવિતાબેન છગનભાઈ પટેલ (ફિલ્ડ માર્શલ) તેમજ અશોક ગોંધિયા મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કમાણી ફાઉન્ડેશન, પ્રેમજી વાલજી એન્ડ સન્સ, મહાવીર સેવા ટ્રસ્ટ, બાન લેબ્સ કમ્પની, જે.વી.શેઠીયા ચેરી.ટ્રસ્ટ / ઈન્ડિયન મેડીકલ એસોસીએશન સહયોગથી સરગમ ક્લબ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ સર્વરોગ નિદાન કેમ્પમાં રાજકોટના ૮૦ જેટલા ડોકટરો વિવિધ પ્રકારના ૩૦ જેટલા રોગોનું નિદાન વિનામુલ્યે કરશે.

કેમ્પ તા. ૨૭/૦૯/૨૦૨૬ ને રવિવારના રોજ કોટક સ્કૂલ, મોટી ટાંકી પાસે, સવારે ૮:૩૦ કલાકે યોજાશે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, આ કેમ્પમાં સૌરાષ્ટ્રભરમાંથી આવનાર તમામ સામાન્ય અને જરૂરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે સારવાર તેમજ દવા, લેબોરેટરી ટેસ્ટીંગ, કાર્ડીઓગ્રામ, એક્સ-રે, સોનોગ્રાફી, આ બધી સવલત ઉપલબ્ધ કરાશે અને સુવિધા પણ વિનામૂલ્યે અપાશે. કેમ્પમાં જનરલ ફિઝીશ્યન, ફેમેલી ફિઝીશ્યન, પ્લાસ્ટિક સર્જન, ઓર્થોપેડિક, આયુર્વેદિક, ન્યૂરો સર્જન, હાર્ટ સ્પેશ્યાલિસ્ટ, કેન્સર નિષ્ણાંત, માનસિક રોગ નિષ્ણાંત, સ્ત્રી રોગ નિષ્ણાંત, બાળરોગ, હોમિયોપેથિક, દાંત નાં રોગ, સ્કીન સ્પેશિયાલિસ્ટ, પેટ-આંતરડાના નિષ્ણાંત ડોકટરો પોતાની સેવા આપશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ સવારે ૮:૩૦ કલાકે સીધા સ્થળ પર પહોંચી જવું.

આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા તમામ જરૂરીયાતમંદ દર્દીઓ કેમ્પના સ્થળ કોટક સ્કૂલે તા.૨૭/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે સીધા પહોંચી જવું. સ્થળઃ કોટક સ્કૂલ ,મોટી ટાંકી ચોક રાજકોટ પર જ કેસ કાઢવામાં આવશે.

# જાણીતા મેનેજમેન્ટ નિષ્ણાંત અને આઈએસટીડીના રાષ્ટ્રીય કારોબારી સભ્ય ચેતન ભોજાણીનો કાલે જન્મદિવસ



જાણીતા મેનેજમેન્ટ નિષ્ણાત અને ઈન્ડિયન સોસાયટી ફોર ટ્રેનિંગ એન્ડ ડેવલપમેન્ટ (આઈએસટીડી) રાજકોટ ચેપ્ટરના મેન્ટોર, પૂર્વ ચેરમેન અને રાષ્ટ્રીય કારોબારી સભ્ય ચેતન ભોજાણીનો ૨૦ સપ્ટેમ્બરના રોજ જન્મદિવસ છે. ચેતન ભોજાણી એડ વેલ્યુ ગ્રુપના ડિરેક્ટર, એલાયન્સ ફોર ઈન્ટેગ્રિટી, જર્મનીના ગ્લોબલ સ્ટીઅરિંગ કમિટી મેમ્બર શ્રી કરૂણા ફાઉન્ડેશન, રોટરી ક્લબ ઓફ રાજકોટ મિડટાઉન રોટરી મિડટાઉન લાયબ્રેરી, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન, નેશનલ એચઆરડી નેટવર્ક, સહિતની ૩૮થી વધુ ઉદ્યોગીક, સામાજિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાયેલ છે. તેઓને મિત્ર વર્તુળ, પરિવારજનો તથા શુભેચ્છકો દ્વારા મો.નં.૯૪૨૮૨ ૦૨૨૬૩ પર અભિનંદન વર્ષા થઈ રહી છે.

# રામદેવપીર મહારાજના મેળાનું કાલે જાજરમાન આયોજન

## ભાદરવા સુદ - નોમ, દસમ, અગીયારસ સુધી ધર્મોત્સવ

**અબતક, રાજકોટ**

ભગવાન રામદેવજી મહારાજની તેમજ ગાય માતાજીના આશીર્વાદથી ધાર્મિક મેળાનું ઝાઝરમાન આયોજન કરવામાં આવેલ છે તથા રામદેવજી મહારાજ જ્યોતનો પાટોત્સવ ઉજવવામાં આવશે તો સર્વે જ્ઞાતિજનોને રાધેશ્યામ ગૌશાળા રૈયાધારના રાધેશ્યામ બાપુ તરફથી ધર્મપ્રેમી જનતાને પધારવા અનુરોધ કરેલ છે.

ભાદરવા સુદ નોમ રામદેવપીરની ૫૨ (બાવન) ગજની દવજા અજીતસિંહ ડોડિયા, ભાદરવા સુદ અગીયારસે મારવાડી સમાજ રૈયાધાર ચડાવવાનો લ્હાવો લેશે અને રામદેવપીરના જ્યોતનો પાટોત્સવ તા.૨૨/૯/૨૦૨૬ના રોજ રાત્રે ૯:૦૦ કલાકે રાખેલ છે.

# રોકાણ જાગૃતિ, સામાજિક - સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ સાથે જોડાયેલા મેહુલ રવાણીનો જન્મદિવસ




જૈન સમાજની વિવિધ સંસ્થાઓ સાથે જોડાઈને સેવાકીય, સામાજિક, ધાર્મિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં સક્રિય ભૂમિકા ભજવી રહેલા તથા પોતાના આગવા વ્યક્તિત્વ અને સુંદર એન્કરિંગથી આગવી ઓળખ ધરાવતા મેહુલભાઈ મહેન્દ્રભાઈ રવાણીનો આજે જન્મદિવસ છે.

મેહુલભાઈ રવાણી અરિહંત ઈન્વેસ્ટમેન્ટના ફાઉન્ડર હોવા ઉપરાંત જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ વેસ્ટ, ગોંડલ રોડ રાજકોટ વેસ્ટ ઉપાશ્રય, પૂજ્ય ગુરુદેવ પારસમુનિ મહારાજ સાહેબ દ્વારા સંચાલિત ભોજનાલય સહિતની વિવિધ સંસ્થાઓ અને સેવાકીય પ્રવૃત્તિઓ સાથે ભાવપૂર્વક સંકળાયેલા છે. સમાજ સાથેના તેમના જોડાણની વિશેષતા માત્ર સંસ્થાકીય જવાબદારી પૂરતી સીમિત નથી, પરંતુ સેવા, સહકાર અને સંબંધોને જીવનમૂલ્ય તરીકે સ્વીકારીને વિવિધ સામાજિક અને સેવાકીય કાર્યોમાં સક્રિય ભાગીદારી તેમની આગવી ઓળખ બની છે. સેવા, જીવદયા, સમાજપ્રત્યેની જવાબદારી અને સંબંધોની ઉષ્મા - આ ચારેય પાસાં મેહુલભાઈ રવાણીના વ્યક્તિત્વની આગવી ઓળખ બની રહ્યા છે.

મેહુલભાઈ રવાણીના જન્મદિવસ નિમિત્તે પરિવારજનો, મિત્રો, શુભેચ્છકો તથા વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ સાથે જોડાયેલા સ્વજનો દ્વારા તેમને શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે. જીવદયાપ્રેમી અને સેવાપ્રેમી મેહુલભાઈ રવાણીના મોબાઈલ નંબર ૯૮૨૫૮૮૨૫૭૯ ઉપર આજે શુભેચ્છાઓનો ધોધ વરસી રહ્યો છે.

# જિલ્લા ભાજપ અગ્રણી - પટેલ સેવા સમાજના ટ્રસ્ટી દિનેશ અમૃતિયાનો કાલે જન્મદિવસ



ગુજરાત પ્રદેશ ભાજપના પૂર્વ કારોબારી સભ્ય અને પટેલ સેવા સમાજ (ફીલ્ડ માર્શલ)ના ટ્રસ્ટી દિનેશભાઈ અમૃતિયાનો કાલે ૭૧મો જન્મદિવસ છે. મૂળ ભાયાવદર-ઉપલેટાના વતની અને વર્ષોથી રાજકોટને કર્મભૂમિ બનાવી જાહેર જીવનમાં અનેકવિધ પ્રવૃત્તિઓથી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરનાર દિનેશભાઈ અમૃતિયા સૌરાષ્ટ્ર-ગુજરાતની સેવાકીય, સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક, શૈક્ષણિક અને મેડિકલ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

દિનેશભાઈ અમૃતિયાના જન્મદિવસ પ્રસંગે ભાજપ પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા, કેબિનેટ મંત્રી કુંવરજીભાઈ બાવળિયા, સાંસદ પુરુષોત્તમભાઈ રૂપાલા, મંત્રી કાંતિભાઈ અમૃતિયા, પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી, રાજકોટ જિલ્લા ભાજપ પ્રભારી ભરતભાઈ આર્ય, રાજકોટ જિલ્લા પંચાયત પ્રમુખ સંજયભાઈ પીપળિયા, ધારાસભ્ય મહેન્દ્રભાઈ પાડલિયા, રાજકોટ જિલ્લા ભાજપ પ્રમુખ અલ્પેશભાઈ ઢોલરિયા, રાજકોટ જિલ્લા ભાજપના મહામંત્રી નરેન્દ્રસિંહ જાડેજા, ધારાસભ્ય સંજયભાઈ કોરડિયા તેમજ પટેલ સમાજના અગ્રણી અને ફીલ્ડ માર્શલ ગ્રુપના અરવિંદભાઈ પટેલ, પૂર્વ કેબિનેટ મંત્રીઓ અરવિંદભાઈ રૈયાણી, ગોવિંદભાઈ પટેલ, મનસુખભાઈ ખાચરિયા, અનીમેષ પટેલ અને બોર્ડ ઓફ ઈન્ડિયાના નિતિન પેથાણી સહિતના અનેક શ્રેષ્ઠીઓએ તેમને હાર્દિક અભિનંદન પાઠવ્યા છે.

### બાળકોના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવાનું બંધ કરો

# શીરો ચિકણો, થેપલા કાચા : આંગણવાડીઓમાં બાળકોને અપાતું ભોજન જ ‘કુપોષિત’

## અમે રૂબરૂ મુલાકાત લઈ આંગણવાડીઓના બાળકોને અપાતા નાસ્તા અને ભોજનની ચકાસણી કરી છે : અંજનાબેન મોરજરિયા, ધર્મિષ્ઠાબેન પરમાર અને દક્ષાબેન વાઘેલાએ બોર્ડમાં અધિકારીઓને ઉઘાડા પાડ્યા : એજન્સીને નોટિસ આપ્યાનો અધિકારીઓનો દાવો





તસ્વીરઃ શૈલેષ વાડોલીયા

**અબતક, રાજકોટ**

કોર્પોરેશનની આંગણવાડીઓમાં બાળકોને અપાતું ભોજન જ હલકી ગુણવત્તા વાળું અને કુપોષિત હોવાનો પર્દાફાશ ખુદ શાસકપક્ષ ભાજપના ત્રણ-ત્રણ મહિલા કોર્પોરેટર દ્વારા આજે જનરલ બોર્ડમાં કરવામાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો છે. બાળકો આવતી કાલનું ભવિષ્ય છે તેઓના સ્વાસ્થ્ય સાથે ચેડા કરવાનું બંધ કરો તેમ કહી કોર્પોરેટરોએ અધિકારીઓને બોર્ડમાં ઉઘાડા પાડ્યા હતાં અમે આંગણવાડીઓની રૂબરૂ મુલાકાત લઈ નજરે નિહાળ્યું છે કે બાળકોને અપાતો શીરો ચીકણો જ્યારે થેપલા તદન કાચા હતાં. આ તડાપીટ બાદ સીડીપીઓએ એવો બચાવ કર્યો હતો કે, બાળકોને ગુણવત્તા સભર ખોરાક મળી રહે તે માટે એજન્સીને નોટિસ પણ ફટકારવામાં આવી છે અને કડક ભાષામાં તાકીદ પણ કરાઈ છે. વોર્ડ નં. ૧ ના કોર્પોરેટર અંજનાબેન મોરજરિયા, વોર્ડ નં. ૨ ના કોર્પોરેટર દક્ષાબેન વાઘેલા અને વોર્ડ નં. ૬ ના કોર્પોરેટર ધર્મિષ્ઠાબેન પરમારે બોર્ડમાં એવો પર્દાફાશ કર્યો હતો કે, આંગણવાડીમાં બાળકોને તદન હલકી ગુણવત્તાનો આહાર પીરસવામાં આવે છે. જેમાં શીરો ખુબ જ ચીકણો હોવાનો અને થેપલા કાચા હોવાનું અમે રૂબરૂ મુલાકાત દરમિયાન નજરે નિહાળ્યું છે. બાળકોના ભવિષ્ય સાથે ચેડા બંધ કરવાનું તેઓએ કહ્યું હતું. જેના જવાબમાં અધિકારીઓએ એવુ કહ્યું હતું કે, આંગણવાડીમાં ફૂડ સપ્લાય કરતી અને રસોઈ બનાવતી એજન્સીને નોટિસ આપવામાં આવી છે.

આરોગ્ય કેન્દ્રોમાં પણ પુરતા સાધન ન હોવાના પ્રશ્ને વોર્ડ નં. ૫ ના કોર્પોરેટર સંજય ચાવડાએ અધિકારીઓ પર તડાપીટ બોલાવી હતી. વોર્ડ નં. ૧૧ ના કોર્પોરેટર રક્ષિત કલોલાના જવાબ દરમિયાન એવુ પ્રકાશમાં આવ્યું છે કે, વોર્ડમાં છેલ્લા ત્રણ મહિનામાં પાણીને લગતી ૩૭૪૫ ફરિયાદો નોંધાઈ છે. જેમાં મોટાભાગની વિતરણને લગતી છે. જે પૈકી ૩૫૯૫ ફરિયાદ હલ થઈ ગઈ છે અને હાલ ૧૫૦ ફરિયાદ પેન્ડિંગ હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. રક્ષિત કલોલાએ એવો પણ પર્દાફાશ કર્યો હતો કે, ડીઆઈ પાઈપલાઈન નખાયાના દોઢ-દોઢ વર્ષ પછી પણ પાણી પહોંચ્યું નથી. આ અંગે એક નિતિ ઘડવા મેયરે મ્યુનિસિપલ કમિશનરને સૂચના આપી હતી.

## આવાસ મળી ગયા પરંતુ ઝુપડપટ્ટી ન હટી!!!

### આવાસ યોજનામાં એસોસીએશનના ફંડ માટે પોલીસી બનાવો : ડો. પ્રદિપ ડવ

વોર્ડ નં. ૧૪ ના કોર્પોરેટર કેતન પટેલે બોર્ડમાં કહ્યુ હતું કે, લલુડી વોકળી સહિતના શહેરના અલગ અલગ વિસ્તારોમાં ઝુપડપટ્ટી દૂર કરવા માટે ૨૦૧૦થી રિડેવલોપમેન્ટ પોલીસી લાવવામાં આવી છે. લાભાર્થીઓને આવાસ મળી ગયા છે. પરંતુ ઝુપડપટ્ટીઓ સાફ થઈ નથી. જેને આવાસ મેળવી લીધા છે અને ઝુપડપટ્ટી ખાલી કરી નથી તેઓની સામે આકરી શિક્ષાત્મક કાર્યવાહી કરવાની પણ માગણી કરી હતી. પૂર્વ મેયર ડો. પ્રદિપ ડવે બોર્ડમાં કહ્યું હતું કે, નવી આવાસ યોજના ખુબ જ સારી બને છે. જેમાં લાભાર્થીઓ પાસેથી મેન્ટેનન્સ પેટે જે રકમ લેવામાં આવે છે તે અમુક લોકો જેઓ એસોસીએશનના હોદેદાર હોય છે. તે થોડા વર્ષોમાં પોતાના આર્થિક હિતોને સંતોષવા માટે ખર્ચી નાખે છે ત્યાર બાદ આવાસ ધારકોને જરૂરી સુવિધા માટે પણ ફંડ ઉપલબ્ધ રહેતું નથી. આવામાં એસોસીએશનના ફંડ માટે કોઈ સચોટ પોલીસી બનાવવાની જરૂરિયાત છે.

## ડામરના 30 અને કોંક્રિટના ૧૬૫ નમુનાઓ ફેઈલ

### સોલીડ સવાલ પુછવા બદલ જાનકીબેન કાટોળિયાને મેયરે અભિનંદન આપ્યા

વોર્ડ નં. ૯ના મહિલા કોર્પોરેટર જાનકીબેન કાટોળિયાએ વીજીલન્સ (ટેક) શાખાને લગતો પ્રશ્ન પુછ્યો હતો જેમાં તેઓએ છેલ્લા બે વર્ષ દરમિયાન લેવામાં આવેલા નમુનાની કામગીરીની પણ માહિતી માગી હતી. બે વર્ષમાં ડામરના ૩૨૦૪ નમુના લેવાયા હતાં. જે પૈકી ૩૦ નમુના ફેઈલ ગયા છે. એજન્સી પાસેથી ૩૯ લાખની પેનલ્ટી વસુલ કરવામાં આવી હતી. અલગ અલગ પ્રોજેક્ટ અંતર્ગત કોંક્રિટના ૨૫૪૭ નમુના લેવાયા હતાં. જે પૈકી ૧૬૫ નમુના ફેઈલ જતાં ૨૨ લાખની પેનલ્ટી વસુલ કરવામાં આવી છે. પેવિંગ બ્લોકના ૪૨૯ નમુના લેવાયા હતાં. જે પૈકી ૧૧ નમુના ફેઈલ ગયા છે. રૂા. ૧.૧૦ કરોડની પેનલ્ટી વસુલ કરવામાં આવી છે. જ્યારે સ્ટીલબારના ૨૧૧ નમુના લેવાયા છે. જે પૈકી ૮ નમુના ફેઈલ ગયા છે. જેમાં ૨૦ લાખની પેનલ્ટી લેવાઈ છે. તમામ મહિલા કોર્પોરેટરોને બોર્ડમાં પ્રશ્નો પુછવા મેયરે અપિલ કરી હતી અને જાનકીબેનને ખાસ અભિનંદન પાઠવ્યા હતાં.

### કોંગ્રેસના કોર્પોરેટરો બાંધકામના નામે વોર્ડમાં ઉઘરાણા કરતા હોવાનો સંજય ચાવડાનો આરોપ

કોંગ્રેસના કોર્પોરેટર દિપ્તીબેન સોલંકીએ આજે ટીપી શાખાને લગતો પ્રશ્ન પુછ્યો હતો જ્યારે અન્ય પેટા પ્રશ્નોમાં કોંગી કોર્પોરેટર અર્જુનભાઈ ચૌહાણે ટીપી શાખાને લગતા પ્રશ્નો પુછવાનું શરૂ કરતા ભાજપના કોર્પોરેટર સંજય ચાવડાએ તેઓને આડેહાથે લીધા હતાં અને કહ્યુ હતું કે, તમારા મોઢે ડિમોલીશન કે ટીપી નોટિસની વાતો સોભતી નથી. કારણ કે કોંગ્રેસના જ કોર્પોરેટરો વોર્ડમાં ગેરકાયદે બાંધકામના નામે ઉઘરાણા કરે છે. આજે સવારે જ કોંગ્રેસના કોર્પોરેટરે એક વોર્ડમાંથી બાંધકામ મામલે ૫૦ હજારના ઉઘરાણા કર્યા હતાં એક તરફ તમે જ ડિમોલીશનની નોટિસ અપાવો છો અને બીજી તરફ ઉઘરાણા કરો છો.

### આરોગ્ય કેન્દ્રો જ સાધન વિહોણા : મેડિકલ ઓફિસરો ફરિયાદ કરતા ફફડે છે

કોર્પોરેશનના તમામ આરોગ્ય કેન્દ્રોમાં ડાયાબીટીસ, બીપી, કોલેસ્ટોલ, લીપીડ પ્રોફાઈલ, ઈસીજી જેવા રિપોર્ટ કરી શકાય તે માટે સાધનો વસાવવામાં આવ્યા છે. પરંતુ ટેસ્ટીંગ માટે જરૂરી સાધોની અછતો હોવાનું આજે બોર્ડમાં કોર્પોરેટર સંજય ચાવડાએ જણાવ્યું હતું. તેઓએ વધુમાં બોર્ડમાં કહ્યુ હતું કે, ક્યા વોર્ડના ક્યા આરોગ્ય કેન્દ્રમાં ક્યા ક્યા સાધનો ખુટે છે, દવાઓ નથી, ટેસ્ટીંગ કીટ નથી તેની માહિતી વોર્ડના સ્થાનિક કોર્પોરેટરોને ન આપવા માટે આરોગ્ય અધિકારી દ્વારા મેડીકલ ઓફિસરોને કડક સુચના આપવામાં આવી છે. એટલુ જ નહીં સાધનો મંગાવવા માટે પણ સ્ટાફ ફફડી રહ્યો છે. આરોગ્ય અધિકારી ડો. જયેશ વકાણી સ્ટાફ સાથે ખુબ જ ઉદ્ધતાઈ ભર્યુ વર્તન કરે છે. જેમાં સુધારો લાવવા માટે તેઓએ અપીલ કરી હતી. મેયર નેહલ શુકલએ પણ આરોગ્ય અધિકારીને તેઓના વર્તનમાં સુધારો કરવા માટે સુચના આપી હતી અને સુમેળભર્યુ વાતાવરણ ઉભુ કરવાનું જણાવ્યુ હતુ.

### કોંગ્રેસનો પ્રશ્ન ટુંકમાં આટોપી લેવાયો

કોંગ્રેસના નેતા-નગરસેવિકા દિપ્તીબેન સોલંકીએ ટીપી શાખાને લગતો ધારદાર પ્રશ્ન પુછ્યો હતો પરંતુ કોઈ ચોક્કસ કારણોસર તેને ખુબ જ ટુંકમાં આટોપી લેવામાં આવ્યો હતો. તેઓએ ત્રણેય ઝોનમાં ગત વર્ષે ભરતી કરાયેલા ટાઉન પ્લાનરની અત્યાર સુધીની કામગીરીનો રિપોર્ટ માગ્યો હતો. આ ઉપરાંત નોટિસ, ડિમોલીશન સહિતની કામગીરી અંગે માહિતી માગી હતી. પરંતુ આશ્ચયજનક રીતે તેઓને ઉપરછલી માહિતી આપી દેવામાં આવી હતી. ટીપી શાખાના અધિકારીઓને બચાવવા માટે જાણે ભાજના કોર્પોરેટરોને પણ રસ પડ્યો હોય તેમ ઉઘરાણાનો વિવાદ ઉભો કરી પ્રશ્નોને આડા માર્ગે ચડાવી દેવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.


### ચોમાસા પછી ટીપીના પ્લોટના દબાણો દૂર કરવા મોટાપાયે ઓપરેશન

કોર્પોરેશનને ટીપી સ્કીમ અંતર્ગત મળેલા અનામત પ્લોટ પર ખડકાયેલા દબાણો દૂર કરવા માટે શું કામગીરી કરવામાં આવી તેવા પ્રશ્નનો જવાબ અધિકારીઓ યોગ્ય રીતે આપી ન શકતા વોર્ડ નં. ૮ ના કોર્પોરેટર મનીષ ભટ્ટ અને વોર્ડ નં. ૧૩ ના કોર્પોરેટર મોહિતસિંહ જાડેજાએ અધિકારીઓ પર તડાપીટ બોલાવી હતી. ટીપીના પ્લોટ પર ખડકાયેલા હંગામી દબાણો ચોક્કસ દૂર કરી દેવામાં આવી રહ્યા છે. પરંતુ સ્થાયી દબાણો દૂર કરવામાં આવતા નથી તેવો પણ આક્ષેપ લગાવ્યો હતો. જેના જવાબમાં મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ એવી ખાતરી આપી હતી કે, ચોમાસાની સિઝન પૂર્ણ થતાની સાથે જ ત્રણેય ઝોનમાં ટીપીના પ્લોટ પરના દબાણો દૂર કરવા માટે મોટા પાયે ઓપરેશન ડિમોલીશન હાથ ધરવામાં આવશે. જેમાં હંગામી અને સ્થાયી દબાણો દૂર કરીને પ્લોટને ફરતે ફેન્સીંગ કરી દેવમાં આવશે.

## વોર્ડ નં. ૧૧ માં ત્રણ મહિનામાં પાણીની ૩૭૪૫ ફરિયાદ : દોઢ વર્ષ પહેલા ડીઆઈ પાઈપલાઈન નખાઈ ગઈ હોવા છતાં પાણી પહોંચ્યુ ન હોવાનો કોર્પોરેટર રક્ષિત કલોલાએ મુદ્દો રજૂ કર્યો

# મારવાડી યુનિવર્સિટીમાં ૧૦ માળેથી ૧૯ વર્ષીય છાત્રાનો છલાંગ લગાવી આપઘાત

### એ.આઈ. એન્જિનિયરિંગમાં બીજા વર્ષમાં અભ્યાસ કરતી યુવતીના મોતથી ગમગીની છવાઈ



**અબતક રાજકોટ**

શહેરમાં મોરબી હાઈવે પર મારવાડી યુનિવર્સિટીમાં એન્જિનિયરિંગ માં અભ્યાસ કરતી ૧૯ વર્ષથી છાત્રાએ અગમ્ય કારણોસર મારવાડી કોલેજના એ બિલ્ડીંગના ૧૦માં માળેથી યુવતી છલાંગ લગાવી લેતા લોહી લુહાણ હાલતમાં યુવતીને ૧૦૮ મારફતે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં હાજર તબીબે યુવતીનું પ્રાણ પંખેરું ઉડી ગયાનું જણાવ્યું હતું ઘટનાની જાણ થતા કુવાડવા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો

અને મૃતદેહ પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો

અને યુવતીના આપઘાતના પગલે વિધાર્થીમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું આ અંગે યુવતીના આપઘાતનું કારણ અકબંધ છે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

આ અંગે મળતી માહિતી મુજબ શહેરમાં દિવસે અને દિવસે આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે અને સામાન્ય બાબતે યુવક યુવતીઓ અમૂલ્ય જીવનને મોત ખપ્પરમાં હોમી રહ્યા ત્યારે એક ગંભીર ઘટના સામે આવી છે.

જેમાં મોરબી હાઈવે પર મારવાડી યુનિવર્સિટીમાં એ.આઈ એન્જિનિયરિંગ બીજા વર્ષમાં અભ્યાસ કરતી શૌબરનીકા વ્યંકટેશ અલ્લા ઉંમર વર્ષ ૧૯ વર્ષીય યુવતીએ અગમ્ય કારણોસર આજે સવારે ૧૦ વાગ્યા આસપાસ મારવાડી કોલેજનાના હોસ્ટેલ કમ્પાઉન્ડના એ બિલ્ડિંગના ૧૦ માળે થી છલાંગ મારી નીચે પટકાતા આજુબાજુ ના વિધાર્થી, સિક્યુરિટી સહિતનો સ્ટાફ દોડી ગયો હતો મારવાડી યુનિવર્સિટીમાં વહીવટી વિભાગને જાણ કરતા ડેપ્યુટી રજીસ્ટર સહિત પ્રોફેસર દોડી ગયા હતા અને ગંભીર રીતે લોહી લુહાણ હાલત પડેલ યુવતીને સારવાર માટે ૧૦૮ ને જાણ કરતા ૧૦૮ની ટીમ ઘટના સ્થળે દોડી ગઈ હતી અને ઈજાગ્રસ્ત યુવતીને તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી જ્યાં ફરજ પરના તબીબે યુવતીને મૃત જાહેર કરતા વિધાર્થીઓ માં ગમગીની છવાઈ હતી ઘટનાની જાણ થયા કુવાડવા પોલીસ સ્ટેશનના પીએસઆઈ સમુદ્રે સહિતનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ મૃતક મારવાડી યુનિવર્સિટીમાં પિતરાઈ બહેન સાથે રહેતી હતી અને હાલ આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે.

મૃતક પોતે એ.આઈ એન્જિનિયરિંગ બીજા વર્ષમાં અભ્યાસ કરતી હતી પોતે મૂળ અંધપ્રદેશની વતની છે અને પિતાનું અવસાન થતા માતાએ બીજા લગ્ન કરેલ હોવાની માહિતી મળી રહી છે મૃતક એકની એક પુત્રીના મોતથી પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા હતા આ અંગે કુવાડવા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

### એકની એક પુત્રીના મોતથી પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયાઃ કારણ અકબંધ

### મૃતક પોતે આંધ્રપદેશની વતની અને કોલેજ પિતરાઈ બહેન સાથે રહેતી અને પિતાનું અવસાન થયેલ અને માતાએ બીજા લગ્ન કર્યાની પ્રાથમિક માહિતી

### કુવાડવા પોલીસ મથકનો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો અને મૃતદેહ ને પીએમ અર્થે ખસેડ્યો : તપાસનો ધમધમાટ

# માપમાં રહેજો વિવાદ કે જુથવાદ નહીં ચલાવી લેવાય : કોર્પોરેટરોને પ્રદેશ મહામંત્રીનું અલ્ટીમેટમ

## પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધ દવેએ ભાજપના કોર્પોરેટરો સાથે એક કલાકની મેરેથોન બેઠક યોજી : વિવાદો ટાળવા પદાધિકારીઓને પણ કોર્પોરેટરોની ફરિયાદ સાંભળવા ટકોર

**અબતક, રાજકોટ**




રાજકોટની મુલાકાતે આવેલા ગુજરાત પ્રદેશ ભાજપના મહામંત્રી અને રાજકોટના પ્રભારી અનિરુદ્ધભાઈ દવેએ ગઈકાલે ભાજપના કોર્પોરેટરો અને સંગઠનના હોદેદારો સાથે મેરેથોન બેઠક યોજી હતી કોર્પોરેશનમાં આટલો વિવાદ કેમ ચાલે છે. સૌને વિશ્વાસમાં લઈ ચાલવા પદાધિકારીઓને કડક ટકોર કરી હતી. તમામને માપમાં રહેવા અને વિવાદ કે જુથવાદથી દૂર રહેવા અલ્ટીમેટમ આપી દેવામાં આવ્યું છે. જો મામલો હદબાર જશે તો કોર્પોરેટરો તો ઠીક પદાધિકારીઓને પણ સસ્પેન્ડ કરવામાં પ્રદેશ હાઈકમાન્ડ કોઈ જ પ્રકારની શેહશરમ નહીં રાખે તેવી સ્પષ્ટ સુચના આપી દેવામાં આવી છે.

કોર્પોરેટરો સાથેની બેઠકમાં પ્રદેશ મહામંત્રી અનિરુદ્ધભાઈ દવેએ તમામ કોર્પોરેટરોને શિસ્તમાં રહેવા અને પાર્ટી લાઈનમાં રહેવા કડક સુચના આપી છે. ઘરની વાત ઘરમાં જ રાખવાની સલાહ રાખવાની સલાહ આપી દીધી છે. વિવાદો ન થવા જોઈએ, કોર્પોરેશનમાં આટલાબધા વિવાદ શા માટે ઉભા થાય છે તેવો સવાલ પણ કર્યો હતો. સૌને વિશ્વાસમાં રાખીને ચાલવા પદાધિકારીઓને ટકોર કરી હતી. વિવાદો ઉભા ન થાય તે જોવાનું કામ પદાધિકારીઓનું છે. કોર્પોરેટરોની કોઈ ફરિયાદ હોય તો તેને સાંભળવી અને તેનો યોગ્ય નિકાલ કરવાની સુચના આપી હતી. પાર્ટીહિતથી ઉપર કસુજ નહી તમામને મર્યાદા જાળવવા માટે તાકીદ કરવામાં આવી છે. કોઈ પણ પ્રકારનો વિવાદ કે જૂથવાદ ક્યારેય ચલાવી લેવામાં આવશે નહીં બધાને આ વાતની ધ્યાન રાખવાની સુચના આપવામાં આવી છે. જો પાર્ટીહિત જોખમાતુ હશે તો કોર્પોરેટરો તો ઠીક પદાધિકારીઓને પણ સસ્પેન્ડ કરવા કોઈ પણ પ્રકારની શેહશરમ રાખવામાં આવશે નહીં. શહેર ભાજપમાં ચાલતા જુથવાદને તાત્કાલીક અસરથી ડામી દેવા માટે હાઈ કમાન્ડ દ્વારા કડક સુચના આપી દેવામાં આવી હોવાનું ચર્ચાઈ રહ્યું છે

## મામલો હદ બહાર જશે તો કોર્પોરેટરો તો ઠીક પદાધિકારીઓને પણ સસ્પેન્ડ કરવામાં પ્રદેશ કોઈ જ શેહશરમ નહીં રાખે : પ્રદેશ મહામંત્રી

## સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત

# વડાપ્રધાનના જન્મદિવસ નિમિતે જિલ્લામાં ૧૩ સ્થળો પર ૨.૫ લાખ કરતા વધુ દીવડાઓ પ્રગટાવાયા

### જિલ્લામાં આશિર્વાદના દીવડા અને બ્લડ ડોનેશનના વિવિધ કેમ્પોમાંથી ૬૦૦ કરતા વધુ બોટલ રક્ત એકત્રીત

**અબતક,રાજકોટ**

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્મા, પ્રદેશ સંગઠન મહામંત્ર રત્નાકરજીના માર્ગદર્શન મુજબ તેમજ જીલ્લા સંગઠન પ્રભારી ભરતભાઈ આર્ય, જીલ્લા ભાજપ અધ્યક્ષ અલ્પેશભાઈ ઢોલરીયા, જીલ્લા ભાજપ મહામંત્રીઓ નરેન્દ્રસિંહ જાડેજા, રવિભાઈ માંકડિયા, વલ્લભભાઈ ઝાંપડીયાની આગેવાનીમાં રાજકોટ જીલ્લા ભાજપ દ્વારા દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મદિવસ નિમિત્તે રાજકોટ જીલ્લામાં વિવિધ સંસ્થાઓના સહયોગથી સેવાકીય અને



સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ અંતર્ગત જિલ્લામાંના મુખ્ય ૧૩ કરતા વધુ સ્થળોએ આશીર્વાદના દીવડાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉપલેટા શહેરમાં નવનિર્મિત સિવિલ હોસ્પિટલ, ગાયત્રી આશ્રમ, ગધેથડ, આઈકોનિક રોડ, ધોરાજી શહેર, તોરણીયા આશ્રમ, સ્વામિનારાયણ મંદિર, જેતપુર શહેર, ખોડલધામ મંદિર, કાગવડ, બીએપીએસ મંદિર,ગોંડલ, જીઆઈડીસી, ખીરસરા, ઈન્ટરનેશનલ એરપોર્ટ, હીરાસર, સૌની યોજના પંપ, કસ્તુરબાધામ, આલણ સાગર તળાવ, જસદણ, ઘેલા સોમનાથ મહાદેવ મંદિર અને આઈ.ટી.આઈ.વિછીયા તેમજ જીલ્લાના તમામ બુથના મંદિરો સહીતના વિવિધ સ્થળોએ મોટી સંખ્યામાં નાગરિકો અને કાર્યકરો તેમજ જીલ્લાની જનતાએ પોતાના ઘર આંગણે દીપ પ્રજવલ્લિત કરી વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દીર્ઘાયુ, સુખાકારી અને દેશની સતત પ્રગતિ માટે શુભકામનાઓ પાઠવવામાં આવી હતી. આ સાથે માનવસેવાના ઉમદા હેતુથી સમગ્ર જિલ્લામાં રક્તદાન કેમ્પોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પોમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ રક્તદાન કર્યું હતું.

વિવિધ કેમ્પોમાંથી કુલ ૬૦૦ કરતા વધુ બોટલ જેટલું રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું.

# પ્રજેશકુમારજી મહારાજનો નિત્યલીલા પ્રવેશઃ સોમવારે ભાવાંજલી સભા

સપ્તમ પીઠાધીશ્વર પુ.પા.ગો.શ્રી ૧૦૮ વ્રજેશકુમારજી મહારાજશ્રી (કામવન-રાજકોટ) તા.૧૬ને બુધવારના રોજ શ્રી ચંદાવલીજીના ઉત્સવને દિવસે લીલા પ્રવેશ કર્યો છે.



છેલ્લા ૪૫ વર્ષથી તેઓ રાજકોટ બિરાજી સમગ્ર પુષ્ટિ શ્રૃષ્ટિને પોષણ આપતા તેમજ વૈષ્ણવોના કોઈપણ મુંઝવતા પ્રશ્નો, તકલીફોનું સહજમાં નિવારણ કરી આપતાંને દુઃખમાં પણ પુર્ણ સહયોગ તેમજ હુંફ આપતાં હતા. આવા વિશિષ્ટ મહામહિમ વ્યકિતના લીલા પ્રવેશથી કામવન / રાજકોટ વૈષ્ણવ સમાજને ન પુરી શકાય એવી ખોટ પડી છે.

શ્રી સપ્તમ પીઠાધીશ્વર પુ.પા.ગો શ્રી ૧૦૮ વ્રજેશકુમાર મહારાજશ્રીના લીલા પ્રવેશ અનુલક્ષી ભાવાંજલી સભા તા.૨૧ને સોમવારે બપોરે ૪:૦૦ થી ૬:૦૦ કલાકે, પટેલ સમાજની વાડી, વાણીયાવાડી, જલારામ ચોક, રાજકોટ ખાતે રાખેલ છે.

# ટ્રાફિક નિયમન માટે પોલીસ આડેધડ રસ્તાઓ બંધ કરી અંધાધૂંધી ન સર્જે: કોંગ્રેસ

### મનપા કે લોકોનો અભિપ્રાય લીધા વગર બેરિકેટ લગાવવાનું અને લોકોને ફોગટના ફેરા ફેરવવાનું પોલીસ બંધ કરેઃ દિલીપભાઈ આસવાણી

**અબતક, રાજકોટ**

શહેર કોંગ્રેસ સમિતિના મહામંત્રી દિલીપભાઈ આસવાણી (પૂર્વ કોર્પોરેટર), શહેર કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ગજેન્દ્રસિંહ ઝાલા (લોકસંસદ વિચાર મંચ) અને સિનિયર કોંગ્રેસ અગ્રણી નાગજીભાઈ વિરાણી (સીનિયર સિટીઝન) એ એક સંયુક્ત યાદીમાં ટ્રાફિક સમસ્યા અંગે ભારે આક્રોશ વ્યકત કર્યો છે. અગ્રણીઓએ જણાવ્યું છે કે સૌરાષ્ટ્રનું પાટનગર સમાન રાજકોટ મેગાસિટી તરફ આગળ વધી રહ્યું છે, જ્યાં વાહનોની સંખ્યા સતત વધી રહી છે. પરંતુ મહાનગરપાલિકા અને શહેર પોલીસ તંત્ર વચ્ચે સંકલનના અભાવે શહેરની ટ્રાફિક વ્યવસ્થા



વિકરાળ રૂપ ધારણ કરી રહી છે અને લોકોને અંધાધૂંધીનો ભોગ બનવું પડે છે.

કોંગ્રેસ અગ્રણીઓએ આક્ષેપ કર્યો છે કે નો પાર્કિંગના બોર્ડ કે સફેદ પટ્ટા ન હોવા છતાં વાહનો ટોઈંગ કરીને દંડ ફટકારવામાં આવે છે, જે દર્શાવે છે કે પોલીસ ટ્રાફિક નિયમન કરવા કરતાં દંડકીય કાર્યવાહી કરવામાં વધુ સક્રિય છે.

વધુમાં, છેલ્લા કેટલાક સમયથી વર્ષોથી ખુલ્લા રસ્તાઓ પર પોલીસ દ્વારા મનફાવે તેમ આડેધડ બેરિકેટ લગાવીને રસ્તા બંધ કરી દેવાય છે. રૂડા બિલ્ડિંગ પાસે, સાંઢિયા પુલ પછી તેમજ કોટેચા ચોક, ઈન્દિરા સર્કલ, કાલાવડ રોડ અને કિશનપરા ચોક જેવા વિસ્તારોમાં રસ્તા બંધ કરાતાં વાહનચાલકોને ફોગટના ફેરા ફરવા પડે છે. આનાથી ઈંધણ અને સમયનો વ્યય થાય છે તથા લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે.

અગ્રણીઓએ માંગ કરી છે કે મનપા કે પ્રજાના અભિપ્રાય વગર રસ્તાઓ બંધ કરવાનું તાત્કાલિક બંધ કરવામાં આવે. જો રસ્તા બંધ કરવા જરૂરી જણાય, તો પહેલાં લોકોનો અભિપ્રાય લેવો જોઈએ અને મનપાના ટ્રાફિક અને ટ્રાન્સપોર્ટ વિભાગના ઈજનેરોને સાથે રાખીને સર્વે કર્યા બાદ જ યોગ્ય નિર્ણય લેવો જોઈએ. રસ્તાઓ બંધ કરવાને બદલે પૂરતા પ્રમાણમાં ટ્રાફિક વોર્ડન, હોમગાર્ડ, ટ્રાફિક પોલીસ અને શહેર પોલીસને પોઈન્ટ પર તૈનાત કરીને ટ્રાફિકનું સુચારુ નિયમન કરાવવું જરૂરી છે.

# સરગમ કલબના સંયુકત ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પમાં વિનામૂલ્ય સારવાર કરવામાં આવશે

### કેમ્પમાં આંખના ચશ્મા, આંખનું ઓપરેશન, સોનોગ્રાફી, નેત્રમણી વિનામૂલ્ય થશે

**અબતક,રાજકોટ**

સરગમ કલબ દ્વારા પણ સમગ્ર સૌરાષ્ટ્રના જરૂરીયાતમંદ ગરીબ દર્દીઓ માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના જન્મદિન નિમિતે સરગમ કલબ અને સ્વ સવિતાબેન છગનભાઈ પટેલ તેમજ અશોક ગોંધિયા મેમોરિયલ ચેરીટેબલ ટ્રસ્ટ ઉપક્રમે સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. કમાણી ફાઉન્ડેશન, પ્રેમજી વાલજી એન્ડ સન્સ, મહાવીર સેવા ટ્રસ્ટ, બાન લેબ્સ કમ્પની, જે.વી.શેઠીયા ચેરી.ટ્રસ્ટ / ઈન્ડિયન મેડીકલ એસોસીએશન સહયોગથી સરગમ કલબ દ્વારા સર્વરોગ નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. આ સર્વરોગ નિદાન કેમ્પમાં રાજકોટના ૮૦ જેટલા ડોકટરો વિવિધ પ્રકારના ૩૦ જેટલા રોગોનું નિદાન વિનામુલ્યે કરશે. કેમ્પ તા. ૨૭/૦૯/૨૦૨૬ ને રવિવારના રોજ કોટક સ્કૂલ, મોટી ટાંકી પાસે, સવારે ૮:૩૦ કલાકે યોજાશે. સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાએ જણાવ્યું હતું કે, આ કેમ્પમાં સૌરાષ્ટ્રભરમાંથી આવનાર તમામ સામાન્ય અને જરૂરીયાત મંદ દર્દીઓને વિનામૂલ્યે સારવાર તેમજ દવા, લેબોરેટરી ટેસ્ટીંગ, કાર્ડીઓગ્રામ, એક્સ-રે, સોનોગ્રાફી, આ બધી સવલત ઉપલબ્ધ કરાશે અને સુવિધા પણ વિનામૂલ્યે અપાશે. કેમ્પમાં જનરલ ફિઝીશ્યન, ફેમેલી ફિઝીશ્યન, પ્લાસ્ટિક સર્જન, ઓર્થોપેડિક, આયુર્વેદિક, ન્યૂરો સર્જન, હાર્ટ સ્પેશ્યાલિસ્ટ, કેન્સર નિષ્ણાંત, માનસિક રોગ નિષ્ણાંત, સ્ત્રી રોગ નિષ્ણાંત, બાળરોગ, હોમિયોપેથિક, દાંત નાં રોગ, સ્કીન સ્પેશિયાલિસ્ટ, પેટ-આંતરડાના નિષ્ણાંત ડોકટરો પોતાની સેવા આપશે. કેમ્પનો લાભ લેવા ઈચ્છતા દર્દીઓએ સવારે ૮:૩૦ કલાકે સીધા સ્થળ પર પહોંચી જવું.

આ કેમ્પમાં આંખના દર્દીઓને વિનામૂલ્યે ચશ્મા આંખના ઓપરેશન સાથે નેત્રમણી પણ રણછોડદાસજીબાપુ ચેરીટેબલ ટ્રસ્ટ તરફથી વિનામૂલ્યે કરી આપવામાં આવશે. સિવિલ પી.ડી.ઓ ગવરમેન્ટ હોસ્પિટલ આંખ વિભાગ.

આ કેમ્પનો લાભ લેવા ઈચ્છતા તમામ જરૂરીયાતમંદ દર્દીઓ કેમ્પના સ્થળ કોટક સ્કૂલે તા.૨૭/૦૯/૨૦૨૬ ના રોજ સવારે ૮:૩૦ વાગ્યે સીધા પહોંચી જવું. સ્થળઃ કોટક સ્કૂલ ,મોટી ટાંકી ચોક રાજકોટ પર જ કેસ કાઢવામાં આવશે.

(પહેલા પાનાનું ચાલુ)

### 'ચોખા' ચિંતા...

કહેવામાં આવે તો આ વર્ષ ૧ કરોડ ટન ઓછા ચોખા પાકશે. આગામી દિવસોમાં ચોખાની કિંમતોમાં પણ ભાવ વધારાની દહેશત દેખાય રહી છે. ગત વર્ષ ચોખાના રેકોર્ડબ્રેક ઉત્પાદનના કારણે ચોખાનો પૂરતો બફર સ્ટોક હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. ચોખાની આવકની નવી સીઝન શરૂ થાય તે પૂર્વે જ ઉત્પાદનની ચિંતાના વાદળો ઘેરાવા લાગ્યા છે.

### કફ સિરપ...

દર્શાવવામાં આવશે અને તેનો ઉદ્દેશ્ય સ્પષ્ટપણે નિર્દિષ્ટ વયથી નીચેના બાળકોમાં આ દવાનો ઉપયોગ અટકાવવાનો છે.

આ સમગ્ર મામલે આંતરિક ટેકનિકલ કમિટી દ્વારા એપ્રિલ ૨૦૨૬ માં ચર્ચા કરવામાં આવી હતી. કમિટીએ આ અંગે આઈસીએમઆર સાથે પરામર્શ કરવાની ભલામણ કરી હતી, જેથી જાણી શકાય કે સંશોધન સંસ્થા પાસે બાળરોગની વસ્તીમાં કફ સીરપ સંબંધિત કોઈ પ્રસ્તાવો છે કે નહીં. જોકે, આઈસીએમઆર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે તેઓ હાલમાં કફ સીરપના લેબલિંગ અંગે કોઈ કાર્ય કરી રહ્યા નથી.

ભારતમાં કફ સીરપ સૌથી વધુ પ્રિસ્ક્રાઈબ થતી અને કાઉન્ટર પરથી સીધી ખરીદાતી દવાઓમાંની એક છે. લાંબા સમયથી આરોગ્ય નિષ્ણાતો દ્વારા ખૂબ નાના બાળકોમાં તેના ઉપયોગ અંગે ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આથી જ હવે કડક નિયમો અને સ્પષ્ટ લેબલિંગ દ્વારા બાળકોના સ્વાસ્થ્યની સુરક્ષા સુનિશ્ચિત કરવાના પ્રયાસો થઈ રહ્યા છે.

### એનાલોગ પનીર...

વાત માત્ર આ પ્રોડક્ટનું અસ્તિત્વ નથી, પરંતુ તેને ગ્રાહકો સામે કઈ રીતે રજૂ કરીને વેચવામાં આવે છે તે છે. રેસ્ટોરન્ટ્સ અને હોટેલ્સ ખરીદીને ગ્રાહકોને પીરસે છે ત્યારે ગ્રાહકને ખબર નથી હોતી કે તે અસલી પનીર ખાઈ રહ્યા છે કે સબ્સ્ટીટ્યુટ.

મહારાષ્ટ્ર, ગુજરાત અને કર્ણાટક સહિત ઓછામાં ઓછા ૮ રાજ્યોએ એનાલોગ પનીર પર પોતપોતાના સ્તરે પ્રતિબંધ અને કડક નિયંત્રણો મૂકી દીધા છે. દાખલા તરીકે, કર્ણાટકે ઓગસ્ટ મહિનામાં જ એનાલોગ પનીરના મેન્યુફેક્ચરિંગ, પ્રોસેસિંગ, સ્ટોરેજ, ટ્રાન્સપોર્ટેશન અને વેચાણ પર ૧ વર્ષ માટે બેન લગાવી દીધો હતો.

એફએસએસએઆઈ એ બાબત પર પણ વિચાર કરી રહી છે કે શું આ પ્રોડક્ટને સંપૂર્ણ બેન કરવાને બદલે કોઈ અલગ નામ આપીને 'નોન-ડેરી' પ્રોડક્ટ તરીકે કડક લેબલિંગ સાથે વેચવાની છૂટ આપવી જોઈએ. તે સિવાય રેસ્ટોરન્ટ્સ તેમના મેનૂ કાર્ડમાં માત્ર 'પનીર' કે 'ચીઝ' લખવાને બદલે નોન-ડેરી અથવા એનાલોગ પનીરનો ઉપયોગ થાય છે તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરે તેવો પ્રસ્તાવ પણ ચર્ચાઈ રહ્યો છે. આ સાથે જ નાના ઉત્પાદકોને પણ ફોર્મલ રજિસ્ટ્રેશન અને લાયસન્સિંગ સિસ્ટમ હેઠળ લાવવાની યોજના છે.

દેશભરમાં ફૂડ સેફ્ટી કાયદાનું પાલન કરાવવા એફએસએસએઆઈએ કડક ઝુંબેશ ચલાવી છે, જેમાં તાજેતરના મહિનાઓમાં ૧ લાખથી વધુ નોટિસ આપવામાં આવી છે, ૫,૦૦૦ જેટલા લાયસન્સ સસ્પેન્ડ કરાયા છે, ૬૦૦ થી વધુ લોકોની ધરપકડ થઈ છે અને ૧૯૦૦ કેસમાં સજા તેમજ ૩૩,૦૦૦ કેસમાં પેનલ્ટી ફટકારવામાં આવી છે. રજિત પુનહાનીએ સ્પષ્ટ કર્યું હતું કે તપાસમાં જે બિઝનેસ સાચા જણાય છે તેમને હેરાન કરવામાં આવતા નથી. હવે સમગ્ર ભારતમાં એકસરખો નેશનલ રૂલ આવશે કે નહીં તેનો આખરી નિર્ણય ગુરુવારની મીટિંગમાં રાજ્યોના ફીડબેક પર આધારિત રહેશે.

(ત્રીજા પાનાનું ચાલુ)

### બાર કાઉન્સિલ ઓફ ગુજરાત...

છે. સાથે જ કાઉન્સિલના કુલ ૨૫ સભ્યનું સંખ્યાબળ વિધિવત પૂર્ણ થતા .બાર કાઉન્સિલના હોદ્દેદારોની પસંદગીની પ્રક્રિયા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ જનરલ બોર્ડની બેઠક રાજ્યના એડવોકેટ જનરલની અધ્યક્ષતામાં આજે બપોરે ૧૨:૩૯ કલાકે યોજાય હતી.બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના ચેરમેન તરીકે પી ડી પટેલ અને વાઈસ ચેરમેન તરીકે નિમિશા ધોત્રે અને બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયામા બીસીજીના પ્રતિનિધિ તરીકે જે જે પટેલની નિમણૂક કરવામાં આવી છે.

બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના કો.ચેરમેન તરીકે દિલીપભાઈ પટેલ અનિલભાઈ કેલા મનોજ અનડકડ અને ભરતભાઈ ભગતની ની વરણી કરવામાં આવી છે સર્વોચ્ચ પદો પર નિમણૂક પૂર્ણ થયા બાદ ગુજરાત બાર કાઉન્સીલની મહત્ત્વની એક્ઝીક્યુટીવ કમીટી, એનરોલમેન્ટ કમીટી, ડિસીપ્લીનરી કમીટી, ફાયનાન્સ કમીટી, રૂલ્સ કમીટી સહિતની ૧૫ જેટલી કમીટીઓ અને સભ્યોની પણ નિમણૂંક કરવામાં આવી છે.ઉપરાંત બાર કાઉન્સીલ ઓફ ઈન્ડિયામાં ગુજરાત રાજયના પ્રતિનિધિ તરીકે મોકલવા એક સભ્યની વિશેષ નિમણૂંક કરવામાં આવશે.તેમજ રાજયના તમામ વકીલમંડળોની ચૂંટણીઓ માટે ચાર સભ્યોની ઈલેકશન કમીટીની રચના પણ કરવામાં આવી છે.બિનલબેન રવેશિયા અને મોરબીના દિલીપ આગેચનીયા બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના કો. ઓપ્ટ મેમ્બર તરીકે નિમણૂક પામેલા છે.

### સર્વેશ્વર ચોક કા રાજા...

શહેરના યાજ્ઞિક રોડ પર આવેલા સર્વેશ્વર ચોક ખાતે સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહનો અનોખો સંગમ જોવા મળી રહ્યો છે. 'સર્વેશ્વર ચોક કા રાજા'ના દર્શન કરવા માટે દરરોજ મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી રહ્યા છે. ગણેશ મહોત્સવના પાંચમા દિવસે ભવ્ય મહાઆરતીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શહેરના મહાનુભાવો, સમાજના આગેવાનો, ઉદ્યોગપતિઓ, રાજકીય આગેવાનો તેમજ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી ગણપતિ બાપ્પાની આરાધના કરી હતી. ગણેશ મહોત્સવના પાંચમા દિવસે સર્વેશ્વર ચોક ખાતે આયોજિત મહાઆરતીમાં ભક્તિભાવ સાથે મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. મહાઆરતી દરમિયાન ગણપતિ બાપ્પાના જયઘોષથી સમગ્ર પરિસર ગુંજી ઉઠ્યું હતું. ભક્તોએ શ્રદ્ધાપૂર્વક આરતીમાં ભાગ લઈ ભગવાન ગણેશના આશીર્વાદ મેળવ્યા હતા. પવિત્ર અને ભકિતમય વાતાવરણમાં આયોજિત મહાઆરતી પ્રસંગે ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો. મહાઆરતીમાં રાજકોટના મેયર ડો. નેહલ શુકલા, કશ્યપ શુકલા સહપરિવાર, બ્રહ્મ સમાજના પ્રમુખ દર્શીતભાઈ જાની, તનિષ્ક શોરૂમના ઓનર ધર્મેશભાઈ મહેતા, સ્વ. દિલીપભાઈ કાંતીલાલ નંદાણીના પરિવાર તેમજ જતીનભાઈ માનસતા સહપરિવારે ઉપસ્થિત રહી આરતીનો લાભ લીધો હતો. આ ઉપરાંત રાજકોટના ડેપ્યુટી મેયર દક્ષાબેન વસાણી, વોર્ડ નં. ૮નાં કોર્પોરેટર કિરણબેન માકડીયા, સામાજિક અગ્રણી જ્યોતિબેન ટીલવા, વોર્ડ નં. ૬નાં કોર્પોરેટર અનિલભાઈ ચૌહાણ સહિત અનેક આગેવાનોએ સર્વેશ્વર ચોક કા રાજાના દર્શન કરી આશીર્વાદ મેળવ્યા હતા.

સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા આયોજિત ગણેશ મહોત્સવમાં શરૂઆતથી જ શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. યાજ્ઞિક રોડ પર આવેલા સર્વેશ્વર ચોક ખાતે ભવ્ય પંડાલમાં બિરાજમાન ગણપતિ બાપ્પાના દર્શન કરવા માટે શહેરના વિવિધ વિસ્તારોમાંથી ભાવિકો આવી રહ્યા છે. ગણેશજીના દર્શન, આરતી અને ધાર્મિક કાર્યક્રમોમાં લોકો ભક્તિભાવપૂર્વક ભાગ લઈ રહ્યા છે. મહોત્સવને લઈને સમગ્ર વિસ્તારમાં ઉત્સવમય માહોલ છવાયો છે અને ભક્તો પરિવાર સાથે બાપ્પાના દર્શન કરી રહ્યા છે.

સર્વેશ્વર ચોક ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ગણેશ મહોત્સવ દરમિયાન ધાર્મિક ઉજવણી સાથે સામાજિક સેવાકીય પ્રવૃત્તિઓનું પણ આયોજન કરવામાં આવી રહ્યું છે. મહોત્સવ અંતર્ગત આજે અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવશે, જેમાં ભગવાન શ્રી ગણેશને વિવિધ વાનગીઓનો ભોગ ધરાવવામાં આવશે. આ ઉપરાંત આવતીકાલે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ સેવાકીય કાર્યક્રમમાં લોકો રકતદાન કરીને સામાજિક જવાબદારી નિભાવશે તેવી અપેક્ષા છે. ટ્રસ્ટ દ્વારા ધાર્મિક ઉત્સવને સેવા પ્રવૃત્તિ સાથે જોડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

### ૨૨૪ તાલુકાઓમાં વરસાદ

તારાપુરમાં ૧.૧૪ ઈંચ, વિરમગામમમાં ૧.૧૪ ઈંચ, કપડવંજમાં ૧.૧૪ ઈંચ, સનખેડામાં ૧.૧૪ ઈંચ, અંબિકામાં ૧.૧૪ ઈંચ, ધોળકામાં ૧.૧૦ ઈંચ વરસાદ પડ્યો હતો. રાજ્યભરમાં આજથી વરસાદનું જોર ઘટશે. સવારથી સર્વત્ર વરાપ જેવો માહોલ જોવા મળી રહ્યો છે.

રાજ્યમાં આજ સુધીમાં ચોમાસાની સિઝનનો ૮૭.૬૮ ટકા વરસાદ વરસી ગયો છે. કચ્છ રિજીયનમાં ૫૭.૧૬ ટકા, ઉત્તર ગુજરાતમાં ૭૦.૩૩ ટકા, પૂર્વ - મધ્ય ગુજરાતમાં ૮૮.૫૭ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૭.૮૬ ટકા અને દક્ષિણ ગુજરાતમાં સૌથી વધુ ૧૧૩.૫૨ ટકા વરસાદ પડ્યો છે. આગામી ૨૪મી સપ્ટેમ્બરથી રાજ્યમાં ફરી વરસાદનો એક નવો રાઉન્ડ આવવાની સંભાવના છે.

### 'જ્ઞાનગુરુ ક્વિઝ'

પર્સનલાઈઝ્ડ લર્નિંગ એક્સપિરિયન્સ આપવામાં આવશે. રાજ્ય સ્તરે વિજેતા બનનાર શાળાના વિદ્યાર્થીને ૧ લાખ અને કોલેજના વિદ્યાર્થીને ૩ લાખનું ઈનામ મળશે.

સેવા ફર્સ્ટમાં ૧ કરોડના ઈનામો છે. આશરે ૨૦ હજાર વિદ્યાર્થીઓને સરકારી વહીવટી તંત્ર અને ઉદ્યોગો સામેના વાસ્તવિક પડકારોના વ્યવહારુ સોલ્યુશન્સ શોધવા માટે જોડવામાં આવશે. હેકાથોન મોડલ પર આધારિત, જ્યાં યુવાનો પારદર્શક અને ટેકનોલોજી-સંચાલિત ઉકેલો રજૂ કરશે. આનો મુખ્ય હેતુ એ છે કે યુવાનો સરકારી યોજનાઓના 'યોજના દૂત' બની માહિતી છેવાડા સુધી પહોંચાડે અને ઈનોવેશન દ્વારા 'જોબ ક્રિએટર' બને.

### આઈપીએસને પોસ્ટિંગ

નિમણુંક આપવામાં આવી છે. ડી.એમ. ચૌહાણને મહેસાણા જિલ્લાના વિસનગર વિભાગીય પોલીસ વડા પદેથી કમાન્ડન્ટ, એસઆરપીએફ ગ્રુપ-૩, મડાણા (બનાસકાંઠા), પ્રકાશકુમાર વિષ્ણુપ્રસાદ રાવલને એસઆરપીએફ ગ્રુપ-૧૫, ઓએનજીસી મહેસાણાના કમાન્ડન્ટથી કમાન્ડન્ટ, એસઆરપીએફ ગ્રુપ-૪, પાવી (દાહોદ), બી.એલ. દેસાઈને પંચમહાલ-ગોધરાના હેડકવાર્ટર એસપી પદેથી કમાન્ડન્ટ, એસઆરપીએફ ગ્રુપ-૫, ગોધરા, એચ.પી. દોશીને જૂનાગઢ ચોકી પોલીસ ટ્રેનિંગ સેન્ટરના એસપી પદેથી કમાન્ડન્ટ, એસઆરપીએફ ગ્રુપ-૧૩, રાજકોટ અને એલ.બી. ઝાલાને સુરત સિટી એફ-ડિવિઝનના ડીસીપી પદેથી બદલી કરીને કમાન્ડન્ટ, એસઆરપીએફ ગ્રુપ-૧૧, વાવ (સુરત) તરીકે મૂકવામાં આવ્યા છે.

### મોરબીના જેતપરમાં

અમિત શાહના પૂતળાઓનું દહન કરી સરકાર વિરુદ્ધ સૂત્રોચ્ચાર કરતા જોવા મળ્યા હતા. તપાસમાં આ બનાવ જેતપર ગામના મુખ્ય ચોકનો હોવાનું ખૂલ્યું હતું. આરોપીઓએ કોઈપણ વહીવટી મંજૂરી વિના ગેરકાયદે ડોમ બનાવી, જાહેર માર્ગમાં અવરોધ ઊભો કરી, લાકડાના ધોકા વડે પૂતળાને મારી અને જ્વલનશીલ પ્રવાહી છાંટી અગ્નિ પ્રગટાવી હતી.આ ઘટનામાં પોલીસે જેતપર અને કુંભારિયા ગામના કુલ ૨૧ લોકો તથા અન્ય આયોજકો સામે બી.એન.એસ. (BNS) ની કલમ ૬૧(૨), ૧૨૬, ૧૮૯(૨), ૧૯૨, ૨૨૩, ૨૮૫, ૨૮૭, ૩૫૨ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. આ ઉપરાંત જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો પણ ભંગ કરવા બદલ કાર્યવાહી કરવામાં આવી છે. આ કેસની વધુ તપાસ પોલીસ સબ ઈન્સ્પેક્ટર ચીમનલાલ સોમાભાઈ સોંદરવા ચલાવી રહ્યા છે

### ૪૧૦ રક્તદાન કેમ્પ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના ૭૬માં જન્મ દિવસ ૧૭ સપ્ટેમ્બરથી એક મહિના સુધી આ સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત વિવિધ સેવાકિય કાર્યક્રમો જન ભાગીદારીથી યોજાશે.

વડાપ્રધાનના આ જન્મ દિવસની ઉજવણીના સેવા કાર્યોમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા દર્શનમાં સમગ્ર રાજ્યમાં રક્તદાન કેમ્પનું અનોખું આયોજન કરવામાં આવ્યું હતું.સેવા મેરા યોગદાનના મંત્ર સાથે 'રક્તદાન મહાદાન' અને 'અપણા રક્તનું એક ટીપું કોઈ જરૂરતમંદને આપશે જીવનદાન'ના ધ્યેયથી રાજ્યના ૩૪ જિલ્લાઓમાં ૪૧૦ જેટલા સ્વૈચ્છિક રક્તદાન કેમ્પનું લોક ભાગીદારીથી આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્રતયા આ કેમ્પ્સમાં એન.સી.સી. કેડેટ્સ, વિદ્યાર્થીઓ, યુવાનો, સુરક્ષાકર્મીઓ અને સમાજસેવી નાગરિક રકત દાતાઓએ જોડાઈને કુલ ૧૮૫૭૮ બોટલ રક્તદાન કર્યુ હતું.વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના સુશાસન કાળ અને સેવાકાર્યોને જન જન સુધી પહોંચાડવાના બહુવિધ કાર્યક્રમોમાં તેમના ૭૬માં જન્મ દિવસે યોજાયેલી આ રક્તદાન શિબિર મહત્વપૂર્ણ બની છે.

### અમદાવાદ જળબંબાકાર થયું

પાણીની આવક વધ્યા બાદ વાસણા બેરેજના ૧૪ દરવાજા ખોલવામાં આવ્યા અને આશરે ૨૬,૦૦૦ ક્યુસેક પાણી ડિસ્ચાર્જ કરવામાં આવી રહ્યું હતું. સાથે જ બેરેજનું પાણીનું સ્તર ૧૨૯ ફૂટ સુધી લાવવાની કામગીરી ચાલી રહી હતી. જ્યારે સાબરમતીનું પાણીનું સ્તર સતત વધી રહ્યું હતું, ત્યારે ગેટ ખોલવાનો નિર્ણય કયા સમયે લેવામાં આવ્યો?, ૧૪ ગેટ ખોલવાનો નિર્ણય એકસાથે કેમ લેવાયો? શું ગેટ તબક્કાવાર અને આગોતરી રીતે ખોલી શકાય તેમ નહોતું ?, નીચાણવાળા વિસ્તારોમાં રહેતા હજારો પરિવારોને ગેટ ખોલતા પહેલાં પૂરતી જાણ, જાહેર જાહેરાત, સાયરન અથવા અન્ય માધ્યમથી ચેતવણી આપવામાં આવી હતી કે નહીં?, જો ચેતવણી આપવામાં આવી હતી તો ક્યા વિસ્તારોમાં, ક્યા સમયે અને કયા માધ્યમથી આપવામાં આવી તેનો સંપૂર્ણ રેકોર્ડ જાહેર કરવામાં આવે., ઈંખઉની વરસાદ અને ગાજવીજ અંગેની આગાહી ઉપલબ્ધ હોવા છતાં કોર્પોરેશન અને સંબંધિત જળસત્તાવાળાઓ વચ્ચે અગાઉથી ફ્લડ મેનેજમેન્ટ આયોજન કેમ ન થયું? નદીનું જળસ્તર, ઉપરવાસની આવક, વરસાદની આગાહી અને શહેરની ડ્રેનેજ ક્ષમતાને ધ્યાનમાં રાખીને કોઈ પૂર્વ-નિર્ધારિત ગેટ ઓપરેશન પ્રોટોકોલ અમલમાં મૂકાયો હતો કે નહીં? જનતા જવાબ માગે છે.

દિવા ઉત્સવ અને નદી વ્યવસ્થાપન અંગે પણ સ્પષ્ટતા જરૂરી છે. જો કોઈ સરકારી/જાહેર કાર્યક્રમને કારણે નદીના જળસ્તર અથવા ગેટ ઓપરેશન અંગે કોઈ વિશેષ વ્યવસ્થા કરવામાં આવી હોય, તો તેનો સમયવાર નિર્ણય રેકોર્ડ અને જવાબદાર અધિકારીઓના નામ સાથે જાહેર કરવામાં આવે. નાગરિકોની સુરક્ષા કરતાં કોઈપણ કાર્યક્રમ, આયોજન કે ઉજવણી ઉપર ન હોઈ શકે. આ પહેલી ઘટના નથી.

છેલ્લા ૨૪ કલાકનું સાબરમતી/વાસણા બેરેજનું કલાકવાર જળસ્તર, ઉપરવાસમાંથી આવેલી કલાકવાર પાણીની આવક, ૧૪ ગેટ કયા સમયે અને કયા ક્રમમાં ખોલવામાં આવ્યા?, દરેક ગેટ કેટલા ફૂટ ખોલવામાં આવ્યો, પાણી છોડવાનો કુલ ક્યુસેક ડિસ્ચાર્જ અને સમયવાર રેકોર્ડ, ગેટ ખોલતા પહેલાં અને પછી કરવામાં આવેલી પૂર ચેતવણીની વિગતો, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, ઈરીગેશન ડિપાર્ટમેન્ટ અને અન્ય સંબંધિત એજન્સીઓ વચ્ચે થયેલા સંપર્ક - સંવાદ લોગ, ફ્લડ મેનેજમેન્ટ, ગેટ ઓપરેશન મેન્યુઅલ મુજબ લેવાયેલા નિર્ણયો, જો કોઈ નિર્ણય મેન્યુઅલ અથવા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસેજરથી અલગ હતો તો તે માટે જવાબદાર અધિકારી કોણ? આ માત્ર પાણી ભરાવાની ઘટના નથી આ અમદાવાદની જનસુરક્ષાનો પ્રશ્ન છે.

દર વર્ષે ચોમાસા પહેલાં પ્રિ-મોન્સૂન કામગીરી, ડ્રેનેજ સફાઈ અને પૂર નિયંત્રણના દાવા કરવામાં આવે છે. પરંતુ વરસાદ પડે ત્યારે જો રસ્તાઓ, અંડરપાસ અને રહેણાંક વિસ્તારો પાણીમાં ગરકાવ થાય અને નદીના ગેટ અંગે પણ સમયસર નિર્ણય તથા ચેતવણી અંગે પ્રશ્નો ઊભા થાય, તો જવાબદારી નક્કી થવી જ જોઈએ.

### બાઈક ચલાવી યાત્રામાં જોડાયા

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત વડનગરથી વારાણસી તરફ જઈ રહેલી ઐતિહાસિક બાઈક સેવા યાત્રાનું સાણંદ ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્વાગત કર્યું હતું.

અરવલ્લી જિલ્લાના મોડાસા ખાતે ભાજપા પ્રદેશ અધ્યક્ષ જગદીશભાઈ વિશ્વકર્માએ વડનગરથી વારાણસી બાઈક સેવા યાત્રામાં સહભાગી થઈ યુવાનોનો ઉત્સાહ વધાર્યો હતો. કિશોરપુરા ખાતે સેવા યાત્રાના સ્વાગત કાર્યક્રમમાં પણ પ્રદેશ અધ્યક્ષ વિશ્વકર્મા જોડાયા હતા.

'સેવા સંકલ્પ અભિયાન' અંતર્ગત મોટા ચિલોડા ખાતે રાજયના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીએ ગંગાસ્વરૂપા માતાઓ-બહેનોને કીટનું વિતરણ કરી તેમની સાથે આત્મીય સંવાદ સાધ્યો હતો. આ પ્રસંગે ગંગાસ્વરૂપા બહેનોનું સન્માન કરી સમાજ પ્રત્યે તેમના યોગદાન અને સંઘર્ષ પ્રત્યે આદર વ્યક્ત કર્યો હતો. આ સાથે જ ગાંધીનગરથી બાઈક પર નીકળેલી 'સેવા યાત્રા' મહેમદાબાદ ખાતે પહોંચી હતી. જ્યાં નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવી પણ બાઈક યાત્રામાં સહભાગી બન્યા હતા. તેમણે મહેમદાબાદ ખાતે મહિલા દૂધ ઉત્પાદક સહકારી મંડળીની બહેનો અને ગ્રામજનો સાથેના સંવાદ કર્યો હતો.

# ફૂલ બજારમાં મ્યુનિ. કમિશનર તુષાર સુમેરાએ કર્યું સ્વચ્છતાનું નિરિક્ષણ



**અબતક, રાજકોટ**

શહેરના તમામ ૧૮ વોર્ડમાં વિવિધ સ્થળોએ સઘન અને વિશેષ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ સફાઈ ઝુંબેશના અનુસંધાને આજ રોજ મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ રામનાથપરા વિસ્તારમાં આવેલ ફૂલ બજારની મુલાકાત લઈ સ્વચ્છતા કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.મ્યુનિસિપલ કમિશનરએ ફૂલ બજાર વિસ્તારમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે ધંધાર્થીઓને ફૂલનો કચરો જાહેરમાં ન નાખવા તથા કચરાનો યોગ્ય રીતે નિકાલ કરવા સૂચના આપી હતી. તેમજ રસ્તા પરના અનધિકૃત દબાણો દૂર કરવા માટે સંબંધિત અધિકારીને જરૂરી કાર્યવાહી હાથ ધરવા નિર્દેશ આપ્યો હતો.

# દુઃખદ અવસાન

### સદ્દગતના આત્માને શાંતિ અને સ્વજનને સધિયારો મળે એ જ પ્રભુ પ્રાર્થના

**રાજકોટ :** ચતુર્વેદી મચ્છુ કાંઠિયા મોઢ બ્રાહ્મણ મૂળ નસીતપર હાલ મુલુંડ મુંબઈ નિવાસી ભારતીબેન પ્રકાશભાઈ પંડ્યા (ઉ.૫૬ ) તે પ્રકાશભાઈ પંડ્યાના પત્ની, મૂળ કોટડાનાયાણી હાલ રાજકોટ નિવાસી સ્વ.ભગવાનજીભાઈ પંડ્યાના દીકરી, ગીતાબેન, અલકાબેન મધુબેનના નાનાબેન, મીનાબેન કુકમા, કોકિલાબેન, કિરીટભાઈ (જામનગર), સ્વ. મનોજભાઈ, મુકેશભાઈ(રાજકોટ), સ્વ. હસમુખભાઈ, જીતેશભાઈ(જામનગર)ના મોટાબેનનું ગુરૂવારે અવસાન થયું છે. તેમનું પિયરપક્ષનું બેસણું સોમવારે, સાંજે ૪થી ૫, ચતુર્વેદી મચ્છુ કાઠીયાવાડ મોઢ બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન, મિલપરા મેઈન રોડ-૧, રાજકોટ ખાતે છે.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# દેશના ૨૫૦ જિલ્લામાં દર "ચારમાંથી એક યુવાન" શિક્ષણ, નોકરી કે તાલીમમાં નિષ્ક્રિય: કેન્દ્રીય સર્વે

## કેન્દ્રીય શ્રમબળ અહેવાલ: ૬૦૦ જિલ્લામાં સર્વે, ઉત્તર ભારતમાં નિષ્ક્રિયતા વધુ, મહિલાઓ પર અવેતન કામનો બોજ



**અબતક, રાજકોટ**

કેન્દ્રીય સાંકડીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા દેશના જિલ્લાવાર સમયાંતરે શ્રમબળ સર્વેક્ષણના આંકડા જાહેર કરવામાં આવ્યા છે. આ રિપોર્ટમાં દેશના યુવાનોમાં રહેલી બેરોજગારી, શિક્ષણ અને તાલીમના અભાવ તેમજ માનવ ક્ષમતાના ઉપયોગ સામે ઉભા થયેલા પડકારો અંગે વિગતવાર માહિતી રજૂ કરવામાં આવી છે.

દેશના લગભગ ૨૫૦ જિલ્લાઓમાં ૧૫ થી ૨૯ વર્ષની વયજૂથના ૨૫ ટકાથી વધુ યુવાનો કોઈ પણ પ્રકારના ઉત્પાદક કામ, શિક્ષણ કે વ્યાવસાયિક તાલીમમાં જોડાયેલા નથી. કેન્દ્રીય સાંકડીય અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય દ્વારા શુક્રવારે જાહેર કરવામાં આવેલા વર્ષ ૨૦૨૫ના પ્રથમ જિલ્લાવાર સમયાંતરે શ્રમબળ સર્વેક્ષણમાં માનવ ક્ષમતાના ઉપયોગમાં રહેલી આ મોટી ખામી સામે આવી છે.

આ પરિસ્થિતિ ખાસ કરીને ઉત્તર ભારતમાં વધુ ચિંતાજનક છે. બિહાર, ઉત્તર પ્રદેશ, હરિયાણા, પંજાબ અને પશ્ચિમ બંગાળ જેવા રાજ્યોમાં લગભગ બે-તૃતીયાંશ જિલ્લાઓમાં પાંચમા ભાગથી વધુ યુવા વસ્તી 'એનઈઈટી' એટલે કે રોજગાર, શિક્ષણ કે તાલીમ વિનાના યુવાનો શ્રેણી હેઠળ આવે છે. આ સિવાય આંધ્રપ્રદેશ, ઓડિશા, અસમ અને તેલંગાણાના પણ લગભગ અડધા જિલ્લાઓમાં આવી જ સ્થિતિ જોવા મળી છે. નીતિ આયોગના તાજેતરના એક અહેવાલમાં દેશમાં આવા યુવાનોની સંખ્યા આશરે ૯ કરોડ દર્શાવવામાં આવી હતી, જોકે સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ લોકોને સીધેસીધા બેરોજગાર ગણી શકાય નહીં.

### સૌથી ઓછી બેરોજગારી ધરાવતા દેશમાં મુખ્ય જીલ્લાઓ

| જિલ્લા | ટકાવારી |
|---|---|
| અરરિયા (બિહાર) | ૦.૯ |
| અમદાવાદ (ગુજરાત) | ૧.૧ |
| સુરત (ગુજરાત) | ૧.૨ |
| બરેલી (ઉ.પ્રદેશ) | ૧.૨ |
| બુલંદશહર (ઉ.પ્રદેશ) | ૧.૨ |
| બનાસકાંઠા (ગુજરાત) | ૧.૨ |
| બેલગાળી (કર્ણાટક) | ૧.૫ |
| પાલઘર (મહારાષ્ટ્ર) | ૧.૫ |
| નાંદેડ | ૧.૫ |

બીજી તરફ, દેશના આશરે ૨૫ જિલ્લાઓ એવા છે જ્યાં આ શ્રેણીમાં આવતા યુવાનોનું પ્રમાણ ૧૦ ટકાથી ઓછું છે. જેમાં છત્તીસગઢના કબીરધામ, રાજનાંદગામ અને ઉત્તર બસ્તર કાંકેર; હિમાચલ પ્રદેશનો ચંબા; કેરળનો એર્નાકુલમ અને મધ્ય પ્રદેશનો મંડલા જિલ્લાનો સમાવેશ થાય છે. ઓડિશાના નબરંગપુર જિલ્લામાં સૌથી ઓછું ૪.૧ ટકા પ્રમાણ નોંધાયું છે. મંત્રાલયના આ સર્વેમાં મુખ્ય રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોના લગભગ ૬૦૦ જિલ્લાઓને આવરી લેવામાં આવ્યા હતા, જેમાં કેટલાક સંલગ્ન જિલ્લાઓને એક યુનિટ તરીકે ગણવામાં આવ્યા હતા.

સામાન્ય રીતે યુવાનોમાં બેરોજગારીનું ઊંચું પ્રમાણ તેમના શિક્ષણ અથવા તાલીમમાં રોકાયેલા હોવાને કારણે હોય છે. પરંતુ, આ સર્વે મુજબ જે યુવાનો કોઈ શૈક્ષણિક સંસ્થામાં નામાંકિત નથી, કાર્યબળમાંથી બહાર છે, યોગ્ય કામ ન મળવાને કારણે નોકરીની શોધ બંધ કરી દીધી છે, સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરી રહ્યા છે અથવા ઘરમાં નવરા બેઠા છે તેમનો આમાં સમાવેશ થાય છે. યુવતીઓ અને મહિલાઓના કિસ્સામાં પરિસ્થિતિ વધુ ગંભીર છે, કારણ કે સર્વે કરાયેલા ત્રણ-ચતુર્થાંશથી વધુ જિલ્લાઓમાં મહિલાઓ માટે આ દર ૨૫ ટકાથી વધુ છે, જે ઘરકામનો અવેતન બોજ અને સામાજિક માનસિકતા દર્શાવે છે.

# કોર્પોરેશન દ્વારા ૩૯ પેઢીઓનું ચેકિંગ ૬૦ કિલો અખાદ્ય જથ્થાનો નાશ કરાયો

## ગણેશોત્સવને અનુલક્ષીને ઘી, મોદક અને મિઠાઈના ૩૭ સેમ્પલ લેબોરેટરીમાં મોકલાયા: નિયમભંગ બદલ ૧૦ પેઢીઓને નોટિસ આપી રૂ. ૩,૭૦૦નો દંડ વસૂલાયો

**અબતક, રાજકોટ**

મહાનગરપાલિકાના આરોગ્ય શાખાના ફુડ વિભાગ દ્વારા ખાદ્ય પદાર્થોમાં થતી ભેળસેળ અને ગંદકી સામે કડક કાર્યવાહીના ભાગરૂપે સઘન સર્વેલન્સ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કામગીરી દરમિયાન શહેરની કુલ ૩૯ પેઢીઓ તથા રેસ્ટોરન્ટ્સની તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન સ્થળ પરથી મળી આવેલ કુલ ૬૦ કિલો અસ્વચ્છ અને વાસી અખાદ્ય જથ્થાનો તુરંત નાશ કરવામાં આવ્યો હતો. આ ઉપરાંત સ્ટોરેજ, લાઈસન્સ અને હાઈજેનિક કંડિશન અંગેની ખામીઓ બદલ કુલ ૧૦ પેઢીઓને નોટિસ આપવામાં આવી હતી અને તેમની પાસેથી રૂ. ૩,૭૦૦નો વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો હતો. વિશેષ ઝુંબેશ હેઠળ એસઓજી રાજકોટ શહેર સાથે સંયુક્ત કાર્યવાહી કરીને કેવડાવાડી મેઈન રોડ પર આવેલ "વોલ્ગા ઘી ડીપો"માંથી વિવિધ બ્રાન્ડના ઘીના કુલ ૬ સેમ્પલ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગણેશઉત્સવ તહેવારને અનુલક્ષીને મનપાની ટીમ દ્વારા શહેરની વિવિધ મિઠાઈની દુકાનોમાંથી મોતીચૂર લાડુ, મોદક, સોનપાપડી અને મીઠા માવાના સેમ્પલો લેવામાં આવ્યા હતા. જેમાં ગુરુકૃપા સ્વીટ્સ, સાક્ષી ગૃહ ઉદ્યોગ, ગજાનંદ સોનપાપડી, શ્યામ ડેરી ફાર્મ, શિવશક્તિ ગૃહ ઉદ્યોગ, રસધારા સ્વીટ્સ, ગજાનંદ જોધપુર સ્વીટ્સ, કૃપાનિધિ સ્વીટ્સ, મેઘમિલન ડેરી, શ્રી તિરુપતિ ડેરી ફાર્મ, માતેલ સ્વીટ,



જય યોગેશ્વર ડેરી અને કુંજ ડેરી જેવી પેઢીઓમાંથી નમૂના એકત્ર કરી કુલ ૩૭ સેમ્પલ એફએસએસએઆઈ એક્ટ હેઠળ ચકાસણી અર્થે લેબોરેટરીમાં મોકલવામાં આવ્યા છે.

તદુપરાંત, શહેરની વિવિધ હોસ્ટેલો અને કેટરર્સમાં પીરસાતા ખોરાકની ગુણવત્તા ચકાસવા માટે પણ સરપ્રાઈઝ ચેકિંગ કરાયું હતું. જેમાં સમરસ કુમાર છાત્રાલય (યુવરાજ કેટરર્સ) માંથી શાક, દાળ, ભાતના ૪ સેમ્પલ અને લોંજ બોયઝ હોસ્ટેલમાંથી લોટના ૩ સેમ્પલ લેવાયા હતા. આ ઉપરાંત બહુરંગજી સ્વીટ, ક્યુઝીન પ્રાઈવેટ લિમિટેડ, ગંગોત્રી પાર્ક સ્થિત યુવરાજ કેટરીંગ, પેરેન્ટ્સ હોસ્ટેલ, શિવ બોયઝ હોસ્ટેલ, માધવ પી. જી. હોસ્ટેલ, જય રેસીડન્સી હોસ્ટેલ અને શ્રીજી ગર્લ્સ હોસ્ટેલ સહિતના સ્થળે હાઈજેનિક કંડિશન અને લાઈસન્સ બાબતે નોટિસો ફટકારી દંડનીય કાર્યવાહી કરવામાં આવી હતી. મનપા તંત્ર દ્વારા નાગરિકોના સ્વાસ્થ્ય હિતમાં આ ઝુંબેશ આગળ પણ ચાલુ રાખવામાં આવશે.

# વરમોરા ગ્રેનિટો લિમિટેડનો આઈપીઓ મંગળવારે ખુલશે

## વર્મોરાગ્રેનિટોલિમિટેડના રૂ.૨ની ફેસ વેલ્યુ ધરાવતા દરેક ઈક્વિટી શેરમાટે રૂ.૧૪૦થી રૂ.૧૪૮નો પ્રાઈઝ બેન્ડ નક્કી કરાઈ

**અબતક, રાજકોટ**

વરમોરા ગ્રેનિટ લિમિટેડ (theCompany) તેના ઈક્વિટી શેર્સના આઈપીઓના સંદર્ભે બિડ/ઓફર મંગળવાર, ૨૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ ખોલશે. બિડ/ઓફર ગુરુવાર, ૨૪ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ બંધ થશે.

એન્કર ઈન્વેસ્ટર બિડીંગ તારીખ સોમવાર, ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ રહેશે. બિડ્સ લઘુતમ ૧૦૧ ઈક્વિટી શેર્સ અને ત્યારબાદ ૧૦૧ ઈક્વિટી શેર્સના ગુણાંકમાં કરી શકાશે. પ્રાઈઝ બેન્ડ ઈક્વિટી શેર દીઠ રૂ. ૧૪૦થી રૂ. ૧૪૮નો નક્કી કરવામાં આવ્યો છે.

આ ઓફરમાં રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ (Ï) ઈક્વિટી શેરનો ફ્રેશ ઈશ્યૂ સામેલ છે, જેની કુલ કિંમત વધુમાં વધુ રૂ. ૩,૨૦૦.૦૦ મિલિયન છે. આ ઉપરાંત, કેત્સુરા ઈન્વેસ્ટમેન્ટ્સ દ્વારા રૂ. ૨ની ફેસ વેલ્યુ ધરાવતા વધુમાં વધુ ૨,૬૨,૧૭,૬૩૪ ઈક્વિટી શેરની વેચાણ માટેની ઓફર પણ સામેલ છે.



આ રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ મારફતે ઓફર કરવામાં આવેલા ઈક્વિટી શેરનું લિસ્ટિંગ બીએસઈ લિમિટેડ (BSE) અને નેશનલ સ્ટોક એક્સચેન્જ ઓફ ઈન્ડિયા લિમિટેડ (NSE, together with BSE, the Stock Exchanges) પર કરવાનો પ્રસ્તાવ છે. આ ઓફર માટે એનએસઈ ડેઝિગ્નેટેડ સ્ટોક એક્સચેન્જ છે.

જેએમ ફાઈનાન્શિયલ લિમિટેડ, ગોલ્ડમેન સાક્સ (ઈન્ડિયા) સિક્યોરિટીઝ પ્રાઈવેટ લિમિટેડ અને એસબીઆઈ કેપિટલ માર્કેટ્સ લિમિટેડ આ ઈશ્યૂના બુક રનિંગ લીડ મેનેજર છે.

# દુર્લભ 'બોમ્બે બ્લડ ગ્રુપ'નું રકત ભૂજ પહોંચાડીને કરાય અનોખી સેવા

**અબતક, રાજકોટ**

રક્તની કોઈ સીમા, જાતિ કે ભાષા હોતી નથી, રક્ત માત્ર જીવન બચાવે છે - આ વિચારને સાર્થક કરતી માનવતાની અનોખી ઘટના ગુજરાતમાં સામે આવી છે. રાજકોટના જીવનદીપ બ્લડ સેન્ટર દ્વારા જામજોધપુર અને રાજકોટના રહેવાસી બે રક્તદાતાઓ, જેમનું બ્લડ ગ્રુપ અત્યંત દુર્લભ એવા Bombay Blood Group તરીકે ઓળખાય છે, તેમનું રક્ત ભુજમાં સારવાર લઈ રહેલા દર્દી માટે મોકલવામાં આવ્યું હતું. દર્દીને તાત્કાલિક આ દુર્લભ રક્તની જરૂરિયાત હોવાની જાણ થતાં જીવનદીપ બ્લડ સેન્ટર દ્વારા ગણતરીના કલાકોમાં જ જરૂરી રક્ત યુનિટની વ્યવસ્થા કરી ભુજ પહોંચાડવામાં આવી હતી. આ સમગ્ર સેવાકાર્યમાં બંને રક્તદાતાઓ અને રક્તસેવા સાથે જોડાયેલા સેવાભાવી કાર્યકરોની મહત્વપૂર્ણ ભૂમિકા રહી હતી.આ પ્રસંગે




રક્તદાતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરી તેમને સમાજ માટે પ્રેરણારૂપ ગણાવવામાં આવ્યા હતા. સાથે જ દર્દી નારાયણની સેવા માટે નિમિત્ત બનવાની તક મળવા બદલ પણ કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવી હતી.સ્વૈચ્છિક રકતદાન અંગે જનજાગૃતિ ફેલાવવા માટે રક્ત સેવા બાઈક રાઈડ ૨૦૨૬ નું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન ૧ ઓક્ટોબરથી ૩૧ ઓક્ટોબર દરમિયાન ગુજરાતના તમામ ૩૪ જિલ્લાઓમાં યોજાશે. સ્વૈચ્છિક રકતદાનને પ્રોત્સાહન આપવા ઉપરાંત થેલેસેમિયા, સિકલ સેલ એનિમિયા અને માર્ગ સલામતી અંગે પણ જનજાગૃતિ ફેલાવવામાં આવશે. રકતસેવક ડો. મનીષ વિડજાએ ગુજરાતના નાગરિકોને આ અભિયાન સાથે જોડાઈ સ્વૈચ્છિક રક્તદાનની ભાવનાને મજબૂત બનાવવા અનુરોધ કર્યો છે.

# એઈમ્સમાં છ વર્ષ બાદ પણ મહત્વની જગ્યાઓ ખાલી હોવાનો કોંગ્રેસનો આક્ષેપ

## ગેસ્ટ્રો સર્જન સહિત તબીબી નિષ્ણાંતોની કાયમી નિમણૂક અને અનેક વિભાગોમાં IPD સુવિધાના અભાવ અંગે ગાયત્રીબા વાઘેલા અને અતુલ રાજાણીની રજૂઆત

**અબતક રાજકોટ**

એઈમ્સ હોસ્પિટલ શરૂ થયાને આશરે છ વર્ષનો સમય વીતી ગયો હોવા છતાં વહીવટી વિભાગની મહત્વની કાયમી જગ્યાઓ તેમજ કેટલાક તબીબી નિષ્ણાતોની જગ્યાઓ ભરવાની બાકી હોવાનો આક્ષેપ પ્રદેશ કોંગ્રેસ ઉપપ્રમુખ ગાયત્રીબા વાઘેલા અને પૂર્વ કોર્પોરેટર અતુલ રાજાણીએ કર્યો છે. બંને આગેવાનોએ સૌરાષ્ટ્ર-કચ્છના હજારો ગરીબ દર્દીઓના હિતમાં એઈમ્સમાં જરૂરી સુવિધાઓ તાત્કાલિક ઉપલબ્ધ કરાવવાએઈમ્સમાં પ્રશાસન સહિત સંબંધિત તંત્ર સમક્ષ રજૂઆત કરી છે.

તેમણે જણાવ્યું હતું કે એઈમ્સ દેશના વડાપ્રધાનનો મહત્વનો પ્રોજેક્ટ છે અને સૌરાષ્ટ્ર-કચ્છમાં વસતા હજારો દર્દીઓને ઉત્તમ તબીબી સેવાનો લાભ મળે તે અત્યંત જરૂરી છે. રાજકોટની સરકારી સિવિલ હોસ્પિટલ ખાતે પ્રાથમિક તબક્કે એઈમ્સની કામગીરી શરૂ કરવામાં આવી હતી, જેને આશરે છ વર્ષનો સમય થયો છે. ત્યારબાદ જામનગર રોડ પર પીપળીયા પાસે વિશાળ જગ્યામાં એઈમ્સ હોસ્પિટલનું બાંધકામ શરૂ કરવામાં આવ્યું હતું

તેમણે વધુમાં જણાવ્યું હતું કે AIIMSએઈમ્સના વહીવટી સંચાલન માટે સરકાર દ્વારા ત્રણ વર્ષના ડેપ્યુટેશન પર મુકાયેલા સાત અધિકારીઓ પૈકી એકપણ અધિકારીએ ત્રણ વર્ષનો કાર્યકાળ પૂર્ણ કર્યો નથી. તેમના જણાવ્યા મુજબ શ્રમદીપ સિન્હા, ડેપ્યુટી ડાયરેક્ટરે બે વર્ષ, પુનિત અરોરા, ડેપ્યુટી ડાયરેક્ટરે બે વર્ષ, જે. વાળા, વહીવટી અધિકારીએ બે વર્ષ ત્રણ માસ, શ્રીધર વસાણી, એકાઉન્ટ ઓફિસરે બે વર્ષ, ડો. કુમાર ગૌરવ, અઈઊ પરીક્ષા વિભાગે એક વર્ષ, મી. વાનખેડે, ઈજનેર ઈલેક્ટ્રિક વિભાગે એક વર્ષ છ માસ અને અંબિકાપ્રસાદ ચૌબે, રજિસ્ટ્રારે ત્રણ માસ જેટલો કાર્યકાળ પૂર્ણ કર્યો હોવાનો દાવો કરવામાં આવ્યો છે.


આ ઉપરાંત AIIMS એઈમ્સરાજકોટમાં હાર્ટ સર્જન અને ગેસ્ટ્રો સર્જન જેવા નિષ્ણાત તબીબોની કાયમી નિમણૂક પણ બાકી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અનેક વિભાગોમાં IPD એટલે કે ઈન્ડોર પેશન્ટ સારવારની સુવિધાનો પણ અભાવ હોવાનો દાવો કરી જ્યાં સુપર-સ્પેશિયાલિટી સારવાર અને ઓપરેશનની સુવિધા ઉપલબ્ધ નથી ત્યાં તાત્કાલિક વ્યવસ્થા ઊભી કરવાની માંગ કરવામાં આવી છે.બંને કોંગ્રેસ આગેવાનોએ જણાવ્યું હતું કે એઈમ્સ રાજકોટની વિવિધ સમસ્યાઓ અને દર્દીઓને પડતી અગવડો અંગે સક્ષમ વિપક્ષ તરીકે અનેક વખત એમ્સ ના અધિકારીઓને રૂબરૂ મળી તથા લેખિતમાં રજૂઆતો કરવામાં આવી છે. આ ઉપરાંત જિલ્લા કલેક્ટર, રાજકોટ લોકસભાના સાંસદ, વડાપ્રધાન કાર્યાલય અને કેન્દ્રીય આરોગ્ય મંત્રીના કાર્યાલય સુધી પણ રજૂઆતો કરવામાં આવી હોવાનો દાવો તેમણે કર્યો છે. તેમ છતાં કામગીરી ધીમી ગતિએ ચાલી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.

# ૧૦૦ વોલ્ટ્સ દ્વારા 'વી પાસ': નવરાત્રીમાં ખેલૈયાઓ હવે એક જ પાસથી ચાર સ્થળે ગરબા રમી શકશે

## એક જ પાસથી રાસવિલા, એમજીએમ, નવરાત મંડળી અને એકોલોન્સમાં પ્રવેશ: www.100volts.in પરથી પાસ મળશે

**અબતક, રાજકોટ**

ખેલૈયાઓ માટે આ નવરાત્રીમાં એક જ જગ્યાએ જવાની પરંપરાગત રીત બદલીને નવો આયામ રજૂ કરવામાં આવ્યો છે. ૧૦૦ વોલ્ટ્સ દ્વારા 'વી પાસ' રજૂ કરવામાં આવ્યો છે, જેના માધ્યમથી એક જ પાસ મેળવીને શહેરના ચાર શ્રેષ્ઠ સ્થળો - રાસવિલા, એમજીએમ, નવરાત મંડળી ગરબા અને એકોલોન્સ ખાતે અલગ-અલગ વાતાવરણ અને શૈલીમાં ગરબા રમવાનો અનોખો અનુભવ મેળવી શકાશે. સામાન્ય રીતે દરરોજ અલગ-અલગ જગ્યાએ જવા માટે અલગ દૈનિક પાસ ખરીદવાનો ખર્ચ વધી જાય છે, જેના ઉકેલરૂપે આ ખ્યાલ તૈયાર કરવામાં આવ્યો છે.


તસ્વીર: શૈલેષ વાડોલીયા

આ આયોજન હેઠળ કોઈ ખુલ્લો કે અનિયંત્રિત પાસ આપવાને બદલે પહેલેથી જ નક્કી કરેલી તારીખો અને સ્થળોના સંયોજનો બનાવવામાં આવ્યા છે, જેથી દરેક જગ્યાએ વ્યવસ્થિત વ્યવસ્થા જળવાઈ રહે. જેમાં ૫ રાત્રિ, ૧૦ રાત્રિ અને ૧૧ રાત્રિના વિકલ્પો સાથે ગોલ્ડ અને પ્લેટિનમ શ્રેણીમાં કુલ ૧૨ વિવિધ સંયોજનો ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. આ ઉપરાંત કપલ પાસ તેમજ ૫ થી ૧૦ વર્ષના બાળકો માટે ચિલ્ડ્રન પાસનો વિકલ્પ પણ રાખવામાં આવ્યો છે.

પાસમાં ન માત્ર ગરબા જ પણ ફુડકોર્ટ ઍક્સેસ, ડાન્સ ક્લાસિસ વાઉચર જેવા એડિશનલ બેનિફિટ પણ રાખવામાં આવ્યા છે. આ પાસ અને વધુ માહિતી ૢ.૧૦૦દજ્ઞહતિ.શક્ષ પર ઉપલબ્ધ છે.આ અંગેની વિગતવાર માહિતી આપવા અને અબતકની મુલાકાતે આવેલા સ્થાપક સભ્યોના જણાવ્યા અનુસાર, ગરબા રમતી વખતે ખેલૈયાઓને માત્ર એક જ જગ્યાએ બંધાઈ રહેવું ન પડે અને અલગ-અલગ સ્થળો, વિવિધ પ્રકારનું સંગીત, સંસ્કૃતિ તથા માહોલનો સંગમ એક જ સિઝનમાં માણી શકાય તે મુખ્ય હેતુ છે.

આ નવરાત્રી આયોજન અને નૂતન ખ્યાલ અંગેની વિસ્તૃત માહિતી આપવા માટે અનિક શેઠ, વંદિત દામાણી, ધવલ કપાસી, ભાવિક સિનરોજા, ઈલોની મહેતા, દર્શન કારેશિયા અને જૈનમ કપાસીએ 'અબતક' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# બાલભવન આયોજિત 'કિડ્સ એન્ડ મોમ' નવરાત્રી મહોત્સવમાં બાળકો સાથે મમ્મીઓ પણ માણી શકશે રાસ-ગરબાનો લ્હાવો

## તા.૧૧ થી ૨૦ ઓક્ટોબર જોકર ગ્રાઉન્ડ બાલભવન ખાતે આયોજન: સીઝન પાસના રૂ.૧,૦૦૦ નક્કી કરાયા, આયોજકોએ અબતકની શુભેચ્છા મુલાકાત લીધી

**અબતક, રાજકોટ**

છેલ્લા ૭૦ વર્ષથી બાળકોની વિવિધ પ્રવૃત્તિઓ ચલાવતું બાલભવન દ્વારા આ વર્ષે 'કિડ્સ એન્ડ મોમ નવરાત્રી મહોત્સવ - ૨૦૨૬'નું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દર વર્ષની જેમ માત્ર બાળકો જ નહીં, પરંતુ ભૂલકાંઓ સાથે તેમની મમ્મીઓ અને મોટી બહેનો પણ એક જ પટાંગણમાં અર્વાચીન દાંડિયારાસ રમી શકશે. આ આયોજન બાલભવનના ટ્રસ્ટી ડો. અલ્પનાબેન ત્રિવેદી (હેલીબેન) અને યશેષભાઈ જોશીના માર્ગદર્શન હેઠળ ઓફિસ સુપ્રિન્ટેન્ડેન્ટ કીરીટભાઈ વ્યાસ તથા બાલભવનની ટીમ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

આ નવરાત્રી મહોત્સવ તા. ૧૧-૧૦-૨૦૨૬ થી તા. ૨૦-૧૦-૨૦૨૬ દરમિયાન બાલભવનના વિશાળ જોકર ગ્રાઉન્ડ ખાતે યોજાશે. જેમાં


તસ્વીર: શૈલેષ વાડોલીયા

ઓર્કેસ્ટ્રાના તાલે, ઝગમગાટ રોશની અને વિઝ્યુઅલ સ્ક્રીન ઈફેક્ટ સાથે દરરોજ રાત્રે ૮:૩૦ થી ૧૧:૩૦ વાગ્યા દરમિયાન રાસ-ગરબાની રમઝટ બોલશે. મહોત્સવમાં ભાગ લેવા માટે ૩ વયજૂથ નક્કી કરવામાં આવ્યા છે, જેમાં ગૃપ-અ (૫ થી ૧૦ વર્ષ), ગૃપ-ઈ (૧૧ થી ૧૬ વર્ષ) અને ગૃપ-ઈ (૧૬ વર્ષથી મોટા બહેનો/મમ્મીઓ)નો સમાવેશ થાય છે. સીઝન પાસ ધરાવનાર તમામ ખેલૈયાઓમાંથી પ્રિન્સ અને પ્રિન્સેસ જાહેર કરી ઈનામ આપી સન્માનિત કરવામાં આવશે.

આ નવરાત્રીમાં બાલભવનના સભ્ય બાળકો માટેના પાસના ભાવ ૧,૦૦૦ અને મમ્મીઓ માટેના પાસના ભાવ પણ ૧,૦૦૦ રાખવામાં આવ્યા છે ભાગ લેવા ઈચ્છતા બાળ-ખેલૈયાઓ અને મમ્મીઓએ તા. ૧૭-૧૦-૨૦૨૬ સુધીમાં બાલભવન કાર્યાલય પરથી ફોર્મ મેળવી ભરી આપવાના રહેશે. ફોર્મ સવારે ૧૧:૦૦ થી ૧:૦૦ અને સાંજે ૫:૦૦ થી ૭:૩૦ દરમિયાન પાસપોર્ટ સાઈઝ ફોટો તથા જન્મ તારીખના પ્રમાણપત્ર સાથે જમા કરાવી શકાશે.

આ નવરાત્રી મહોત્સવની વિગતો આપવા માટે કિરીટભાઈ વ્યાસ, પી. ડી. જાડેજા, આર્સિફ સૈયદ, તૃપ્તિબેન ચૌહાણ, રિસીતાબેન જોશી, શિલ્પાબેન પંડ્યા, માલાબેન રાઠોડ, શૈલીબેન મહેતા અને વર્ષાબેન વ્યાસે 'અબતક' કાર્યાલયની શુભેચ્છા મુલાકાત લીધી હતી.

# 'ખેડૂતની પુત્રી જન્મથી જ ખેડૂત', મહિલાઓના સંપત્તિ અધિકાર પર હાઈકોર્ટનો ચુકાદો

## લગ્ન થવાથી કે ભાઈ દ્વારા છળકપટથી રેકોર્ડમાંથી નામ કાઢી નાખવાથી ખેડૂતનો દરજ્જો સમાપ્ત ન થાયઃ જસ્ટિસ દિવ્યેશ જોષી

**અબ તક, રાજકોટ**

મહિલાઓના સંપત્તિના અધિકારોનું રક્ષણ કરતા એક અત્યંત મહત્વપૂર્ણ અને સીમાચિહ્નરૂપ ચુકાદામાં ગુજરાત હાઈકોર્ટે સ્પષ્ટપણે ઠરાવ્યું છે કે, ખેડૂત પરિવારમાં જન્મેલી પુત્રીનું લગ્ન થઈ જવાથી કે તેના નામની મહેસૂલી નોંધમાં છેડછાડ કરીને તેનું નામ કાઢી નાખવાથી તેનો ખેડૂત તરીકેનો કાયદાકીય દરજ્જો સમાપ્ત થઈ જતો નથી.



જસ્ટિસ દિવ્યેશ એ. જોષીએ જસુમતીબહેન નવલદાસ દસાણી અને અન્યોના કેસમાં આ ચુકાદો આપતા પોરબંદર કલેક્ટરનો તા.૧૯-૮-૨૦૧૬નો વિવાદિત હુકમ રદબાતલ કર્યો હતો અને બહેનનું નામ રેવન્યુ રેકોર્ડમાં દર્શાવતી તા.૨૬-૫-૧૯૯૦ની એન્ટ્રીઓ પુનઃસ્થાપિત કરવાનો હુકમ કર્યો હતો.મૂળ રાજકોટ જિલ્લાના જામકંડોરણા તાલુકાના જસપર ગામના વતની જસુમતીબહેનના પિતા નાથાલાલનું વર્ષ ૧૯૬૭માં અવસાન થયું હતું. પિતાના અવસાન બાદ ભાઈ રમેશે બહેન સાથે છેતરપિંડી આચરી હતી. ભાઈએ બનાવટી દસ્તાવેજો અને છળકપટથી મહેસૂલી રેકોર્ડમાંથી બહેનનું નામ દૂર કરાવી નાંખ્યું હતું, જેના કારણે બહેને ખેડૂત તરીકેનો પોતાનો કાયદેસરનો અધિકાર ગુમાવ્યો હતો.જસુમતીબહેને તેમના પરિવારની ખેતીલાયક જમીનના આધારે સ્થાનિક તલાટી-કમ-મંત્રી દ્વારા જારી કરાયેલા ખેડૂત પ્રમાણપત્રનો ઉપયોગ કરીને વર્ષ ૧૯૯૦માં ખેતીની જમીન ખરીદી હતી.

બાદમાં આ જમીન તેમણે રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજો દ્વારા તૃતીય પક્ષોને વેચી દીધી હતી અને તેની મહેસૂલી એન્ટ્રીઓ પણ નિયમિત રીતે પાડવામાં આવી હતી.

દરમિયાન સત્તામંડળ સમક્ષ ત્રીજા પક્ષકારોએ વાંધો ઉઠાવ્યો હતો કે જસુમતીબહેન ખેડૂત નથી, કારણ કે મૂળ જમીન રેકોર્ડમાં તેનું નામ દર્શાવેલું નથી અને બિન-ખેડૂત વ્યક્તિ ખેતીની જમીનનો વ્યવહાર કરી શકે નહીં. આ વાંધાને પગલે સત્તામંડળે સુઓમોટો કાર્યવાહી હાથ ધરી જમીન વ્યવહારો અંગેની મહેસૂલી રેકોર્ડની તમામ નોંધો રદ કરી દીધી હતી. જેને પગલે પીડિત બહેન દ્વારા હાઈકોર્ટના દ્વાર ખટખટાવવામાં આવ્યા હતા.

હાઈકોર્ટે પોતાના ચુકાદામાં સ્પષ્ટપણે ઠરાવ્યું કે હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમમાં થયેલા તાજેતરના સુધારા મુજબ, હવે પુત્રીને પણ પિતાની સંપત્તિમાં સહ-વારસદાર તરીકે ગણવામાં આવે છે. માત્ર મહેસૂલી રેકોર્ડમાંથી બહેનનું નામ દૂર કરવાથી, અને તે પણ છળકપટથી, ખેડૂત તરીકેનો પોતાનો દરજ્જો સમાપ્ત થઈ જતો નથી.

કોર્ટે નોંધ્યું કે સત્તાધિકારી એ હકીકત ધ્યાને લેવામાં નિષ્ફળ રહ્યા છે કે ખેડૂત પ્રમાણપત્ર સ્પષ્ટ દર્શાવે છે કે અરજદારના ભાઈ રમેશ પાસે ખેતીની જમીન છે, જે તેને વારસામાં મળી હતી. તેથી ખેડૂતની પુત્રી હોવાના કારણે બહેન પણ ખેડૂત તરીકેનો દરજ્જો ધરાવે છે. બહેનને તલાટીનું ખેડૂત પ્રમાણપત્ર રેકોર્ડની ચકાસણી બાદ આપવામાં આવ્યું હતું, તેથી બનાવટી દસ્તાવેજોના આધારે દરજ્જો મેળવ્યો હોવાનું કહી શકાય નહીં. કોર્ટના મતે બહેન મૂળથી જ ખેડૂત હતી.સૌથી મહત્વનું અવલોકન એ રહ્યું કે મહિલાના દાદા ખેડૂત હતા અને તેમની ખેતીની જમીન તેમના ત્રણ પુત્રોમાં વહેંચણી થઈ હતી, જેમાં મહિલાના પિતા પણ સામેલ હતા. તેથી મહિલા ખેડૂતની પુત્રી અને પૌત્રી હોવાથી જન્મથી જ ખેડૂતનો દરજ્જો ધરાવતી હતી. માત્ર તેનું નામ મહેસૂલી રેકોર્ડમાંથી કથિત છળકપટથી કાઢી નાંખવામાં આવ્યું હોવાના કારણે તેનો દરજ્જો ખતમ થઈ શકે નહીં.

### દીકરીનો અધિકાર જન્મજાત, છીનવી ન શકાય,હાઈકોર્ટના

- ખેડૂતની પુત્રી જન્મથી જ ખેડૂત, લગ્ન કે મહેસૂલી નોંધમાં છેડછાડથી ખેડૂતનો દરજ્જો સમાપ્ત ના થઈ શકે
- ૧૯૯૦ની એન્ટ્રીઓ સામે સત્તાવાળાઓ દ્વારા ૧૯ વર્ષ બાદ સુઓમોટો રીતે રિવિઝનલ સત્તાનો ઉપયોગ કરાયો, જે વાજબી સમયમર્યાદાની બહાર છે
- કાયદામાં ચોક્કસ સમયમર્યાદા ના હોય તો પણ રિવિઝનલ સત્તાનો ઉપયોગ વાજબી સમયગાળામાં થવો જરૂરી છે
- અંતિમ નિર્ણય પહેલાં કાયદામાં સુધારો થાય તો પક્ષકારોને તે અંગે યોગ્ય તક આપવી જરૂરી છે
- તક આપ્યા વિના સુધારેલી જોગવાઈના આધારે નિર્ણય કરવો કુદરતી ન્યાયના સિદ્ધાંત વિરુદ્ધનું છે
- હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમના સુધારા મુજબ હવે પુત્રી પણ પિતાની સંપત્તિમાં સહ-વારસદાર છે

**પોરબંદર કલેક્ટરનો ૨૦૧૬નો વિવાદિત હુકમ રદ, ૧૯૯૦ની એન્ટ્રીઓ પુનઃસ્થાપિત કરવા આદેશ, હિન્દુ ઉત્તરાધિકાર કાયદા હેઠળ પુત્રી સહ-વારસદાર**

# વિશ્વના સૌથી મોટા રોકાણકાર વોરેન બફેટે લીધી નિવૃત્તિઃ કંપનીની કમાન પુત્રને સોંપી

### ૬ દાયકા બાદ બર્કશાયર હેથવેમાં ઐતિહાસિક ફેરફારઃ ૭૧ વર્ષીય હોવર્ડ બફેટ બન્યા નવા ચેરમેન ''

### વોલ સ્ટ્રીટના ચકાચૌંધથી દૂર રહી ખેતી અને જાહેર સેવામાં સક્રિય રહેલા હોવર્ડ બફેટ સંભાળશે પિતાનો વારસો

**અબતક, રાજકોટ**


વૈશ્વિક નાણાકીય અને રોકાણ જગતમાં એક ઐતિહાસિક યુગનો અંત આવ્યો છે. વિશ્વના સૌથી સફળ અને દિગ્ગજ રોકાણકાર ગણાતા ૯૫ વર્ષીય વોરેન બફેટે પોતાની અબજો ડોલરની ઈન્વેસ્ટમેન્ટ કંપની 'બર્કશાયર હેથવે' ના ચેરમેન પદેથી નિવૃત્તિ જાહેર કરી છે. છ દાયકા સુધી કંપનીનું સફળ નેતૃત્વ કર્યા બાદ તેમણે કંપનીના બોર્ડની કમાન પોતાના મોટા પુત્ર હોવર્ડ બફેટને સોંપી છે. આ સાથે જ વોલ સ્ટ્રીટ અને વૈશ્વિક બિઝનેસ જગતમાં નેતૃત્વ પરિવર્તનની સૌથી મોટી પ્રક્રિયા પૂર્ણ થઈ છે.

વોરેન બફેટે વર્ષ ૧૯૬૫માં એક સામાન્ય અને ખોટ કરતી કાપડ મિલ ખરીદીને તેને વિશ્વની સૌથી મૂલ્યવાન અને પ્રભાવશાળી હોલ્ડિંગ કંપનીઓમાં પરિવર્તિત કરી હતી. પોતાના જીવનના ૬૦ વર્ષ આ કંપનીને સમર્પિત કર્યા બાદ તેમણે સત્તાવાર રીતે ચેરમેન પદ છોડ્યું છે. જોકે, તેઓ કંપની સાથે સંપૂર્ણપણે અલગ નહીં થાય અને ભવિષ્યમાં 'ચેરમેન એમેરિટસ' (માનદ ચેરમેન) તરીકે માર્ગદર્શકની ભૂમિકામાં રહેશે.હોવર્ડ બફેટનું મુખ્ય કામ કંપનીના સિદ્ધાંતો, મૂલ્યો અને તેની વિશિષ્ટ બિઝનેસ સંસ્કૃતિ (કલ્ચર)નું રક્ષણ કરવાનું રહેશે. કંપનીના શેરધારકો અને રોકાણકારોનો વિશ્વાસ જળવાઈ રહે તે તેમની પ્રાથમિકતા હશે.કંપનીના તમામ બિઝનેસ નિર્ણયો, મૂડી રોકાણ (કેપિટલ એલોકેશન) અને દૈનિક વ્યવહારો સંભાળવાની સંપૂર્ણ જવાબદારી સીઈઓ ગ્રેગ એબલના હાથમાં રહેશે.આ ઐતિહાસિક ફેરફાર સાથે વૈશ્વિક રોકાણકારોની નજર હવે એ વાત પર રહેશે કે પિતા વોરેન બફેટના મૂલ્યો અને પારદર્શકતાના વારસાને હોવર્ડ બફેટ કેવી રીતે આગળ ધપાવે છે.

### બર્કશાયર હેથવેઃ ૧૦૦થી વધુ કંપનીઓ અને અબજો ડોલરનો પોર્ટફોલિયો

જે કંપનીનું સુકાન હવે હોવર્ડ બફેટ પાસે ગયું છે, તે અમેરિકાની આર્થિક કરોડરજ્જુ સમાન ગણાય છે. બર્કશાયર હેથવે પાસે અમેરિકાનું વિશાળ રેલવે નેટવર્ક , ગાઈકો ઈન્સ્યોરન્સ, ઉર્જા ક્ષેત્રની જાયન્ટ કંપનીઓ અને ડ્યુરાસેલ જેવી પ્રખ્યાત બ્રાન્ડ્સની સંપૂર્ણ માલિકી છે. આ ઉપરાંત એપલ, કોકા-કોલા, અમેરિકન એક્સપ્રેસ અને બેન્ક ઓફ અમેરિકા જેવી વિશ્વવિખ્યાત કંપનીઓમાં પણ બર્કશાયર અબજો ડોલરનું રોકાણ ધરાવે છે.





### કોણ છે નવા સુકાની હોવર્ડ બફેટ?

સામાન્ય રીતે વૈશ્વિક અબજોપતિઓના સંતાનો વોલ સ્ટ્રીટ કે નાણાકીય બજારોમાં પોતાની કારકિર્દી બનાવતા હોય છે, પરંતુ ૭૧ વર્ષીય હોવર્ડ બફેટનું વ્યક્તિત્વ તદ્દન અલગ રહ્યું છે હોવર્ડ બફેટે પોતાનું મોટાભાગનું જીવન ખેતી અને જમીન સંરક્ષણમાં વિતાવ્યું છે. તેઓ કૃષિ ક્ષેત્રે 'નો-ટિલ ફાર્મિંગ' (જમીન ખેડ્યા વિના કુદરતી ખેતી)ના મોટા હિમાયતી રહ્યા છે. તેઓ માત્ર બિઝનેસ પૂરતા સીમિત ન રહેતા ઈલિનોઈસના મેકોન કાઉન્ટીમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે શેરિફ (પોલીસ વડા સમકક્ષ અધિકારી) તરીકે પણ સેવા આપી ચૂક્યા છે.તેઓ છેલ્લા ૩૩ વર્ષથી (૧૯૯૩થી) બર્કશાયર હેથવેના બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાં સભ્ય તરીકે કાર્યરત છે. આ ઉપરાંત કોકા-કોલા અને આર્ચર ડેનિયલ્સ મિડલેન્ડ જેવી બહુરાષ્ટ્રીય કંપનીઓમાં પણ ડિરેક્ટર તરીકેનો વિશાળ અનુભવ ધરાવે છે. 'ધ હોવર્ડ જી. બફેટ ફાઉન્ડેશન' દ્વારા તેઓ વૈશ્વિક સ્તરે ભૂખમરો નાબૂદ કરવા, ગરીબી નિવારણ અને યુક્રેન જેવા યુદ્ધગ્રસ્ત વિસ્તારોમાં રાહત પહોંચાડવા સક્રિય રહ્યા છે.

# પરીક્ષામાં ચેટ જીપીટીનો ઉપયોગ કરતા પકડાયા બાદ આઈઆઈટી બોમ્બેના વિદ્યાર્થીની આત્મહત્યા!

## ઘટનાના વિરોધમાં ૪૦૦થી વધુ વિદ્યાર્થીઓએ પ્રદર્શન કર્યું, જેના કારણે મિડ-સેમેસ્ટર પરીક્ષાઓ મોકૂફ રખાઈઃ પોલીસે તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

દેશની પ્રતિષ્ઠિત ટેક્નોલોજી સંસ્થા આઈઆઈટી બોમ્બેમાંથી એક અત્યંત દુઃખદ અને ચોંકાવનારી ઘટના સામે આવી હતી. અહીં એનર્જી સાયન્સ એન્ડ એન્જિનિયરિંગ વિભાગમાં અભ્યાસ કરતા ૧૯ વર્ષીય દ્વિતીય વર્ષના વિદ્યાર્થીએ હોસ્ટેલના રૂમમાં જીવનનો અંત આણી દીધો હતો. મૃતક વિદ્યાર્થીની ઓળખ સાહિલ વાકોડે તરીકે થઈ છે. પરીક્ષા દરમિયાન મોબાઈલ ફોન દ્વારા અઈ ટૂલ ચેટજીપીટીનો ઉપયોગ કરવાના મામલા બાદ આ પગલું ભરવામાં આવતા શૈક્ષણિક જગતમાં હલચલ મચી ગઈ હતી. ઘટનાના વિરોધમાં કેમ્પસમાં ૪૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ ઉગ્ર પ્રદર્શન કર્યું હતું, જેના કારણે મિડ-સેમેસ્ટર પરીક્ષાઓ હાલ પૂરતી સ્થગિત કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર, શુક્રવારે દિવસ દરમિયાન ચાલી રહેલી પરીક્ષા દરમિયાન સાહિલ વાકોડેને પરીક્ષા હોલમાં મોબાઈલ ફોનનો ઉપયોગ કરતા પકડવામાં આવ્યો હતો. વિદ્યાર્થીએ પરીક્ષાનો પ્રશ્નપત્ર ચેટજીપીટી પર અપલોડ કરીને તેના જવાબો મેળવવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સંસ્થા અને વિભાગીય વડા દ્વારા આ મામલે કોઈ પણ પ્રકારની કડક શિસ્તભંગની કાર્યવાહી કરવામાં આવી ન હતી. ઈન્સ્ટ્રક્ટર અને વિભાગના વડાએ વિદ્યાર્થી સાથે વાતચીત કરી હતી અને તેને સમજાવ્યું હતું કે આ ઘટનાની તેની શૈક્ષણિક કારકિર્દી પર કોઈ પણ માઠી અસર પડશે નહીં.

પરીક્ષા હોલની આ ઘટના બાદ સાહિલ પોતાના હોસ્ટેલ નંબર ૪ ના રૂમમાં પરત ફર્યો હતો. પવઈ પોલીસ સ્ટેશનના એક અધિકારીના જણાવ્યા મુજબ, પરીક્ષા સાંજે ૪ વાગ્યા સુધી હતી અને ત્યારબાદ વિદ્યાર્થી પોતાના રૂમમાં ગયો હતો, જ્યાં તેણે કથિત રીતે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવ્યું હતું. પોલીસને આ ઘટનાની જાણ થતાં જ પોલીસ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને પંચનામાની કાર્યવાહી હાથ ધરી હતી. મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે રાજાવાડી હોસ્પિટલ મોકલી આપવામાં આવ્યો છે.

વિદ્યાર્થીઓના ભારે વિરોધ અને તણાવને ધ્યાનમાં રાખીને સંસ્થાએ ચાલુ મિડ-સેમેસ્ટર પરીક્ષાઓ મોકૂફ રાખવાની જાહેરાત કરી છે. આ મામલે પોલીસ દ્વારા વધુ તપાસ ચાલુ છે.

# ઓછા માર્જિન વચ્ચે યુપીઆઈ ચાર્જનો બોજ ન ખમાઈઃ વેપારી સંગઠને વડાપ્રધાન પાસે માંગી રાહત

## ઓલ ઈન્ડિયા ડિસ્ટ્રિબ્યુશન ફેડરેશનની અપીલઃ ટ્રાન્ઝેક્શન ચાર્જનો વધારાનો બોજ નાના દુકાનદારો અને રિટેલરો પર ન નાખવો જોઈએ

**અબતક, રાજકોટ**

દેશભરના લગભગ ૪.૫ લાખ ફાસ્ટ મુવિંગ કન્ઝ્યુમર ગુડ્સ - રોજીંદા વપરાશની ચીજવસ્તુઓ) વિતરકોનું પ્રતિનિધિત્વ કરતા ઓલ ઈન્ડિયા કન્ઝ્યુમર પ્રોડક્ટ્સ ડિસ્ટ્રિબ્યુશન ફેડરેશને શુક્રવારે યુપીઆઈ લેવડદેવડ પર મર્ચેન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાગુ કરવાના પ્રસ્તાવ સામે વિરોધ નોંધાવ્યો છે. સંસ્થાનું કહેવું છે કે કોઈપણ પ્રકારના વધારાના ટ્રાન્ઝેક્શન ખર્ચથી લાખો નાના રિટેલરો, ડિસ્ટ્રિબ્યુટરો અને ઓછા કમિશન પર કામ કરતા વ્યવસાયોને ભારે અસર પહોંચશે.

વડાપ્રધાનને લખેલા એક પત્રમાં એસોસિએશને રજૂઆત કરી છે કે યુપીઆઈ સિસ્ટમ ચલાવવાનો નાણાકીય બોજ માત્ર વેપારીઓ પર જ ન પડવો જોઈએ. આ ખર્ચ ગ્રાહકો, ઉત્પાદકો અને સરકાર વચ્ચે યોગ્ય રીતે વહેંચાવો જોઈએ. સંસ્થાએ સરકારને વિનંતી કરી છે કે વેપારીઓ માટે યુપીઆઈને ઝીરો-એમડીઆર (એટલે કે કોઈ પણ પ્રકારના ચાર્જ વિનાની) પેમેન્ટ સિસ્ટમ તરીકે જ જાળવી રાખવા અંગે વિચારણા કરવામાં આવે.

એફએમસીજી એસોસિએશને કુલ ચુકવણી પર એમડીઆરની ગણતરી કરવાથી થતા ટેક્સના ડબલ બોજ અને તેના પરિણામો વિશે પણ સરકારનું ધ્યાન દોર્યું છે. એફએમસીજી (રોજીંદા વપરાશનો સામાન) રિટેલ અને વિતરણનો વ્યવસાય ખૂબ જ ઓછા પ્રોફિટ માર્જિન પર ચાલે છે. આવા સંજોગોમાં જો ૦.૪ ટકા જેટલો એમડીઆર પણ લાગુ કરવામાં આવે, તો તેનાથી વેપારીઓની વાસ્તવિક કમાણીમાં મોટો ઘટાડો થઈ શકે છે.

# સાબરકાંઠા જિલ્લાના ૧,૯૨૩ આંગણવાડી કેન્દ્રોમાં દૂધ સંજીવની યોજનાનો વ્યાપ

**અબતક, સંજય દિક્ષિત સાબરકાંઠા**

કુપોષણ મુક્ત ગુજરાતના નિર્માણ તરફ રાજ્ય સરકાર દ્વારા સતત વિવિધ પોષણલક્ષી યોજનાઓ અને જનજાગૃતિ પ્રવૃત્તિઓ અમલમાં મૂકવામાં આવી રહી છે. આ અંતર્ગત વર્ષ ૨૦૧૮થી આદિજાતિ વિકાસ વિભાગ દ્વારા ગુજરાતના આદિજાતિ વિસ્તારો તથા વિકાસશીલ તાલુકાઓમાં ૬ માસથી ૬ વર્ષ સુધીના બાળકો માટે દૂધ સંજીવની યોજના અમલમાં મૂકવામાં આવી હતી.



બાળકોને પોષણયુક્ત આહાર મળી રહે અને તેમના શારીરિક તથા માનસિક વિકાસને યોગ્ય પોષણનો આધાર મળે તે હેતુથી શરૂ કરવામાં આવેલી આ યોજનાનો હવે રાજ્ય સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા વધુ વ્યાપ કરવામાં આવ્યો છે. આદિજાતિ બ્લોકમાં આવેલા આંગણવાડી કેન્દ્રો ઉપરાંત બિનઆદિજાતિ વિસ્તારોના તમામ બ્લોકમાં પણ યોજનાનો લાભ પહોંચાડવામાં આવી રહ્યો છે.આ યોજના અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં પણ નોંધપાત્ર વિસ્તરણ કરવામાં આવ્યું છે. જિલ્લાના તમામ ૧,૯૨૩ આંગણવાડી કેન્દ્રોમાં દૂધ સંજીવની યોજના શરૂ કરવામાં આવી છે. જેના પરિણામે જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં આંગણવાડી કેન્દ્ર સાથે જોડાયેલા ૬ માસથી ૬ વર્ષ સુધીના બાળકોને યોજનાનો લાભ મળી રહ્યો છે.

# ભારતની મરાઠી ફિલ્મ 'ગોંધળ' ઓસ્કાર ૨૦૨૭ની રેસમાં પહોંચી

## કલાકારોમાં ઈશિતા દેશમુખ, કિશોર કદમ, યોગેશ સોહાની, નિશાદ ભોઈર, અનુજ પ્રભુ અને ધ્રુવ થોકે

**અબતક રાજકોટ**

ફિલ્મ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા ૩૩ ફિલ્મોની યાદીમાંથી સંતોષ દાવખર દ્વારા લખાયેલ અને દિગ્દર્શિત મરાઠી ફિલ્મ 'ગોંધળ'ને ઓસ્કાર ૨૦૨૭ માટે ભારતની અધિકૃત એન્ટ્રી તરીકે પસંદ કરવામાં આવી છે. ગ્રામીણ મહારાષ્ટ્રની પરંપરાગત 'ગોંધળ' નૃત્ય વિધિની પૃષ્ઠભૂમિ પર આધારિત આ ફિલ્મ શુમન નામની મહિલાની કથા છે, જે પોતાના શોષણકારી લગ્નજીવનમાંથી છુટકારો મેળવવા પ્રેમી સાથે મળીને હત્યા અને ભાગી જવાનું કાવતરું ઘડે છે. કલાકારોમાં ઈશિતા દેશમુખ , કિશોર કદમ, યોગેશ સોહાની, નિશાદ ભોઈર, અનુજ પ્રભુ અને ધ્રુવ થોકે છે. સંગીત દક્ષિણ ભારતના દિગ્ગજ સંગીતકાર ઈલૈયારાજાનું છે.

ગોંધળ નૃત્યના ભકિતમય અને પરંપરાગત વાતાવરણ વચ્ચે પ્રેમ, દગો અને નસીબની એવી ઘટનાઓ ઘટે છે જેમાં શ્રદ્ધા અને કપટ વચ્ચેની રેખા ધૂંધળી થઈ જાય છે.'ગોંધળ'ની પસંદગી એ ભારતીય પ્રાદેશિક કન્ટેન્ટની તાકાત દર્શાવે છે. માત્ર પસંદગી થવી પૂરતી નથી. હવે યોગ્ય આંતરરાષ્ટ્રીય પ્રચાર અને એકેડેમી વોટર્સ સુધી પહોંચવાની સચોટ વ્યૂહરચના જ આ ફિલ્મને નોમિનેશનથી આગળ વધારીને ઐતિહાસિક એવોર્ડ સુધી પહોંચાડી શકશે.

# હિંમતનગરમાં વડનગરથી વારાણસી જતી 'સેવા સંકલ્પ યાત્રા'નું કરાયું સ્વાગત



**અબતક, સંજય દિક્ષિત સાબરકાંઠા**

વડનગરથી વારાણસી જતી 'સેવા સંકલ્પ યાત્રા' હિંમતનગર મુકામે આવી પહોંચતા વિધાનસભાના નાયબ દંડકશ્રી જગદીશભાઈ મકવાણા તથા હિંમતનગરના ધારાસભ્ય વિનેન્દ્રસિંહ ઝાલા દ્વારા યાત્રાનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત મહાનુભાવોએ યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું.

યાત્રાના પ્રસ્થાન પ્રસંગે 'એક પેડ માં કે નામ' અભિયાન અંતર્ગત વૃક્ષારોપણ કાર્યક્રમ પણ યોજાયો હતો. પર્યાવરણ સંરક્ષણ અને હરિયાળા ભારતના સંકલ્પને સાકાર કરવાની દિશામાં સૌએ વૃક્ષારોપણ કરી પર્યાવરણ જતનનો સંદેશ આપ્યો હતો.

**ગાંધી સંવાદ અંતર્ગત**

# પદ્મભુષણ વૈજ્ઞાનિક પ્રો.એમ.એમ.શર્માનું કાલે વિશેષ વ્યાખ્યાન અને પુસ્તક વિમોચન

**અબતક, રાજકોટ**

'ધ બધેકા ટ્રસ્ટ ફોર એજ્યુકેશન, કલ્ચર, સાયન્સ એન્ડ હ્યુમેનિટીઝ, રાજકોટ' દ્વારા વિશ્વગ્રામ પ્રેરિત - ''बंदे में है दम : ગાંધી ૧૫૮ નોટ આઉટ !'' પ્રોજેક્ટ અંતર્ગત એક ભવ્ય અને પ્રેરણાદાયી કાર્યક્રમ 'ગાંધી સંવાદ'નું આયોજન કરવામાં આવ્યું છે.

રવિવાર, ૨૦ સપ્ટેમ્બર ૨૦૨૬ના રોજ સાંજે ૫:૦૦ થી ૭:૦૦ વાગ્યા દરમિયાન હેમુ ગઢવી મિની ઓડિટોરિયમ, રાજકોટ ખાતે આ વિશેષ કાર્યક્રમ યોજાશે.કાર્યક્રમના મુખ્ય આકર્ષણ તરીકે દેશના જાણીતા અને અત્યંત પ્રતિષ્ઠિત કેમિકલ એન્જિનિયર અને વૈજ્ઞાનિક પ્રો. એમ. એમ. શર્મા (પદ્મવિભૂષણ વિજેતા) ઉપસ્થિત રહેશે. તેઓ આ પ્રસંગે ''એકવીસમી સદીમાં સંપોષિત વિકાસઃ મુખ્ય મુદ્દાઓ અને શીખવાના પાઠ'' (Sustainable Development in Twenty First Century Key Issues Lessons to Learn) વિષય પર પોતાનું મહત્વપૂર્ણ વ્યાખ્યાન આપશે.

આ સાથે જ, કાર્યક્રમ દરમિયાન પ્રો. એમ. એમ. શર્માના પ્રેરણાદાયી જીવન પર આધારિત તેમના જીવનચરિત્ર પુસ્તક ''ડિવાઈન સાયન્ટિસ્ટ'' ("Divine Scientist" Frjsyëe વિજ્ઞાની)નું ભવ્ય વિમોચન કરવામાં આવશે. આ પુસ્તક વિમોચનની ગરિમા વધારવા માટે આ પ્રદેશની પાંચ પ્રતિષ્ઠિત યુનિવર્સિટીઓના વાઈસ ચાન્સેલર્સ (કુલપતિઓ) એક જ મંચ પર ખાસ ઉપસ્થિત રહેશે, જેઓ ના હસ્તે આ પુસ્તક લોન્ચ કરવામાં આવશે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી - પ્રો. ઉત્પલ જોશી, મારવાડી યુનિવર્સિટી - ડો. આર. બી. જાડેજા, આત્મિય યુનિવર્સિટી - પ્રો. રાકેશ મુદગલ, આર. કે. યુનિવર્સિટી - ડેનિશ પટેલ, દર્શન યુનિવર્સિટી - પ્રો. ડો. આર. જી. ધમસાણીયા આ શૈક્ષણિક અને વૈજ્ઞાનિક મહોત્સવમાં શહેરના શિક્ષણ જગત, ઉદ્યોગ અને વિવિધ ક્ષેત્રોના ૨૦૦ જેટલા આમંત્રિત મહાનુભાવો અને અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે.આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને સંયોજન બધેકા ટ્રસ્ટના મુખ્ય આયોજકો દ્વારા કરવામાં આવી રહ્યું છે. સંસ્થા તરફથી કેતનભાઈ (મો. ૯૯૨૪૦૩૫૨૩૭) અને ડો. અનામિક શાહ (મો. ૯૮૨૫૨૧૫૬૫૬) દ્વારા રાજકોટના પ્રબુદ્ધ નાગરિકો, શિક્ષણવિદો, વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓને આ વૈચારિક સંવાદનો લાભ લેવા અનુરોધ કરેલ છે.

### કાલાવડ રોડ નજીક થયેલ પ્રૌઢાની હત્યાનો ભેદ ઉકેલાયો

# આગ્રાના જાટવ બંધુઓએ લૂંટના ઈરાદે ઘરમાં ઘુસી બ્યુટીપાર્લર સંચાલિકાનું ખૂન કરી નાખ્યું

## મૃતકના ઘર નજીક રહેતા અને કેટરર્સમાં કામ કરતા શખ્સોએ ગત તા. ૧૪ ના રોજ મૃતકને ઘરેણાં પહેરી ઘરે જતાં જોઈ પ્લાન બનાવ્યો : બે લાખનું દેણું ઉતારવા લૂંટનો કારસો રચ્યો





### ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને યુનિવર્સિટી પોલીસની સઘન તપાસમાં આરોપીઓ પોપટ બન્યા : શાતીર શખ્સોએ લોહીવાળા કપડાં પણ સળગાવી નાખ્યાની કબૂલાત આપી, રોકડ અને હથિયાર કબ્જે કરવા તજવીજ

### રાત્રિના અઢી વાગ્યે ઘરમાં ઘુસતા પ્રૌઢા જાગી ગયા, મૃતકે બુમાબુમ કરી પ્રતિકાર કરતા ગળે છરી ફેરવી મોતને ઘાટ ઉતારી દીધા : ૪૦ હજારની રોકડ મેળવી નાસી ગયા

**અબતક, રાજકોટ**

શહેરના કાલાવડ રોડ પર મટુકી રેસ્ટોરેન્ટ પાછળ બાપાસીતારામ પાર્કમાં મોડી રાત્રિના બ્યુટીપાર્લર સંચાલિકાના ઘરમાં ઘુસી હત્યાને અંજામ આપવામાં આવ્યા હતો. ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી અને યુનિવર્સીટી પોલીસે સંયુક્ત તપાસ હાથ ધરી આગ્રાના જાટવ બંધુઓને દબોચી હત્યાના ગુનાનો ભેદ ઉકેલી નાખ્યો છે. બંને શખ્સોએ લૂંટના ઈરાદે ઘરમાં પ્રવેશી પ્રતિકાર કરનાર ૫૫ વર્ષીય પ્રૌઢાના ગળે છરી ફેરવી દીધાનું અને ઘરમાંથી રૂ. ૪૦ હજારની રોકડની લૂંટ ચલાવ્યાની કબૂલાત આપી હતી.

બનાવની જાણવા મળતી વિગતો મુજબ, ગુરુવારે સવારના મટુકી રેસ્ટોરન્ટ પાછળ બાપા સીતારામ પાર્કમાં રહેતા ગીતાબેન કિશોરભાઈ વાજા (ઉ.વ.૫૫) નામના બ્યુટી પાર્લર સંચાલિકા મહિલાની ગળું કાપેલી હાલતમાં ઘરમાંથી જ લાશ મળી આવી હતી જે બનાવ અંગે મૃતકના પતિ કિશોરભાઈએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

હત્યાના આ બનાવમાં પ્રથમ મૃતકના પતિ-પુત્ર અને તેના પુરુષ મિત્ર પર શંકાની સોય હોય જેથી પોલીસે તેમની સઘન પૂછતાછ કરી હતી પરંતુ તેમાં કંઈ શંકાસ્પદ મળ્યું ન હતું. જેથી પોલીસે હત્યા ચોરી કે લૂંટના ઈરાદે થઈ હોવાની દિશામાં તપાસ આગળ ધપાવી હતી. ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અલગ- અલગ આ દિશામાં ઊંડાણપૂર્વક તપાસ કરતા અંતે બનાવનો ભેદ ઉકેલાઈ ગયો હતો. પોલીસે મહિલાના પાડોશમાં એક મહિના પહેલા રહેવા આવેલા અને કેટરીંગનો ધંધો કરનાર મૂળ આગ્રાના વતની રામનરેશ હસમુખ જાટવ(ઉવ ૨૪) અને તેના ભાઈ સનીકુમાર અશોકકુમાર પ્રજાપતિ (ઉવ ૧૯ હાલ બંને રહે. સોમનાથ ગેરેજની બાજુમાં, મટુકી રેસ્ટોરેન્ટ પાછળ, કાલાવડ રોડ, રાજકોટ. મૂળ રહે. બહા, આગ્રા, ઉત્તરપ્રદેશ)એ મળી મહિલાની હત્યા કર્યાનું માલુમ પડ્યું હતું. જેથી પોલીસે આ બંને શખસોને ઝડપી લઈ તેમની આગવી ઢબે પૂછપરછ કરતા બને એવી કબુલાત આપી હતી કે, રામનરેશ ગામમાં પ્રધાન પાસેથી રૂપિયા બે લાખની લોન લીધી હતી. જેથી તેના પર દેણું હોય દરમિયાન ગઈ તા. ૧૪ ના ગીતાબેન બહારથી ઘરેણા પહેરીને પરત આવતા બંને ભાઈઓએ લૂંટ કરવાનો પ્લાન કર્યો હતો અને તા. ૧૬-૧૭ ના મોડી રાત્રીના ગીતાબેન ઘરે એકલા હતા ત્યારે બંને ભાઈઓ ધારદાર છરી લઈને રાત્રિના બે વાગ્યા આસપાસ ઘરમાં ઘૂસ્યા હતા. દરમિયાન મહિલા જાગી જતા તેમની પાસેથી પૈસાની માંગણી કરી હતી. મહિલાએ બુમાબુમ કેઈ પ્રતિકાર કરતા ગળાના ભાગે છરી ફેરવી હત્યા કરી નાખી હતી. બાદમાં જાટવ બંધુએ અહીંથી રૂપિયા ૪૦ હજારની રોકડની લૂંટ ચલાવી નાસી ગયા હતા.ચોરી અને લૂંટના ઈરાદે મહિલાની હત્યા કરનાર બંને આરોપીઓ પાસેથી રોકડ રકમ કબજે કરવા અને ગુનામાં ઉપયોગમાં લીધેલ છરી કબજે કરવા તજવીજ હાથ ધરવામાં આવી છે. હત્યાના ગુનાનો ભેદ ઉકેલવામાં ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બસિયાના માર્ગદર્શન હેઠળ ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એ એસ ચાવડા, એમ એલ ડામોર, સી એચ જાદવ, પીએસઆઈ ડી પી ઝાલાઝં એ એન પરમાર, વી ડી ડોડીયા, વી ડી રાવલિયા, એસ એમ રાણા, એલસીબી ઝોન-૨ પીએસઆઈ એસ વી ચુડાસમા, યુનિવર્સીટી પીઆઈ કે કે ગોહિલ અને તેમની ટીમે ભૂમિકા ભજવી હતી.

### રામનરેશ જાટવ પોક્સોના ગુનાનો આરોપી

બાપા સીતારામ પાર્કમાં રહેતા ૫૫ વર્ષીય પ્રૌઢાની હત્યાને અંજામ આપનાર જાટવ બંધુ પૈકી રામ નરેશ વિરુદબ અગાઉ તેના વતનમાં સગીરાને ભગાડી જઈ તેના પર દુષ્કર્મ આચરવા અંગે પોકસોનો ગુનો નોંધાઈ ચૂકયો હોવાનું સામે આવ્યું છે. બંધુઓ વિરુદ્ધ અન્ય કોઈ ગુનો છે કે કેમ તે અંગે પોલીસે તપાસ આદરી છે.

### બંને શખ્સો અગાસી પર થઈ મૃતકના ઘરમાં પ્રવેશ્યા’તા : હત્યાને અંજામ આપી લોહીવાળા કપડાં પોતાના મકાનની છત પર સળગાવી નાખ્યા

હત્યાની ઘટનામાં પોલીસ સૂત્રોમાંથી મળતી માહિતી અનુસાર રામનરેશ અને શનીએ લૂંટનું કાવતરું ઘડ્યા બાદ બંને શખ્સો બનાવની રાત્રે આશરે દોઢ વાગ્યે કેટરિંગ કામેથી પરત ફર્યા હતા. બાદમાં આશરે બે થી અઢી વાગ્યાના અરસામાં જાટવ બંધુઓ પોતાના ઘરની અગાસી પરથી મૃતકના ઘરની આગશી પર જઈ સીડી વાટે નીચે ઉતર્યા હતા. જયા મૃતકે ઘરની અંદરનો દરવાજો ખુલ્લો રાખ્યો હોય બંને શખ્સોએ સરળતાથી ઘરમાં પ્રવેશ મેળવ્યો હતો. વધુમાં બ્યુટીપાર્લર સંચાલિકાના ગળે છરી ફેરવતા તેણીના લોહીના ડાઘા બંને શખ્સોના કપડાં પર રહી ગયા હતા. જેથી બંનેએ પુરાવાનો નાશ કરવા પોતાના ઘરની અગાસી પર જઈ લોહીવાળા કપડાં સળગાવી નાખ્યા હતા.

### રામ નરેશે પોલિસની પૂછપરછમાં ઠેકેદાર સહિત પાંચ શખ્સોએ મદદગારી કર્યાની કબૂલાત આપી

ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આગવી ઢબે પૂછપરછ કરતા જાટવ બંધુઓએ હત્યાની કબૂલાત આપી દીધી હતી. ત્યારબાદ રામ નરેશ જાટવ જ સમગ્ર મામલાનો મુખ્ય સૂત્રધાર હોવાનું અને તેણે જ લૂંટનો પ્લાન ઘડ્યાનું સપાટી પર આવ્યું હતું. પોલિસની પૂછપરછમાં રામનરેશે પાંચ શખ્સો સાથે મળીને ગુનાને અંજામ આપ્યાનો અને તેની સાથે ગુનામાં તેના ઠેકેદાર સહિતના શખ્સો સંડોવાયેલા હોવાની કબૂલાત આપી હતી. જેથી પોલીસે ઠેકેદાર સહિતના શખ્સોની આકરી પૂછપરછ કરી હતી પણ કશું જ શંકાસ્પદ નહિ જણાતા ફરીવાર રામનરેશની પૂછપરછ કરવામાં આવી હતી. જેમાં ઠેકેદાર પાસેથી ઉપાડ માંગ્યો હોય પરંતુ તેણે પૈસા આપ્યા ન હોય જેનો ખાર રાખી ફસાવી દેવાના ઈરાદે ઠેકેદાર સહીતનું નામ આપી દીધાનું રામનરેશે કબૂલ્યું હતું.

# સોની વેપારી પાસે રૂ. ૬૮.૭૯ લાખનું સોનું મેળવી બંગાળી કારીગર પલાયન

## હાથીખાના મેઈન રોડના વેપારીએ પાલીસ કરવા અર્થે બંગાળી કારીગરને કટકે કટકે ૪૬૭ ગ્રામ સોનુ આપ્યું’તું : વતનથી પરત આવી સોનું આપી દેવાનું કહી ભૂગર્ભમાં ઉતરી ગયો

**અબતક, રાજકોટ**

શહેરના સોની વેપારી પાસેથી રૂ.૬૮.૭૯ લાખનું સોનુ મેળવી વધુ એક બંગાળી કારીગર પલાયન થઈ ગયાનો બનાવ સામે આવ્યો છે. હથિખાના રોડના વેપારીએ પાલીસ કરવા અર્થે આપેલું ૪૬૭ ગ્રામ સોનુ મેળવી બંગાળી કારીગર વતન નાસી જતાં એ ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી. બનાવ અંગે સોની વેપારી બિમલભાઈ ભાવેશભાઈ ચલ્લા (ઉ.વ-૩૦)(રહે. સાધુ વાસવાણી રોડ પાટીદાર ચોક પાસે પામ સીટી એપા. વીંગ-સી ફ્લેટ ૬૦૨) દ્વારા એ ડિવિઝન પોલીસ મથકમાં નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે મૂળ પ.બંગાળના વતની અને હાલ રાજકોટમાં સોની બજાર જુમ્મા મસ્જિદ પાસે રહેતા એસ.કે. ઓસમાન અલી મથુર અલી શેખનું નામ આપ્યું છે. વેપારીએ ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેઓને હાથીખાના મેઈન રોડ ઉપર ગોલ્ડસુક બિલ્ડીંગમાં ચોથા માળે દુકાન નં ૪૦૭ મા મોમાઈ ગોલ્ડ નામની સોની કામની દુકાન છે.વેપારી સોનાના દાગીના પોલીસ કરવા માટે સોની બજાર સવજીભાઈની શેરીમાં આવેલી જે.પી.ટાવરમાં ત્રીજા માળે અલી ગોલ્ડ નામની દુકાન એસ.કે. ઓસ્માન અલી મુથુર અલી શેખ ચલાવે છે તેને વેપારી આશરે સાત-આઠ વર્ષોથી ઓળખે છે. આ એસ.કે. ઓસ્માન અલી મુથુર અલી સોનાના દાગીના પોલીસ કામ કરતા હોય જેથી વેપારી તેને છેલ્લા સાતેક વર્ષથી દુકાનના સોનાના-દાગીના પાલીસ કરવા સારૂ આપતો હતો અને એસ.કે. ઓસ્માન અલીને વેપારી તેને કરેલા કામના બદલમા દર ૧૦૦ ગ્રામ દાગીનાએ ૫૦૦ મીલીગ્રામ મજૂરી પેટે આપતા હતા અને સોનાના દાગીના દુકાનેથી એસ.કે. લઈ જતો હતો.એસ.કે. ઓસ્માન અલીને વર્ષ ૨૦૨૫ મા કટકે કટકે કુલ ૪૬૭.૩૯૦ ગ્રામ સોનાના દાગીના ૨૨ કેરેટના પાલીસ કામ કરવા માટે આપ્યા હતા. આ સોનાના દાગીના હાલની બજાર કિંમત આશરે ૬૮,૭૯,૯૮૦ થતી હોય જે કિંમતનું સોનુ અલી ગોલ્ડ નામની દુકાન એસ.કે. ઓસ્માન અલી મુથુર અલી પાસેથી વેપારીએ લેવાનુ હોય અને વેપારીને ધંધામા જરૂરીયાત હોય જેથી મે આ એસ.કે. પાસે બાકી સોનુ માંગતા તેણે કહ્યું હતું કે, હું થોડા સમયમાં આપી દઈશ તેવા ખોટા બહાના કાઢતો હતો. છેલ્લે બે મહીના પહેલા વેપારીએ ફરી વખત સોનુ માંગતા કહ્યું હતું કે, હું મારા વતન કલકતામા જવ છુ ત્યાંથી પરત આવી જાવ ત્યારબાદ તમને તમારૂ સોનુ પરત આપી દઈશ. આશરે બે મહીના પહેલા તેના વતન કલકતા ખાતે જતો રહ્યો હતો. બાદમાં પરત આવેલ ન હતો અને વેપારીનું સોનુ પણ પરત આપ્યુંન હતુ. જેથી એસ.કે. ઓસ્માન અલી મુથુર અલી શેખએ વેપારીએ વિશ્વાસમા લઈ તેમની પાસેથી ૪૬૭.૩૯૦ ગ્રામ ૨૨ કેરેટ વાળુ સોનુ કિં.રૂ. ૬૮,૭૯,૯૮૦ પરત ન આપી વતન નાસી ગયો હોય વેપારીએ ફરિયાદ નોંધાવતા પોલીસે છેતરપિંડી-વિશ્વાસઘાતનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# કાળીપાટ ગામે ફાકી મામલે માથાકૂટ પિતા-પુત્ર પર તલવાર વડે હુમલો

### મકાન પર ઈંટના છુટ્ટા ઘા કરાયા : કૌટુંબિક ફઈના દીકરા અને અજાણ્યા શખ્સ સામે યુવકે ફરિયાદ નોંધાવી

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે ભાવનગર હાઈવે પર કાળીપાટ ગામે ફાકી બાબતે યુવાનને ગાળો આપી ઘર પર પથ્થરમારો કર્યો હતો. બાદમાં યુવાનના મોટા બાપુ અને તેના પુત્ર પર તલવાર વડે હુમલો કરાયો હતો. જે અંગે આજીડેમ પોલીસ સ્ટેશનમાં બે શખસો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે.

શહેરના કાળીપાટ ગામે શંકર મંદિરની બાજુમાં કૌટુંબિક સગા જસમતભાઈ મકવાણાના મકાનમાં ભાડેથી રહેતા આશિષ નિલેશભાઈ મકવાણા (ઉ.વ.૨૦) નામના યુવાને આજીડેમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં તેમના કૌટુંબિક ફઈના પુત્ર જયેશ જીવરાજભાઈ ગોરીયા (રહે. ભારતનગર શેરી નંબર ૧૭, આજીડેમ ચોકડી પાસે) અને અજાણ્યા શખસનું નામ આપ્યું છે.યુવાને ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલ સાંજના પાંચેક વાગ્યે આસપાસ બાજુના રૂમમાં રહેતા જસમતભાઈના દીકરી તથા યુવાનના કૌટુંબિક ફઈ સોનુબેન જે રેલનગર ખાતે રહે છે તેઓ ઘરે બેસવા આવ્યા હતા અને બાદમાં યુવાને કહ્યું હતું કે, મારે રેલનગર જેવું છે જેથી તું મને કાળીપાટ ચોકડીએ મૂકી જા. જેથી યુવાન તેમને મુકવા માટે જતો હતો. દરમિયાન સોનુબેનનો પુત્ર જયેશ તથા એક અજાણ્યો શખસ અહીં આવ્યો હતો. યુવાનને જયશે કહ્યું હતુ કે, ફાકી લાવ જેથી યુવાને કહ્યુ હતું કે, મારી પાસે નથી તેમ કહેતા જયેશ કહેવા લાગ્યો હતો કે, મારી સામે કેમ ઉંચા અવાજે બોલે છે કહી ગાળો આપવા લાગ્યો હતો. જેથી સોનુબેને યુવાનને રૂમમાં પૂરી દીધો હતો બાદમાં જયશે તેના માતા સોનુબેનને કહેતો હતો કે, એને બહાર કાઢો. ત્યારબાદ દરવાજા અને મકાનની છત પર ઈંટોના ઘા કરવા લાગ્યા હતા. દરમિયાન યુવકના મોટા બાપુના પુત્ર સુનિલે પોલીસને ફોન કરી બોલાવતા જયેશ અને તેનો મિત્ર ત્યાંથી જતા રહ્યા હતા.

યુવાન પોલીસ સ્ટેશન ફરિયાદ કરવા જતા તેને સુનિલે ફોન કરી કહ્યું હતું કે, જયેશ અને તેનો મિત્ર ફરી અહીં ઘરે ગાડી લઈને આવ્યા હતા અને ગાળો બોલતા હતા. જેથી યુવાનના મોટા બાપુ વિઠ્ઠલભાઈ અને તેના પુત્ર સાગરે ગાળો બોલવાની ના કહેતા જયેશના મિત્ર ઉશ્કેરાઈ સાગરના ડાબા હાથે કાંડાના ભાગે તલવારનો ઘા મારી દીધો હતો. વિઠ્ઠલભાઈ છોડાવવા જતા તેમના હથેળીના ભાગે તલવાર લાગી ગઈ હતી. બાદમાં યુવાન તથા તેના મોટાબાપુ વિઠ્ઠલભાઈ અને સાગર ત્રણેય અહીં પોલીસ સ્ટેશન ફરિયાદ કરવા આવ્યા હતા. યુવાનની ફરિયાદ પરથી આજીડેમ પોલીસે બંને શખસો સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

# કુવાડવા પોલીસ સ્ટેશન નજીકથી ૧.૧૨૦ કિલો ગાંજા સાથે પાનનો ધંધાર્થી ઝડપાયો

### ચોટીલાના રાજપરા ગામેથી ગાંજો મેળવી રાજકોટમાં છૂટકમાં વેંપલો કરે તે પૂર્વે વિનોદ ઉર્ફે રાજુને એસઓજી ટીમે દબોચ્યો : રૂ. ૯૧ હજારનો મુદ્દામાલ કબ્જે

**અબતક, રાજકોટ**

રાજકોટની ભાગોળે કુવાડવા પોલીસ મથક નજીક એસઓજી ટીમે દરોડો પાડી ૧.૧૨૦ કિલો ગાંજા સાથે પાનના ધંધાર્થીને ઝડપી પાડ્યો હતો. ચોટીલાના રાજપરા ગામેથી ગાંજો લાવી વિનોદ ઉર્ફે રાજુ અહીં છૂટકમાં વેંપલો કરે તે પૂર્વે જ પોલિસની ટીમ ત્રાટકી હતી. એસઓજીએ આરોપી પાસેથી ૯૧ હજારનો મુદ્દામાલ કબ્જે કરી સપ્લાયર અંગે તપાસ આદરી હતી.



શહેર પોલીસ કમિશ્નર બ્રજેશકુમાર ઝા, એડી. સીપી ચૈતન્ય મંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ભરત બસીયા તરફથી શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ના ચડે તથા નાર્કોટીકસ પદાર્થોનું વેચાણ અટકાવવા ‘‘સે નો ટુ ડ્રગ્સ’’ મિશન અંતર્ગત નાર્કોટીકસ પદાર્થોનું ખરીદ-વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરૂધ્ધ કડક કાયેવાહી કરવાની આપેલ સુચનાથી એસઓજી પીઆઈ એન.બી.ચૌધરીની રાહબરી હેઠળ પીએસઆઇ એમ.વી. જાડેજા ટીમ સાથે પેટ્રોલીંગમાં હતાં ત્યારે સાથેના હેડ કોન્સ્ટેબલ. હરદેવસિંહ જાડેજા, ધર્મેન્દ્રસિંહ ઝાલા, યોગરાજસિંહ ગોહિલ અને કોન્સ્ટેબલ અનોપસિંહ ઝાલાને સંયુકત બાતમી મળેલ કે, વિનોદ ઉર્ફે રાજુ સેંગર નામનો શખ્સ થોડી વારમાં અમદાવાદ હાઈવે ઉપર કુવાડવા પોલીસ સ્ટેશન સામે આવેલ પુલ નીચે બાઈક લઈને ગાંજાનો જથ્થો આવવાનો છે.

જે બાતમીના આધારે એસઓજીની ટીમે બાતમીના સ્થળે દોડી જઈ આરોપીને કોર્ડન કરી તેનું નામ પૂછતાં વિનોદસિંહ ઉર્ફે રાજુ હુકુમસિંહ સેંગર (ઉ.વ.૩૫, ધંધો. પાનની કેબિન,રહે. રંગીલા સોસાયટી નવાગામ મામા વાડી મફતીયાપરા, રાજકોટ) હોવાનું જણાવ્યું હતું. પોલીસે તેની અંગજડતી કરતા ૧.૧૨૦ ગ્રામ ગાંજાનો જથ્થો મળી આવતાં કુલ રૂ.૮૨ હજારનો મુદામાલ કબ્જે કરી આરોપીની ધરપકડ કરી હતી.

વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, પકડાયેલ શખ્સ ચોટીલાના રાજપરા ગામેથી ગાંજો લઈ આવી છૂટકમાં વેંચાણ કરવાનો હોવાની કબૂલાત આપી હતી. ઉલ્લેખનીય છે કે, આરોપી વિરૂદ્ધ અગાઉ બી ડિવિઝન પોલીસ મથકમાં પણ એનડીપીએસ એક્ટ હેઠળનો ગુનો નોંધાઈ ચુક્યો છે.

# જુગારધારાના કેસમાં આઠ વર્ષથી ફરાર અલ્લાઉદ્દીન કારિયાણીયા ઝડપાયો

## રાજકોટ ક્રાઈમ બ્રાન્ચે આરોપીને પકડી અમદાવાદ પોલીસના હવાલે કર્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચના જુગારધારાના કેસમાં આઠ વર્ષથી ફરાર આરોપી અલ્લાઉદ્દીન કારીયાણીયાને પકડી પાડી અમદાવાદ પોલીસના હવાલે કર્યો હતો.



પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર ચૈતન્ય માંડલીક, ડીસીપી ક્રાઈમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઈમ ભરત બસીયા દ્વારા રાજકોટ શહેર તથા અન્ય જિલ્લાના ગુનામાં નાસતા ફરતા આરોપીઓને તાત્કાલિક પકડી પાડવા સૂચના આપવામાં આવી હતી. જે સૂચના અનુસંધાને ક્રાઈમ બ્રાન્ચ પીઆઈ એ એસ ચાવડા, એમ એલ ડામોર અને સી એચ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ વી ડી રાવલીયાની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન એએસઆઈ સમીરભાઈ શેખ અને કોન્સ્ટેબલ જીલુભાઈ ગરચરને મળેલી સંયુક્ત હકીકતના આધારે અમદાવાદ ડીસીબી પોલીસ મથકમાં નોંધાયેલ જુગારધારાના કેસમાં આઠ વર્ષથી નાસતા ફરતા આરોપી અલાઉદ્દીન ઉર્ફે અલીભાઈ નુરાભાઈ કારિયાણીયા (ઉવ ૫૮ રહે. નહેરુનગર મેઈન રોડ, રૈયા રોડ, રાજકોટ)ને પકડી અમદાવાદ પોલીસના હવાલે કરવામાં આવ્યો હતો.

# કુવાડવા નજીક રહેતી ૧૬ વર્ષીય સગીરાને ઘર નજીક રહેતો શખ્સ ઉઠાવી ગયો

### નાના મવા રોડ પર રહેતી ૧૫ વર્ષીય કિશોરી ઘરેથી ભેદી રીતે લાપતા : અપહરણનો ગુનો નોંધાયો

**અબતક, રાજકોટ**

શહેરની ભાગોળે આવેલ કુવાડવા ગામ નજીક રહેતી ૧૬ વર્ષીય તરુણીને ઘર નજીક રહેતો શખ્સ ઉઠાવી ગયો હતો. જે મામલે માતાએ ફરિયાદ આપતાં કુવાડવા રોડ પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ આદરી હતી. જયારે નાના મવા રોડ પર રહેતી ૧૫ વર્ષીય તરૂણી ઘરેથી ભેદી રીતે લાપતા થઈ જતાં તાલુકા પોલીસે અપહરણનો ગુનો નોંધ્યો હતો.

કુવાડવા ગામ નજીક રહેતી ૩૮ વર્ષીય પરિણીતાએ નોંધાવેલી ફરિયાદમાં આરોપી તરીકે કાનો પાંચાભાઈ બાબરીયા (રહેમ હુડકો ક્વાર્ટર, કુવાડવા, રાજકોટ)નું નામ આપી જણાવ્યું હતું કે, મારે સંતાનમાં એક દિકરો અને બે દિકરી છે. જેમાં ૧૬ વર્ષ આઠ મહિનાની પુત્રી વચ્ચેટ છે અને તેણી સાથે જ મજૂરી કામ કરે છે. ગઈ તા.૧૬/૦૯/૨૦૨૬ ના સવારના સાતેક વાગ્યાના અરશામાં હુ તથા મારા પતિ તથા મારી નાની દિકરી મજુરીકામ અર્થે ગયેલ હતા. જયારે ૧૬ વર્ષીય પુત્રીની તબિયત ખરાબ હોય તેણી ઘરે જ રોકાઈ હતી અને પુત્ર પણ ઘરે જ હાજર હતો. જયારે મોટી પુત્રી પણ કામ અર્થે ઘરેથી જતાં રહેલ હતા.

પરિણીતાએ ફરિયાદમાં જણાવ્યું હતુ કે, સાંજના પાંચ વાગ્યે અમે ઘરે આવેલ ત્યારે પુત્ર અને ૧૬ વર્ષીય પુત્રી ઘરે મળી આવ્યા ન હતા. જેથી પુત્રને ફોન કરતા તેણે કહેલ કે, હું એક વાગ્યે કારખાને આવતો રહેલ હતો. પુત્રને દીકરી બાબતે પૂછતાં તેણે જણાવેલ કે, તેણી ઘરે જ હતી. બાદમાં આસપાસમાં તપાસ કરતા ૧૬ વર્ષીય પુત્રી ક્યાંય મળી આવેલ ન હતી. જેઠાણીના ઘરે જઈ પુત્રી અંગે પૂછતાં તેમણે જણાવેલ કે, તેણી બપોરના આશરે દોઢ વાગ્યે ઘરે આવેલ હતી અને કપડા ભરવા થેલી માંગેલ હતી. જેથી મે તેને થેલી શુ કામ જોય છે તે બાબતે પુછતા તેણે જણાવેલ કે, કપડા સીલાઈમાં દેવા જવુ છે જેથી કપડા નાખવા થેલી જોઈએ છે જેથી મે તેને થેલી આપેલ હતી. દરમ્યાન તેમના ઘર નજીક રહેતા પાંચાભાઈ બાબરીયાનો દિકરો કાનો પણ તેના ઘરે ન હોય અને તેને પણ તેના ઘરના સભ્યો શોધતા હોય પણ કાનાની કોઈ ભાળ મળી ન હતી. મારી દિકરી સાથે કાનો મીત્રતા ધરાવતો હોય જેથી કાનો પાંચાભાઈ બાબરીયા મારી દિકરીને ઘરેથી ભગાડી ગયો હોય શંકા પ્રબળ બનતા માતાએ ફરિયાદ નોંધાવી હતી. બનાવ મામલે કુવાડવા પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ આદરી હતી.

જયારે અપહરણના અન્ય એક બનાવમાં નાના મવા રોડ પર રહેતા ૩૮ વર્ષીય યુવાને તાલુકા પોલીસ મથકે નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, તેમને સંતાનમાં એક ૧૫ વર્ષ ૧૧ મહિનાની પુત્રી છે. ગત તા.૧૭ ના રોજ તેમની પુત્રી ઘરેથી ભેદી રીતે લાપતા થઈ ગઈ હતી. પરિજનોએ આસપાસ તપાસ કરતા દીકરીની કોઈ ભાળ નહિ મળતા અંતે પિતાએ ફરીયાદ નોંધાવી હતી.

# સ્પોર્ટ્સ અબતક

# એશિયન ગેમ્સમાં ભારતની ૫૦૧ સભ્યોનું દળ નવી ઊંચાઈ સર કરવા સજ્જ

## ભારતનો વિશાળ કાફલો દેશની વધતી જતી રમતગમતની ક્ષમતા અને આગામી દાયકામાં વિશ્વની ટોચની ૧૦ સ્પોર્ટિંગ સુપરપાવરમાં સ્થાન મેળવવાની અને સ્ટ્રેટેજિક વિઝન દર્શાવવા માટે તૈયાર

**અબતક, રાજકોટ**


જાપાનના નાગોયામાં આજથી ૨૦મી એશિયન ગેમ્સ શરૂ થઈ છે ત્યારે, ૫૦૧ ખેલાડીઓનો ભારતનો વિશાળ કાફલો દેશની વધતી જતી રમતગમતની ક્ષમતા અને આગામી દાયકામાં વિશ્વની ટોચની ૧૦ સ્પોર્ટિંગ સુપરપાવરમાં સ્થાન મેળવવાની અને સ્ટ્રેટેજિક વિઝન દર્શાવવા માટે તૈયાર છે.આજે નાગોયામાં ૨૦મી એશિયન ગેમ્સ શરૂ થવાની સાથે ભારતની રમતગમત ક્ષેત્રે ઝડપથી વિકસતી ક્ષમતાની કસોટી થશે. ખેલાડીઓ આગામી દાયકામાં વિશ્વની ટોચની ૧૦માં સ્થાન મેળવવાની દેશની વ્યાપક મહત્વાકાંક્ષાની ઝલક રજૂ કરવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે. સ્પર્ધામાં ભાગ લેનારા ખેલાડીઓની સંખ્યા (આશરે ૧૧,૦૦૦) અને તેમાં સામેલ રમતો (૪૩)ને જોતાં, ઓલિમ્પિક્સની સરખામણીમાં એશિયાડ એક મોટી સ્પર્ધા રહી છે, ભલે તેમાં ભાગ લેનારા દેશોની સંખ્યા (૪૫) ઘણી ઓછી હોય. એશિયન ગેમ્સમાં આવખતે ૫૦૧ ખેલાડીઓનું વિશાળ જૂથ ભારતનું પ્રતિનિધિત્વ કરશે. અહીં પહોંચ્યા બાદ તેમને રહેઠાણની અસ્તવ્યસ્ત વ્યવસ્થાને કારણે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો છે, ઘણા ખેલાડીઓએ રૂમ મેળવવા માટે કલાકો સુધી રાહ જોવી પડી છે અને જે રૂમ મળ્યા છે તે સાંકડા હોવાનું તેમજ ખેલાડીઓની જરૂરિયાતો પૂરી કરવા માટે અપૂરતી સુવિધાઓ ધરાવતા હોવાનું વર્ણન કરવામાં આવી રહ્યું છે. જોકે, શરૂઆતની મુશ્કેલીઓ હવે પાછળ રહી જશે અને ધ્યાન મુખ્ય સ્પર્ધા પર કેન્દ્રિત થશે. સ્પર્ધા શરૂ થાય છે, મેડલનો નિર્ણય લેવાય છે અને ધ્યાન ખેલાડીઓના રહેઠાણથી હટીને મેદાન પરના તેમના પ્રદર્શન પર કેન્દ્રિત થાય છે. હાંગઝોઉએ ભારત માટે એક નવો માપદંડ સ્થાપિત કર્યો છે. નાગોયા એ આગામી કસોટી છે. ૨૦૩૬ સુધીનો માર્ગ લાંબો છે. નાગોયામાં, ભારત તે દિશામાં વધુ એક ડગલું માંડશે.૨૦૨૨ હાંગઝોઉ એશિયન ગેમ્સમાં ભારતો રેકોર્ડ ૧૦૬ મેડલ જીત્યા હતા જેને કારણે ભારતીય ખેલાડીઓ પાસે આ વખતે અપેક્ષાઓ વધી ગઈ છે. આ કોઈ કોન્ટિનેન્ટલ લેલવની મોટી ઈવેન્ટમાં દેશનું શ્રેષ્ઠ પ્રદર્શન હતું. જેનાથી એ વિશ્વાસને વધ્યો કે ભારતીય રમતગમત માત્ર અમુક પરંપરાગત મેડલ-વિજેતા રમતો પર નિર્ભર રહેવાને બદલે વિવિધ રમતોમાં સતત સ્પર્ધા કરવા માટે સક્ષમ છે. નાગોયા હવે તે ગતિને જાળવી રાખીને આગળ વધવાની વધુ એક તક આપે છે. ભારતનું રમતગમત ક્ષેત્રે નિર્ધારિત લક્ષ્ય ૨૦૩૬ સુધીમાં ટોચના ૧૦ રમતગમત દેશોમાં સ્થાન મેળવવાનું અને ૨૦૪૭ સુધીમાં ટોચના પાંચમાં સ્થાન મેળવવાનું છે. આ દીર્ઘકાલીન લક્ષ્યો છે, પરંતુ સ્પોર્ટ્સમાં દરેક મોટું મલ્ટિ-સ્પોર્ટ ઈવેન્ટ એ વાતની ઝલક પૂરી પાડે છે કે દેશ તે વ્યાપક વિઝનની કેટલો નજીક પહોંચ્યો છે. તેથી, આ ગેમ્સ માત્ર મેડલની સંખ્યામાં વધારો કરવા પૂરતી સીમિત નથી. તે ભારતીય રમતગમતમાં ઉભરતી પ્રતિભાઓની તાકાત અને ભારે દબાણની સ્થિતિમાં સંભવિત ક્ષમતાને શ્રેષ્ઠ પ્રદર્શનમાં પરિવર્તિત કરવાની ક્ષમતાની વધુ એક કસોટી છે.

### સેમિફાઈનલમાં હાર છતાં ક્વિમ્સી ડીસોઝા પાસે ભારત માટે બે બ્રોન્ઝ મેડલ જીતવાની તક



ભારતની ટેકબોલ સ્ટાર ક્વિમ્સી જોક્વિમ ડીસોઝા એશિયન ગેમ્સ ૨૦૨૬માં મહિલા સિંગલ્સની સેમિફાઈનલમાં ઈન્ડોનેશિયાની ઈમા સુમાયા સામે ૧-૨થી હારી ગઈ છે. પહેલો સેટ જીત્યા બાદ અને ત્રીજા સેટમાં સરસાઈ મેળવ્યા છતાં તે હાર પામી હતી.હાર છતાં ભારત માટે ઈતિહાસ રચવાની તક જીવંત છે. રવિવારે ક્વિમ્સી સિંગલ્સમાં અને મોહમ્મદ અનાસ ઈમરાન બેગ સાથે મિક્સ્ડ ડબલ્સમાં કાંસ્ય મેડલ માટે મેદાનમાં ઉતરશે.જો તે જીતશે તો પ્રથમ વખત એશિયન ગેમ્સમાં સામેલ થયેલી ટેકબોલ રમતમાં ભારતને પહેલો મેડલ મળશે. રવિવારે બે મેડલ મેચ રમીને ક્વિમ્સી ભારતને આ ઐતિહાસિક સફળતા અપાવી શકે છે.

### હાર નહિ માંનુગાઃ વર્લ્ડ નંબર-૧ કુસ્તીબાજ સુજીતનું લક્ષ્ય માત્ર 'ગોલ્ડ મેડલ'



હરિયાણાના ૨૩ વર્ષીયપહેલવાન સુજીત કલકલ ૨૦૨૬ની એશિયન ગેમ્સમાં સોનાના મેડલ પર નજર સાધી રહ્યા છે, જેને તેઓ ૨૦૨૮ લોસ એન્જલસ ઓલિમ્પિક્સના સપના તરફનું પ્રથમ મહત્વપૂર્ણ પગલું માને છે.એપ્રિલ ૨૦૨૪માં દુબઈ એરપોર્ટ પર પૂરના કારણે અટવાઈ જતાં તેઓ એશિયન ઓલિમ્પિક ક્વોલિફાયરની વેઈ-ઈન પ્રક્રિયામાં પહોંચી શક્યા ન હતા અને પેરિસ ઓલિમ્પિક્સ રમવાની તક ગુમાવી હતી. આ આઘાતમાંથી બહાર આવીને પિતા દયાનંદ કલકલના માર્ગદર્શન હેઠળ તેમણે "હાર નહીં માનુંગા"ના જુસ્સા સાથે પુનઃરાગમન કર્યું.યોગેશ્વર દત્ત અને બજરંગ પૂનિયાના ગોલ્ડ મેડલના વારસાને આગળ ધપાવતા, સુજીત ૨ ઓક્ટોબરથી શરૂ થતી સ્પર્ધામાં જાપાનના ઓલિમ્પિક ચેમ્પિયન કોટારો કિયોકા જેવા કડક પડકારો સામે લડવા માટે સજ્જ છે. પિતાના કડક અને શિસ્ત સ્વભાવ તેમજ પોતાના અથાક પરિશ્રમથી સુજીત દેશ માટે ગોલ્ડ લાવવા માટે સંપૂર્ણપણે ઉત્સાહિત છે.તેઓએ બુડાપેસ્ટ, ઝાગ્રેબ, તિરાના ગ્રાન્ડ પ્રિક્સ અને એશિયન રેસલિંગ ચેમ્પિયનશિપ ૨૦૨૬માં ગોલ્ડ મેડલ જીત્યા છે અને હાલમાં તેઓ ૬૫ કિગ્રા કેટેગરીમાં વિશ્વના નંબર-૧ પહેલવાન બની ચૂક્યા છે.

### બીસીસીઆઈનો નિર્ણયઃ પુરૂષો અને મહિલા ક્રિકેટ ટીમોના રોકાણ માટે અલગ-અલગ વ્યવસ્થા

જાપાનમાં યોજાનાર એશિયન ગેમ્સ ૨૦૨૬ માટે બીસીસીઆઈએ ભારતીય પુરુષ ક્રિકેટ ટીમ માટે અલગ આવાસની વ્યવસ્થા કરી છે, જ્યારે મહિલા ટીમ આયોજકોની સુવિધાઓમાં જ રોકાશે.બીસીસીઆઈના સેક્રેટરી દેવજીત સૈકિયાના જણાવ્યા મુજબ, સપોર્ટ સ્ટાફ સાથે પુરુષ ટીમનું શેડ્યુઅલ મોટું હોવાથી ખેલાડીઓને વિભાજિત ન કરવા માટે આ નિર્ણય લેવાયો છે. સામે મહિલા ટીમ ૨૦ સભ્યોની મર્યાદામાં હોવાથી તેઓ ગેમ્સ ફેસિલિટીમાં રહેશે.આવાસ અંગેની આશંકાઓ છતાં બીસીસીઆઈએ આયોજકો પર વિશ્વાસ વ્યક્ત કર્યો છે. ગોલ્ડ મેડલ જીતવાના લક્ષ્ય સાથે જસપ્રીત બુમરાહ અને કેપ્ટન શ્રેયસ અય્યર સહિતની સશક્ત પુરુષ ટીમ મોકલવામાં આવી છે. ટીમ ૧ ઑક્ટોબરે જાપાન પહોંચશે.

### તુરની જગ્યાએ કબડ્ડી સ્ટાર પવન સેહરાવત ભારતીય દળની આગેવાની કરશે



જાપાનના નાગોયામાં યોજાનાર એશિયન ગેમ્સ ૨૦૨૬ના ઓપનિંગ સેરેમનીમાં ભારતના પુરુષ ધ્વજવાહક તરીકે શોટ પુટર તાજીંદરપાલ સિંહ તૂરની જગ્યાએ કબડ્ડી ખેલાડી પવન સેહરાવતની પસંદગી કરવામાં આવી છે. મનુ ભાકર મહિલા ધ્વજવાહક તરીકે યથાવત રહેશે.છેલ્લી ઘડીના ફેરફાર પાછળ લોજિસ્ટિકલ મુશ્કેલીઓ જવાબદાર છે. તૂર હાલ ટોક્યો નજીક ત્સુકુબા ખાતે એક્લિમેટાઈઝેશન કેમ્પમાં છે અને તેમની ઓફિશિયલ કિટ બપોરે ૩ વાગ્યે નાગોયા એરપોર્ટ પહોંચવાની હતી. એરપોર્ટથી કિટ મેળવીને સમયસર વેન્યુ પર પહોંચવું વ્યવહારિક રીતે અશક્ય હોવાથી તેમણે ભારતીય ઓલિમ્પિક એસોસિયેશનને અસમર્થતા દર્શાવી હતી.ચીફ-ડી-મિશન સાહદેવ યાદવે આ ફેરફારની પુષ્ટિ કરી છે. ૨૦૨૩ હાંગઝોઉ એશિયન ગેમ્સના સુવર્ણચંદ્રક વિજેતા અને અનુભવી કબડ્ડી પ્લેયર પવન સેહરાવત હવે મનુ ભાકર સાથે ભારતીય દલનું નેતૃત્વ કરશે.

# નિરંજન શાહ સ્ટેડિયમમાં અન્વય-આર્યવીરની સટાસટીઃ ઓસ્ટ્રેલિયા સાત વિકેટે હાર્યું



## વરસાદને કારણે મેચ ૨૦ ઓવરની કરવામાં આવતા ભારતે ૧૮૨ રન બનાવ્યા જવાબમાં ઓસ્ટ્રેલિયા ૧૭૬ રન જ બનાવી શકી

**અબતક, રાજકોટ**

રાજકોટના જામનગર રોડ પર આવેલા નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે ભારત અને ઓસ્ટ્રેલિયાની અંડર-૧૯ ટીમ વચ્ચે ત્રણ વન-ડે મેચની શ્રેણીની પ્રથમ મેચ રોમાંચક માહોલમાં રમાઈ હતી. સ્ટેડિયમમાં ક્રિકેટ પ્રેમીઓ માટે સૌથી મોટું આકર્ષણ પૂર્વ દિગ્ગજ ખેલાડીઓની નવી પેઢી રહી હતી. વીરેન્દ્ર સહેવાગના પુત્ર આર્યવીર સહેવાગ અને રાહુલ દ્રવિડના પુત્ર અન્વય દ્રવિડ મેદાન પર સાથે રમતા જોવા મળ્યા હતા. આ ઐતિહાસિક ક્ષણના સાક્ષી બનવા માટે ખુદ વીરેન્દ્ર સહેવાગ પણ સ્ટેડિયમમાં હાજર રહ્યા હતા. આખરી ઓવર સુધી ખેંચાયેલા આ હાઈ-વોલ્ટેજ મુકાબલામાં ભારતે ઓસ્ટ્રેલિયાને ૭ રને હરાવી શ્રેણીમાં ૧-૦ની સરસાઈ મેળવી લીધી છે.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવા ઉતરેલી ભારતીય ટીમે નિર્ધારિત ઓવરોમાં ૬ વિકેટના નુકસાને ૧૮૨ રનનો સન્માનજનક સ્કોર બનાવ્યો હતો. જેમાં યશવર્ધન ચૌહાણે શાનદાર પ્રદર્શન કરતાં ૩૪ બોલમાં ૫ ચોગ્ગા અને ૨ છગ્ગા સાથે ઝંઝાવાતી ૫૪ રન ફટકાર્યા હતા. જ્યારે આર્યવીર સહેવાગે પિતાની ઝલક બતાવતાં ૨૬ બોલમાં ૫ ચોગ્ગા સાથે ૨૮ રન અને અન્વય દ્રવિડે ૧૮ બોલમાં ૨ ચોગ્ગા તથા ૩ ગગનચુંબી છગ્ગા સાથે ૩૮ રનનું મહત્વનું યોગદાન આપ્યું હતું.

૧૮૩ રનના લક્ષ્યાંકનો પીછો કરવા ઉતરેલી ઓસ્ટ્રેલિયાની ટીમે પણ આક્રમક રમત દાખવી હતી. કાંગારુ કેપ્ટન જેક ઝોસ્નેકે માત્ર ૨૭ બોલમાં ૬ ચોગ્ગા અને ૩ છગ્ગાની મદદથી ૫૫ રન ફટકારીને મેચ ભારત પાસેથી છીનવી લેવાનો પ્રયાસ કર્યો હતો. ૧૧ બોલમાં ૨૪ રનની જરૂર હતી ત્યારે તેમણે સતત ત્રણ ચોગ્ગા ફટકારી ૨૫ બોલમાં ફિફ્ટી પૂરી કરી હતી, પરંતુ તે પછીના જ બોલે તેઓ આઉટ થતાં મેચ રોમાંચક વળાંક પર આવી ગઈ હતી.

છેલ્લી ઓવરમાં ઓસ્ટ્રેલિયાને જીતવા ૧૧ રનની જરૂર હતી ત્યારે સૌરાષ્ટ્રના યુવા ઝડપી બોલર મોહિત ઉલ્વાએ શાનદાર યોર્કર અને ચોક્કસ લાઈન-લેન્થથી માત્ર ૩ રન આપી ભારતને ૭ રને શાનદાર વિજય અપાવ્યો હતો.

### રાહુલ દ્રવીડના પુત્ર અન્વયે ૨૧૧ની સ્ટ્રાઈક રેટથી ૩૮ રન બનાવ્યા

ક્રિકેટમાં દ્રવિડ નામ સાંભળતા જ રાહુલ દ્રવિડની સંયમિત બેટિંગ યાદ આવી જાય છે પરંતુ તેમના દિકરા અન્વય દ્રવિડે ઓસ્ટ્રેલિયા અંડર-૧૯ સામે બેટથી એક અલગ અંદાજ બતાવ્યો હતો. રાજકોટમાં રમાયેલી પ્રથમ અનઓફિશિયલ વનડેમાં અન્વય દ્રવિડે આવતાની સાથે જ ઝડપથી રન બનાવવાનું શરૂ કર્યું હતું. તેણે માત્ર ૧૮ બોલમાં બે ચોગ્ગા અને ત્રણ છગ્ગા ફટકારીને ૩૮ રન બનાવ્યા અને તેનો સ્ટ્રાઈક રેટ ૨૧૧.૧૧ હતો.

અન્વય દ્રવિડ ભારતની ઈનિંગમાં છઠ્ઠા નંબર પર બેટિંગ કરવા આવ્યો હતો. ટીમને ઝડપથી સ્કોર કરવાની જરૂર હતી અને અન્વયે તરત જ જવાબદારી સંભાળી. તેણે ૧૮ બોલમાં ૩૮ રન બનાવીને ટીમનો સ્કોર ઝડપી બનાવ્યો.

# ટીમ ઈન્ડિયાના નવા ચીફ સિલેક્ટર કોણ? પાર્થિવ-પ્રજ્ઞાન મુખ્ય દાવેદાર

## ટીમ ઈન્ડિયાની પુરૂષ સિનિયર પસંદગી સમિતિમાં મોટો ફેરફાર થવાની ચર્ચા, મુખ્ય પસંદગીકાર અજિત અગરકરનો વર્તમાન કરાર ૪ ઓક્ટોબરે પૂર્ણ થશે



**અબતક, રાજકોટ**

ટીમ ઈન્ડિયાની પુરુષ સિનિયર પસંદગી સમિતિમાં મોટો ફેરફાર થવાની ચર્ચા ચાલી રહી છે. મુખ્ય પસંદગીકાર અજિત અગરકરનો વર્તમાન કરાર ૪ ઓક્ટોબરે પૂર્ણ થવાનો છે અને તેમના કાર્યકાળના વિસ્તરણ અંગે હજુ સત્તાવાર જાહેરાત થઈ નથી. તાજેતરના મીડિયા રિપોર્ટ અનુસાર અગરકરને વધુ સમય માટે જાળવી રાખવામાં આવે તેવી શક્યતા ઓછી હોવાનું માનવામાં આવે છે.અગરકર જુલાઈ ૨૦૨૩માં ભારતીય પુરુષ ટીમની સિનિયર પસંદગી સમિતિના અધ્યક્ષ બન્યા હતા.હવે તેમના ઉત્તરાધિકારી અંગે ચર્ચા તેજ બની છે.મળી માહિતી અનુસાર પૂર્વ ભારતીય વિકેટકીપર-બેટર પાર્થિવ પટેલ અને પૂર્વ સ્પિનર પ્રજ્ઞાન ઓઝાના નામ મુખ્ય દાવેદારો તરીકે સામે આવી રહ્યા છે.

પાર્થિવ પટેલ ભારત માટે ટેસ્ટ, વનડે અને ટી૨૦ ક્રિકેટ રમી ચૂક્યા છે. બીજી તરફ, પ્રજ્ઞાન ઓઝા પણ ભારત માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી ચૂક્યા છે અને હાલમાં બીસીસીઆઈની પુરુષ પસંદગી સમિતિના સભ્ય છે.બીસીસીઆઈના સત્તાવાર રેકોર્ડમાં પણ પ્રજ્ઞાન ઓઝાનું નામ વર્તમાન પુરુષ પસંદગી સમિતિના સભ્ય તરીકે નોંધાયેલું છે.મીડિયા રિપોર્ટ અનુસાર,બંને ખેલાડીઓએ આઈપીએલમાં પણ સફળ કારકિર્દી બનાવી છે.જોકે નવા ચીફ સિલેક્ટર તરીકે અંતિમ પસંદગી કોણની થશે તે અંગે બીસીસીઆઈ તરફથી હજુ કોઈ સત્તાવાર નિર્ણય જાહેર કરવામાં આવ્યો નથી.

અજિત અગરકરને જુલાઈ ૨૦૨૩માં પસંદગી સમિતિના અધ્યક્ષ બનાવવામાં આવ્યા હતા. બીસીસીઆઈના સત્તાવાર નિવેદન અનુસાર તેમને પુરુષ સિનિયર પસંદગી સમિતિના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા.તાજેતરના અહેવાલો અનુસાર તેમનો કરાર ૪ ઓક્ટોબર સુધી છે. આ દરમિયાન વેસ્ટ ઈન્ડિઝ સામેની આગામી વનડે અને ટી૨૦ શ્રેણી માટેની ટીમોની પસંદગી પ્રક્રિયા પણ અગરકરની અધ્યક્ષતાવાળી સમિતિએ કરી છે. આ બેઠક તેમનું અંતિમ પસંદગી બેઠક બની શકે તેવી ચર્ચા પણ અહેવાલોમાં છે.

અજિત અગરકરના કાર્યકાળ દરમિયાન ભારતીય ટીમે સફેદ બોલના ક્રિકેટમાં કેટલીક મોટી સફળતા મેળવી છે.

તેમના કાર્યકાળમાં ભારતે ૨૦૨૪ અને ૨૦૨૬નો ટી૨૦ વર્લ્ડ કપ તથા ૨૦૨૫ની ચેમ્પિયન્સ ટ્રોફી જીતી છે.હવે જો અગરકરનો કાર્યકાળ આગળ નહીં વધે તો બીસીસીઆઈ સામે નવા મુખ્ય પસંદગીકારની પસંદગીનો મહત્વનો નિર્ણય રહેશે. હાલમાં પાર્થિવ પટેલ અને પ્રજ્ઞાન ઓઝાના નામ અહેવાલોમાં ચર્ચામાં છે, પરંતુ અંતિમ નિર્ણય બીસીસીઆઈની સત્તાવાર જાહેરાત બાદ જ સ્પષ્ટ થશે.

# અકસ્માત કેસમાં કોર્ટે મંજૂર કર્યુ રૂ.૬૮ લાખનું જંગી વળતર

**રાજકોટની એન. વી. કંપનીમાં એન્જિનિયરના મોત કેસમાં માત્ર ૫ માસમાં ચુકાદો**

## લોક અદાલતમાં સમાધાન-ટ્રક ચાલકની બેદરકારીથી બાઈક સવાર યુવાનનું મોત થયું હતું

**અબતક, રાજકોટ**

જામનગર - મોરબી રોડ ઉપર મોડપર ગામ નજીક થયેલ વાહન અકસ્માતમા રાજકોટની એન.વી. ઈન્દ્રા કંપનીના ઉત્તરપ્રદેશના યુવા કર્મચારીના મૃત્યુનાં કેસમાં કોર્ટ દ્વારા રૂા.૬૮ લાખનુ જંગી વળતર મંજુર મંજુર કરવામાં આવ્યું છે. વધુ વિગત મુજબ મુળ ઉત્તરપ્રદેશ રાજયનાં હાથરસ જિલ્લાનાં ગુજરપુર ગામનો વતની અને હાલ રાજકોટ ખાતે આવેલ એન. વી. ઈન્દ્રા કંપનીમાં એન્જીનીયર તરીકે નોકરી કરતા વિકાસ મુનેશ કુમાર શર્મા બાઈક સાઈડમાં ધીમીગતીએ, નીયમોનું પાલન કરીને જતા હતા ત્યારે આર-જે-૧૯-જીજે-૬૮૯૭ નંબરના ટ્રકના ચાલકે બેદરકારી પુર્વક,ચલાવી બાઈક અને અડફેટે લેતા અકસ્માત. સર્જાયો હતો અકસ્માતમા ગંભીર રીતે ઘવાયેલા વિકાસ મુનેશ કુમાર શર્માનુ મોત નીપજયુ હતુ. ગુજરનારનાં વારસદારોએ વિકાસ મુનેશ કુમાર શર્માનાં મૃત્યુ બદલ વળતર મેળવવા માટે રાજકોટ કોર્ટમાં અકસ્માત વળતરનાં નિષ્ણાંત એડવોકેટ રવીન્દ્રુડી. ગોહેલ, સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી) મારફતઆર-જે-૧૯-જીજે-૬૮૯૭નાં ટ્રકના માલિક તથા વીમા કંપની સામે તા.૨૩/૦૩/૨૦૨૬નાં રોજ કલેઈમ કેસ દાખલ કર્યો હતો .

અકસ્માત પહેલા વિકાસ મુનેશ કુમાર શર્મા એન. વી. ઈન્ફ્રા કંપનીમાં એન્જીનીયર તરીકે નોકરી કરતા હતા અને પગારની આવક અને તેમનાં કુટુંબનાં આધારરૂપ મેઈન વ્યકિત હતા. અરજદારના એડવોકેટ દ્વારા ગુજરનારની





આવક તથા ભવિષ્યમાં મળવાપાત્ર પ્રોસ્પેકટીવ આવકની ગણતરી કરી મૃતકનાં વારસદારોને હાલની મોંઘવારી મુજબ મહત્તમ વળતરની ગણતરી કરી ગુજ. વિકાસ શર્માનાં કેસમાં રૂા. ૬૮ લાખ નું જંગી વળતર માત્ર પાંચ માસનાં ટુંકા ગાળામાં મંજુર કરવામાં આવેલ છે અને રાજકોટમાં યોજાયેલ મેગા લોક અદાલતમાં તા. ૧૨/૦૯/૨૦૨૬નાં રોજ કેસ પુરો કરવામાં આવ્યો છે.અરજદારો વતી એડવોકેટ રવીન્દ્રુ ડી.ગોહેલ,સંદિપ એમ. રાઠોડ, વિવેક વી. ભાંસળીયા (ગઢવી), આસીસટન્ટ તરીકે જતીન પી. ગોહેલ, દિનેશડી. ગોહેલ અને જયેશભાઈ મકવાણા રોકાયેલા હતા.

# રેલનગરના મનહરી એકલવ્ય એપાર્ટમેન્ટમાં ૮ મહિલા જુગાર રમતા પકડાઈ

**અબતક, રાજકોટ**

શહેર પોલીસે બે સ્થળોએ જુગારના દરોડા પાડ્યા છે જેમાં રેલનગરમાં મનહરી એકલવ્ય એપાર્ટમેન્ટના ફ્લેટમાં મહિલા સંચાલિત જુગાર રમતી આઠ મહિલા જયારે સાગરનગરમાં જુગાર રમતા ત્રણ શખ્સોને પકડી પાડી ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે. વધુ વિગત મુજબ પ્ર.નગર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલીંગમાં હતો દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, શહેરના રેલનગરમાં હરિદ્વાર સોસાયટી શેરી નંબર-૧માં આવેલા મનહરી એકલવ્ય એપાર્ટમેન્ટના ફ્લેટ નંબર-૧૦૩ના ફ્લેટમાં મહિલાઓ જુગાર રમી રહી છે, જે બાતમીના આધારે પ્ર.નગર પોલીસે દરોડો પાડી જુગાર

## સાગરનગરમાં જાહેરમાં જુગાર રમતા ૩ શખ્સો ઝબ્બે, બંને સ્થળેથી રૂ.૩૦,૩૦૦ની રોકડ જપ્ત

રમાડનાર જ્યોતિબેન જીજ્ઞેશભાઈ પંડ્યા, સ્વાતિબેન જસવંતભાઈ દુધરેજીયા (રહે-મનહરી એકલવ્ય એપાર્ટમેન્ટ), જયશ્રીબેન સુનિલભાઈ રાણપરા (રહે-બજરંગવાડી શેરી નંબર-૪૬), માયાબેન જીતેન્દ્રભાઈ સોલંકી (રહે-હરિદ્વાર સોસાયટી), આશાબેન પરેશભાઈ રૂપારેલ (રહે-શુભ આશિષ વીલા, રેલનગર), ઈલાબેન કિશોરભાઈ પંડ્યા (રહે-હરિદ્વાર સોસાયટી), દેવકુંવરબા મેરુભા ગોહિલ (રહે-અમૃત સરિતા સોસાયટી, રેલનગર), જયશ્રીબેન દયુભાઈ રાજાઈ (રહે-રેલનગર, માં કોમ્પ્લેક્સ સોસાયટી)ને ઝડપી લઈ રોકડ ૧૮,૯૦૦ની મત્તા કબ્જે કરી ગુનો નોંધ્યો હતો. બીજા દરોડામાં આજીડેમ પોલીસે સાગરનગર મેઈન રોડ પર જાહેરમાં જુગાર રમતા રણજિત ધીરુભાઈ ધામેચા (રહે-હરસિધ્ધિ સોસાયટી, મોરબી રોડ), ભરત રૈયાભાઈ ફાંગલીયા (રહે-મચ્છાનગર, માર્કેટિંગ યાર્ડ પાછળ), દશરથ અમૃતભાઈ વઢિયારા (રહે-સાગરનગર શેરી નંબર-૫)ને ઝડપી લઈ રોકડ ૧૧,૪૦૦ કબ્જે કરી કાર્યવાહી કરી હતી.

# વાવડીમાં આર્થિક ભીસથી કંટાળી કારખાનેદારનો ઝેરી દવા પી આપઘાત

## ખાનગી હોસ્પિટલમાં દમ તોડ્યો: તાલુકો પોલીસે વધુ તપાસ હાથ ધરી

**અબતક, રાજકોટ**

શહેરના પેલેસ રોડ પર સુંદરમ પાર્ક માં રહેતા ૪૯ વર્ષીય પ્રૌઢએ આર્થિક કંટાળીને વાવડી ખાતે ખોડીયાર ઈન્ડસ્ટ્રીઝ એરિયામાં ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો જેનું સારવાર દરમિયાન દમ તોડ્યો હતો ઘટનાની જાણ થતા તાલુકા પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મળતી માહિતી મુજબ શહેરના પેલેસ રોડ પર કોઠારીયા ના નાકા પાસે સુંદરમ સોસાયટીમાં રહેતા વિજયભાઈ સવજીભાઈ કથીરિયા ઉંમર વર્ષ ૪૮ વર્ષ પ્રૌઢએ ગઈકાલે વાવડી ખાતે ખોડીયાર ઈન્ડસ્ટ્રીઝમાં બપોરે ત્રણ વાગ્યા આસપાસ આર્થિક ભીસથી કંટાળીને ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર આવશે ખાનગી હોસ્પિટલના ખસેડવામાં આવ્યા હતા જ્યાં ટૂંકી સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા રાજકોટ તાલુકા પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોરી ગયો હતો અને મૃતદેહને પીએમ મળશે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક પોતે આર્થિક ભીંસથી કંટાળીને આપઘાત કર્યાનું પ્રાથમિક તપાસ જાણવા મળ્યું છે પ્રૌઢના મોતથી પરિવારમાં ગમગીની છવાઈ હતી આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

# મહિલા પર દુષ્કર્મ અને સગીર પુત્રીના અડપલાંના કેસમાં કોન્સ્ટેબલની જામીન અરજી ફગાવાઈ

## યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં કાયદાના રક્ષકે જ ભક્ષક બની આચર્યું કૃત્ય, પોલીસનો રોફ જમાવી ધાકધમકી આપ્યાનો આક્ષેપ





**અબતક, રાજકોટ**

શહેરના યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં રહેતી મહિલાના ઘરમાં ઘુસી દુષ્કર્મ આચરી ભોગ બનનાર મહિલાની સગીર બાળકીને અડપલાં કરવાના ગુનામાં જેલ હવાલે રહેલા પોલીસ કોન્સ્ટેબલની જામીન અરજી અદાલતે ફગાવી દીધી છે. વધુ વિગત મુજબ શહેરના યુનિવર્સિટી પોલીસ મથક વિસ્તારમાં રહેતી મહિલાના ધરમા ધુસી પોલીસ કોન્સ્ટેબલ ઈમરાન હબીબ રાઉમાએ દુષ્કર્મ આચર્યું હતું. ઉપરાંત મહિલાની સગીર વયની પુત્રી સામે પણ દુષ્કૃત્ય કર્યું હોવાના ગંભીર આક્ષેપો સાથે પીડિતાએ યુનિવર્સિટી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે કોન્સ્ટેબલ ઈમરાન હબીબ રાઉમાની ધરપકડ કરી તપાસ પૂર્ણ થતા જેલ હવાલે કર્યો હતો.જેના આધારે પોલીસે આરોપી વિરુદ્ધ ચાર્જશીટ તૈયાર કરી અદાલતમાં રજૂ કર્યું હતું. ચાર્જશીટ બાદ કરવામાં આવેલી લેખિત મૌખિક દલીલ બાદ ફરિયાદીના એડવોકેટ દ્વારા રજૂ કરવામાં આવેલી વાંધા અરજીમાં દર્શાવવામાં આવ્યું હતુ કે આરોપી પોતે કાયદાનો રક્ષક અને પરિણીત હોવા છતાં, પોલીસ હોવાનો રોફ જમાવી પીડિતાને સતત

### ધર્મ પરિવર્તન માટે અજમેર લઈ જઈ તાવીજ પહેરાવવાનો પ્રયાસ કર્યો હોવાની ફરિયાદી પક્ષની રજૂઆત કોર્ટે ગ્રાહ્ય રાખી

આરોપી કોન્સ્ટેબલ ઈમરાન હબીબ રાઉમાએ જામીન મુક્ત થવા કોર્ટમાં અરજી કરી હતી. બાદ જામીન અરજીની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકારી વકીલ દ્વારા ધાકધમકી આપતો હતો. તેમજ ધર્મ પરિવર્તન કરાવવાના ઈરાદાથી અજમેર લઈ જઈ તાવીજ પહેરાવવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત, સગીર પુત્રીને રમકડાંના બહાને ગુપ્ત ભાગે શારીરિક અડપલાં કર્યા હોવા અંગેની ગંભીર બાબતો પણ કોર્ટના ધ્યાન પર લાવવામાં આવી હતી. કોર્ટે રજૂ થયેલા જવાબ-વાંધા અને મૌખિક દલીલોને ગ્રાહ્ય રાખીને આરોપી ઈમરાન હબીબ રાઉમાની ચાર્જશીટ પછીની રેગ્યુલર જામીન અરજી ફગાવી દીધી હતી.આ કેસમાં ભોગ બનનાર વતી એડવોકેટ પિયુષભાઈ શાહ, અશ્વિનભાઈ ગોસાઈ, નીતીષ કથીરિયા, નિવિદ પારેખ, કશ્યપ ઠાકર, ચિત્રાંક વ્યાસ, રવિભાઈ મુલિયા, નેહાબેન રાવલ, બિનાબેન પટેલ, રાજેશભાઈ ગોસ્વામી, સચિન ગોસ્વામી અને હર્ષિલ ગોસ્વામી રોકાયા હતા.

# વાલ્મિકી સોસાયટીમાં પત્નીના ઝઘડામાં લાગી આવતા યુવકે ફિનાઈલ પીધું

## પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો: વધુ તપાસ હાથ ધરી

**અબતક રાજકોટ**

શહેરના જામનગર રોડ પર વાલ્મિકી વાડી પાસે રહેતા ૩૫ વર્ષ વર્ષીય યુવકે પત્ની સાથે ઝઘડામાં લાગી આવતા સવારે ૧૧:૦૦ વાગે આસપાસ ફિનાઈલ ગટગટાવી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ હતા પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશનનો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ તપાસ હાથ ધરી હતી

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના જામનગર રોડ પર વાલ્મિકી વાડી શેરી નંબર ૪ માં રહેતા સાગરભાઈ ગોરધનભાઈ રાઠોડ ઉંમર વર્ષ ૩૫ વર્ષે યુવકે આજે સવારે પતિ પત્ની વચ્ચે ઝઘડો થયો હતો જે મનમાં લાગી આવતા યુવકે ફિનાઈલ ગટગટાવ્યું હતું જેથી તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો ઘટનાની જાણ થતા પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને વધુ કાર્યવાહી હાથ કરી હતી આ અંગે પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ વધુ તપાસ ચાલવી રહ્યા છે

# વિવિધ રાજ્યોમાં અકસ્માતમાં અવસાન પામેલા લોકોને પૂ. મોરારિબાપુની શ્રધ્ધાંજલિ

**અબતક,રાજકોટ**

છેલ્લા કેટલાક સમયથી દેશનાં વિવિધ રાજ્યોમાં અકસ્માતમાં અનેક લોકોનાં મોત નિપજયા છે તેવા અહેવાલો મળતા રહે છે. આવી દુ:ખદ ઘટનાઓ માં કેટલા આશાસ્પદ લોકો અકાળે અવસાન પામે છે તેમનાં તરફ પૂજ્ય મોરારિબાપુની સંવેદના અસ્ખલિત રીતે વહેતી રહી છે. થોડા દિવસો પહેલાં હૈદરાબાદ ખાતે ગણેશ વિસર્જન કરવામાં ગયેલામાંથી ૬ યુવકોના તળાવમાં ડૂબી જતાં મોત નિપજયા હતા. પૂ બાપુએ આ હતભાગી લોકોનાં પરિવારને પ્રત્યેકને રૂપિયા પંદર હજાર લેખે કુલ મળીને રુપિયા ૯૦,૦૦૦ ની સહાયતા રાશિ અર્પણ કરી છે.

# સૂર્યકાંત હોટેલ નજીક શેરબજારના ધંધાર્થી યુવકનો ઝેરી દવા પી આપઘાત

## પરા પીપળીયા ફાટક પાસે જીવન ટૂંકાવનાર અપરણિત યુવાનના પરિવારમાં હૈયાફાટ રુદનના દ્રશ્યો સર્જાયા : કારણ અકબંધ

**અબતક, રાજકોટ**

શહેરના રામનગરમાં રહેતા ૭૦ વર્ષીય વૃધ્ધએ પત્નીના વિયોગમાં ગત તા ૧૬ ના રોજ પોતાના ઘરે ઘઉંમાં નાખવાના ટીકડા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જેનું સારવાર દરમિયાન ગઈકાલે મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતા માલવીયાનગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને ખસેડવામાં આવ્યો હતો આ અંગ.મૃતકના પત્નીનું ૨૨ દિવસ પહેલા અવસાન થયું હતું તેના વિયોગમાં આપઘાત કર્યાનું પ્રાથમિક તારણ જાણવા મળી રહ્યું છે બીજા બનાવમાં સૂર્યકાંત હોટલ પાછળ ગુલમોહર બેંગ્લોરમાં રહેતા અને શેર બજારનું કામ કરતા ૩૧ વર્ષીય યુવાને જલારામ ફાસ્ટ ફૂડ કોર્ટ પાછળ પરાપીપળીયા ફાટક પાસે ઝેરી દવા પી લેતા તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં સારવાર મળે તે પહેલા યુવકે દમ તોડ્યો હતો

આ અંગે મળતી માહિતી મુજબ શહેરના રામનગરમાં રહેતા મોહનભાઈ વેલજીભાઈ ગઢીયા ઉંમર વર્ષ ૭૦ વર્ષીય વૃદ્ધની પત્નીનું ૨૨ દિવસ પહેલા અવસાન થતા પત્નીના વિયોગમાં ઘઉંમાં નાંખવાના ટીકડા ખાઈ લેતા તાત્કાલિક સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાં ગઈકાલે રાત્રે તબીબે વૃધ્ધને મૃત જાહેર કરતા ઘટના સ્થળે માલવીયાનગર પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ મળશે ખસેડવામાં આવ્યો હતો આ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે બીજા બનાવમાં શહેરના સૂર્યકાંત હોટલ પાછળ ગુલમોહર વુડ બેંગ્લોરમાં રહેતા દિવ્યાંગભાઈ રાજેશભાઈ પોબારુ ઉંમર વર્ષ ૩૧ વર્ષીય યુવકે ગઈ કાલે જામનગર રોડ પર જલારામ ફાસ્ટ ફૂડ કોટ પાછળ પરાપીપળીયા ના ફાટક પાસે ઝેરી દવા પી જતા તાત્કાલિક સારવાર અર્થે એમ્સ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા ઘટનાની જાણ થતા ગાંધીગ્રામ પોલીસ સ્ટેશન નો સ્ટાફ દોડી ગયો હતો અને મૃતદેહને પીએમ અર્થે ખસેડવામાં આવ્યો હતો આ અંગે મૃતક અપરણિત હતો અને શેર બજારનું કામ કરતા હતા આપઘાતનું કારણ હજુ સુધી અકબંધ છે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે

### રામનગર રહેતા વૃધ્ધએ પત્નીના વિયોગમાં ઘઉંમાં નાખવાના ટીકડા ખાઈ કર્યો આપઘાત: પરિવારમાં ગમગીની છવાઈ

# મિશન સ્માઈલ અને મુથુટ પપ્પાયન ફાઉન્ડેશનના સહયોગથી આજથી ગોકુલ હોસ્પિટલ ખાતે તૂટેલા હોઠ-તાળવાની ફ્રી સર્જરી કેમ્પ

**દર્દીઓ માટે સારવાર, દવાઓ, રહેવા અને જમવાની નિ:શુલ્ક વ્યવસ્થા: ૭૦થી ૮૦ દર્દીઓની સર્જરી કરાશે**

**અબતક, રાજકોટ:**

મનહર પ્લોટ સ્થિત વિદ્યાનગર મેઈન રોડ પર આવેલ ગોકુલ હોસ્પિટલ ખાતે મિશન સ્માઈલ અને મુથુટ પપ્પાયન ફાઉન્ડેશનના સહયોગથી આજથી મંગળવાર સુધી તૂટેલા હોઠ અને તાળવાની ખામી ધરાવતા બાળકો માટે નિ:શુલ્ક સર્જરી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં દર્દીઓને વિનામૂલ્યે શસ્ત્રક્રિયા અને દવાઓ ઉપરાંત રહેવા તેમજ જમવાની સુવિધા પૂરી પાડવામાં આવશે. આ કેમ્પમાં



આશરે ૭૦થી ૮૦ દર્દીઓની તપાસ કરીને સર્જરી કરવામાં આવશે.

ગોકુલ હોસ્પિટલ ખાતે ફ્રી કલેફ્ટ લિપ અને કલેફ્ટ પેલેટ સર્જરીનો આ ચોથો કેમ્પ છે. મિશન સ્માઈલ, મુથુટ પપ્પાયન ગ્રુપ અને ગોકુલ હોસ્પિટલની ભાગીદારીમાં છેલ્લા ૯ વર્ષ દરમિયાન વડોદરા, રાજકોટ અને કચ્છમાં ૫૦૦થી વધુ દર્દીઓની સફળ સર્જરી કરાઈ છે. આ ઉપરાંત મિશન સ્માઈલ સંસ્થા દ્વારા દર્દીઓને મનોવૈજ્ઞાનિક કાઉન્સેલિંગ, પોષણ સહાય અને માર્ગદર્શન પણ પૂરું પાડવામાં આવે છે.ઉલ્લેખનીય છે કે, ૧૯૯૧થી કાર્યરત દેશના પ્રથમ ન્યુરો સર્જન ડૉ. પ્રકાશ મોઢા દ્વારા શરૂ કરાયેલી ગોકુલ હોસ્પિટલ આજે વિદ્યાનગર રોડ પર ૭૫ બેડ અને કુવાડવા રોડ પર ૧૦૦ બેડની ક્ષમતા સાથે અદ્યતન સેવાઓ આપી રહી છે. મિશન સ્માઈલ ટ્રસ્ટે ૨૦૦૨થી અત્યાર સુધીમાં ભારત અને વિદેશના ૧૮૦૦થી વધુ મેડિકલ તથા નોન-મેડિકલ સ્વયંસેવકોના સહયોગથી ૭૫,૦૦૦થી વધુ બાળકોની સફળ શસ્ત્રક્રિયા કરી તેમના ચહેરા પર સ્મિત લાવવાનું કાર્ય કર્યું છે.

# બાપુનગરના સાહીલ હત્યા કેસમાં આપઘાતની દુષ્પ્રેરણામા જાકિર દલના જામીન યથાવત રાખતી હાઈકોર્ટે

**"તું શું જાણશ" કહી પાઈપ મારી ધમકી આપી કમલેશ સરેરીયાને મરવા મજબૂર કર્યાનો હતો આક્ષેપ**

**અબતક, રાજકોટ**

શહેરના બાપુનગરમાં થયેલા સાહીલના ખૂન અંગે "તું શું જાણશ" તેમ કહી કમલેશ સરેરીયાને પાઈપ મારી ધમકી આપી મરવા મજબૂર કરવાના ગુનામાં પકડાયેલા મૃતકના સગા જાકિર દલને સેશન્સ અદાલતે આપેલ જામીનનો હુકમ રદ કરવાની અરજી ગુજરાત હાઈકોર્ટે નામંજૂર કરી મૂળ ફરિયાદીની જામીન રદ કરવાની અરજી ફગાવી દીધી છે.

હકીકત મુજબ કોઠારીયા ગામે રામપાર્કમાં રહેતા ભાવનાબેન મુકેશભાઈ સરેરીયાએ બાપુનગરના સલીમ અસલમભાઈ દલ અને જાકિર આમદભાઈ દલ વિરુદ્ધ આજીડેમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી કે આરોપીઓએ તેમના દીકરા કમલેશને શારીરિક માનસિક ત્રાસ આપી મારકૂટ કરી જાનથી મારી નાખવાની ધમકી આપી દુષ્પ્રેરણ કરતા તેણે મોબાઈલમાં વીડિયો બનાવી ગળાફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ બનાવ બાદ ધરપકડ બાદ ઝાકીર દલે એડવોકેટ સુરેશ ફળદુ મારફત સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી રજૂઆત કરી હતી કે એફઆઈઆર મુજબ મરણજનાર કમલેશ સરેરીયાની દુકાને નોકરી કરતો સોહીલ તા.૨૮/૦૪/૨૦૨૫ના બાપુનગર ખૂન કેસમાં સંડોવાયેલ હતો, જે સલીમ અને જાકિરનો સગો હતો. ખૂન અંગે માહિતી માંગવા ધમકી આપ્યાનો આક્ષેપ છે. સહિતની દલીલો તેમજ મોટાવડા સ્કૂલ અને આરએમસીમાં પાંચ નેપાળીઓને મરવા મજબૂર કરવાના કેસના જામીનના ચુકાદાઓના સિધ્ધાંતો અને માંદગી ધ્યાને લઈ સેશન્સ કોર્ટે જામીન મંજૂર કર્યા હતા.તેની સામે ફરિયાદીએ હાઈકોર્ટમાં જામીન રદ કરવા અરજી કરતા હાઈકોર્ટે તમામ રજૂઆતો સાંભળી ઠરાવ્યું કે ફરિયાદી એવું સાબિત કરી શક્યા નથી કે સેશન્સ કોર્ટના હુકમમાં હસ્તક્ષેપ જરૂરી છે, જામીન રદ કરવા જેવા કોઈ ખાસ સંજોગો રેકોર્ડ પર નથી, જેથી સેશન્સનો હુકમ કાયમ રાખી અરજી નામંજૂર કરી છે. ઉપરોકત કામના આરોપી વતી એડવોકેટ સુરેશ ફળદુ, ભુવનેશ શાહી, કૃણાલ શાહી, ચેતન ચોવટીયા, જસ્મીન દુધાગરા, જય પીઠવા, યુવરાજ વેકરીયા તથા મદદમા નીરવ દોંગા, પ્રીન્સ રામાણી, ભાવીન ખુંટ, આર્યન કોરાટ, જયમલ મકવાણા, રાહીલ ફળદુ રોકાયેલ હતા.


# રૈયારોડના વ્રજ એપાર્ટમેન્ટ કબ્જા વિવાદમાં પતિની અપીલ કોર્ટે ફગાવી

## પત્નીની માલિકીના ફ્લેટનો કબજો ન પડાવવા મનાઈ હુકમ માંગતો ૨૦૨૪નો દાવો કાયદાના દુરુપયોગ સમાન: કોર્ટ

**અબતક, રાજકોટ**

શહેરના રૈયારોડ ઉપર વ્રજ એપાર્ટમેન્ટના ફ્લેટ નો કબજો પત્ની પડાવે નહીં તેવા મનાઈ હુકમની માંગણી કરતી અપીલ કોર્ટે રદ કરી છે. પતિએ ૯.૨૯ લાખ ચડત ભરણપોષણ અટકાયતના પગલે ભરપાઈ કરી દીધું હતું.

આ અંગેની હકીકત મુજબ, પૂજન અનિલભાઈ કોટડીયાએ પત્ની બંસીબેનની માલિકીના વ્રજ એપાર્ટમેન્ટ ફ્લેટ નં.૨૦૨નો કબજો પડાવે નહીં તેવો દિવાની દાવો ૨૦૨૦માં દાખલ કર્યો હતો. જે તે વખતે વચગાળાના મનાઈ હુકમની અરજી રદ થઈ હતી, દાવો આગળ ચલાવાયો ન હતો. તે દાવામાં બંસીબેને કાઉન્ટર ક્લેઈમ કરી મિલ્કતનો કબજો માંગ્યો હતો. ફ્લેટ બંસીબેનની માલિકીનો હોય અને કોઈ મનાઈ હુકમ ન હોવાથી તેણીએ કબજો મેળવી લીધો હતો. ત્યારબાદ પૂજનભાઈ, સસરા અનિલભાઈ અને સાસુ હિનાબેન ફરીથી નવો દાવો ૨૦૨૪માં દાખલ કરી ફ્લેટનો કબજો બળજબરીથી પુત્રવધુ ન પડાવે તેવા મનાઈ હુકમની માંગણી કરી હતી. સિનિયર સિવિલ જજ ડી.ડી. શાહે આ અરજી રૂ. ૧૦,૦૦૦ના ખર્ચ સાથે રદ કરી ઠરાવ્યું હતું કે સમાન તકરારવાળો ૨૦૨૦નો દાવો મેરિટ્સ પર નિર્ણિત થયેલ હોવા છતાં નવો દાવો કરવો એ કાયદાની પ્રક્રિયાનો દુરુપયોગ છે. આ હુકમ સામે અપીલ કરાતા એડિશનલ ડિસ્ટ્રિક્ટ જજ પ્રિયંકા અગરવાલે ગંભીર ટિપ્પણીઓ સાથે અપીલ પણ રદ કરી હતી. દરમિયાન બંસીબેનની ભરણપોષણની અરજી મામલે પતિ પૂજનભાઈ ભરણપોષણના રૂ. ૯.૨૯ લાખ ચડત થઈ જતા કોર્ટે ધરપકડ વોરંટ કાઢ્યું હતું. પતિ પૂજન કોટડિયાની તા.૦૬/૦૯/૨૦૨૬ના રોજ



પોલીસે ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા અને રકમ ભરપાઈ કર્યા બાદ ૪ દિવસે મુક્ત થયા હતા. આ કેસમાં વાદી અને અરજદારો વતી એડવોકેટ અર્જુન એસ. પટેલ, મહેન એમ. ગોંડલીયા અને રવિન એન. સોલંકી રોકાયા હતા.

### રૂ.૯.૨૯ લાખ ભરણપોષણ ન ભરતા પતિની ધરપકડ, ૪ દિવસ જેલમાં રહ્યા બાદ રકમ ભરપાઈ કરતા મુક્ત

# ૨૨૪ તાલુકાઓમાં વરસાદ: ગીર ગઢડામાં ત્રણ ઈંચ

## આજથી વરસાદનું જોર ઘટવાનું અનુમાન: રાજ્યમાં ચોમાસાની સિઝનનો સરેરાશ ૮૭.૬૮ ટકા વરસાદ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં ભાદરવા માસમાં મેઘરાજા ભરપુર હેત વરસાવી રહ્યા છે. પાછોતરા વરસાદથી પાક અને પાણીના ચિત્રમાં સુધારો દેખાય રહ્યો છે. આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૨૪ તાલુકાઓમાં વરસાદ પડ્યો છે. આજથી રાજ્યભરમાં વરસાદનું જોર ઘટી જશે. રાજ્યમાં ચોમાસાની સિઝનનો ૮૭.૬૮ ટકા વરસાદ વરસી ગયો છે.

સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટરના સુત્રોના જણાવ્યાનુસાર આજે સવારે પૂરા થતા છેલ્લા ૨૪ કલાક દરમિયાન રાજ્યના ૨૨૪ તાલુકાઓમાં હળવા ઝાપટાથી લઈ ત્રણ ઈંચ સુધી વરસાદ પડ્યો હતો. અરવલ્લીના મેઘરજ તાલુકામાં અને ગીર સોમનાથ જિલ્લાના ગિર ગઢડા તાલુકામાં સૌથી વધુ ૩.૦૭ ઈંચ વરસાદ વરસી ગયો હતો. આ ઉપરાંત અમદાવાદ સિટીમાં ૨.૮૭ ઈંચ, તાલોદમાં ૨.૫૨ ઈંચ, ડેડિયાપાડામાં ૨.૪૦ ઈંચ, મોડાસામાં ૨.૩૬ ઈંચ, કડાણામાં ૨.૨૪ ઈંચ, સંતરામપુરમાં ૨.૧૭ ઈંચ, માણસામાં ૨.૧૩ ઈંચ, ખાનપુરમાં ૨.૦૯ ઈંચ, ખેરાલુમાં ૨.૦૧ ઈંચ, વાંકાનેરમાં ૧.૯૭ ઈંચ, કાલોલમાં ૧.૮૫ ઈંચ, મહેસાણામાં ૧.૮૫ ઈંચ, દહેગામમાં ૧.૮૧ ઈંચ, ગાંધીનગરમાં ૧.૮૧ ઈંચ, દશક્રોઈમાં ૧.૭૭ ઈંચ, બાયડમાં ૧.૭૭ ઈંચ, વડાલીમાં ૧.૬૫ ઈંચ, વીજાપુરમાં ૧.૬૫ ઈંચ, ટંકારામાં ૧.૬૫ ઈંચ, ઉમરપાડામાં ૧.૫૭ ઈંચ, કડીમાં ૧.૫૭ ઈંચ, માતરમાં ૧.૫૪ ઈંચ, દાંતામાં ૧.૫૦ ઈંચ, ઉનામાં ૧.૪૬ ઈંચ, જાંબુખેડામાં ૧.૪૬ ઈંચ, જોટાનામાં ૧.૪૨ ઈંચ, દિયોદરમાં ૧.૩૮ ઈંચ, નડિયાદમાં ૧.૩૮ ઈંચ, બોડેલીમાં ૧.૩૮ ઈંચ, હડદમાં ૧.૩૪ ઈંચ, સાવરકુંડલામાં ૧.૩૪ ઈંચ, નાડોદમાં ૧.૩૪ ઈંચ, ઈડરમાં ૧.૩૦ ઈંચ, પ્રાંતિજમાં ૧.૩૦ ઈંચ, દાહોદમાં ૧.૩૦ ઈંચ, અમીગઢમાં ૧.૨૬ ઈંચ, વિસાવદરમાં ૧.૨૬ ઈંચ, ધનસુરામાં ૧.૨૨ ઈંચ, શહેરામાં ૧.૨૨ ઈંચ, કડવાળમાં ૧.૨૨ ઈંચ, જેતપુર પાવીમાં ૧.૨૨ ઈંચ, હિંમતનગરમાં ૧.૧૮ ઈંચ, વડનગરમાં ૧.૧૮ ઈંચ,

(અનુ. આઠમા પાને)

### ૧૭ જળાશયોમાં પાણીની આવક: નર્મદા ડેમ ૯૫.૬૫ ટકા ભરાયો

સૌરાષ્ટ્રમાં છુટાછવાયા વિસ્તારોમાં વરસી રહેલા વરસાદના કારણે જળાશયોની સપાટીમાં વધારો નોંધાય રહ્યો છે. ૧૭ ડેમોમાં નવા નીરની આવક થવા પામી છે. નર્મદા ડેમ ૯૫.૬૫ ટકા ભરાય ગયો છે. રાજકોટ જિલ્લાના આજી-૧ ડેમમાં ૦.૧૦ ફૂટ, આજી-૩ ડેમમાં ૦.૭૫ ફૂટ, વાછપરીમાં ૦.૧૦ ફૂટ, ન્યારી-૧ ડેમમાં ૦.૧૬ ફૂટ, ફાડદંગ બેટીમાં ૦.૩૩ ફૂટ, ખોડાપીપરમાં ૦.૩૩ ફૂટ, મોરબી જિલ્લાના મચ્છુ-૧ ડેમમાં ૦.૨૬ ફૂટ, મચ્છુ-૨ ડેમમાં ૦.૩૬ ફૂટ, ડેમી-૨માં ૦.૧૬ ફૂટ, ઘોડાધ્રોઈમાં ૦.૯૮ ફૂટ, બંગાવડીમાં ૦.૦૭ ફૂટ, બ્રાહ્મણી-૨માં ૦.૩૩ ફૂટ, જામનગર જિલ્લાના વિજરમીમાં ૦.૯૨ ફૂટ, ઉંડ-૧માં ૦.૩૦ ફૂટ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના ઘી ડેમમાં ૦.૪૬ ફૂટ, સુરેન્દ્રનગર વઢવાણ ભોગાવો-૧ (નાવકા)માં ૦.૧૦ ફૂટ અને ફલકુ ડેમમાં ૦.૪૯ ફૂટ પાણીની આવક થવા પામી છે.

ગુજરાતની જીવાદોરી સમાન નર્મદા ડેમ ૯૫.૬૫ ટકા ભરાય ગયો છે. ૪૫૪.૯૮ ફૂટની સપાટી ધરાવતા નર્મદા ડેમની સપાટી ૪૫૦.૭૨ ફૂટે પહોંચી છે. ડેમમાં ૫૭૪૨૪.૧૩ ક્યુસેક પાણીની આવક થઈ રહી છે. જ્યારે ૩૭૧૩૧.૨૬ ક્યુસેક પાણીની જાવક ચાલુ છે. રાજ્યના અન્ય ૨૦૬ જળાશયોમાં ૩૯૦૨૯૮ એમસીએફટી પાણી સંગ્રહિત છે. જે ૬૯.૯૬ ટકા જેવું છે. ૨૮ ડેમ ઓવરફ્લો થઈ ગયો છે. હાલ ૪૩ ડેમ હાઈએલર્ટ પર છે. જ્યારે ૧૩ ડેમ એલર્ટ પર અને ૧૧ ડેમને વોર્નિંગ પર રાખવામાં આવી છે.

# યુવાનો માટે ૧૨ કરોડના ઈનામો સાથે 'જ્ઞાનગુરુ ક્વિઝ' અને 'સેવા ફર્સ્ટ' નો ભવ્ય પ્રારંભ

### ધો. ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ, કોલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિક ભાગ લઈ શકશે

**અબતક, ગાંધીનગર**

ગુજરાત સરકારે રાજ્યના યુવાનોની પ્રતિભા, સર્જનાત્મકતા અને તાર્કિક ક્ષમતાને રાષ્ટ્ર નિર્માણ સાથે જોડવા માટે એક અનોખી અને વ્યાપક પહેલ હાથ ધરી છે. ગાંધીનગર ટાઉન હોલ ખાતેથી મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે 'ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ' અને 'સેવા ફર્સ્ટ ઈનોવેશન ચેલેન્જ'નો શુભારંભ કરાવ્યો છે. રાજ્યના શિક્ષણ વિભાગ અને સાયન્સ ટેક્નોલોજી વિભાગના સંયુકત ઉપક્રમે આયોજિત આ સ્પર્ધાઓનો મુખ્ય હેતુ સરકારી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચાડવાનો, વિદ્યાર્થીઓને 'યોજના દૂત' બનાવવાનો અને રાજ્યના યુવાનોને વહીવટી તંત્ર તથા ઉદ્યોગોના વાસ્તવિક પ્રશ્નોના તકનીકી ઉકેલો શોધવા માટે પ્રોત્સાહિત કરવાનો છે.

૧૨ કરોડના પ્રાઈઝ પુલ ધરાવતી આ સ્પર્ધાઓ દ્વારા શિક્ષણ, ટેકનોલોજી અને સામાજિક જવાબદારીનું ઉત્તમ સંયોજન ઊભું કરવામાં આવ્યું છે.

ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝમાં ૧૧ કરોડથી વધુના રોકડ ઈનામો ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા વિજેતાઓના ખાતામાં સીધા જમા થશે. ધોરણ ૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓ, કોલેજના વિદ્યાર્થીઓ અને સામાન્ય નાગરિક ભાગ લઈ શકશે. આ ક્વિઝ ૮ અઠવાડિયા સુધી તાલુકા, જિલ્લા અને રાજ્ય સ્તરે યોજાશે. રવિવારથી શુક્રવાર સુધી ઓનલાઈન ભાગીદારી થઈ શકશે.

પ્રથમ વખત એઆઈ-આધારિત લર્નિંગ સિસ્ટમનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને

(અનુ. આઠમા પાને)

# રાજ્યના ચાર આઈપીએસને પોસ્ટિંગ, છ એસપીએસ અધિકારીઓની બદલી

### રાજકોટ ગ્રામ્યમાં ફરજ બજાવી ચૂકેલા પ્રખરકુમાર સહિત ચાર યુવા આઈપીએસને અલગ અલગ ડિવિઝનમાં એએસપી તરીકે નિમણુંક અપાઈ

**અબતક, રાજકોટ**

ગૃહ વિભાગ દ્વારા રાજ્યના પોલીસ તંત્રમાં વહીવટી સરળતા અને કાયદો-વ્યવસ્થાને વધુ સુદ્રઢ બનાવવાના ભાગરૂપે મહત્વપૂર્ણ બદલી અને નિમણૂકના આદેશો જારી કરવામાં આવ્યા છે. ૧૮ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરાયેલા સત્તાવાર જાહેરનામા અનુસાર રાજ્યના ૧૦ આઈપીએસ અને એસપીએસ કક્ષાના ઉચ્ચ અધિકારીઓને નવી જવાબદારી સોંપવામાં આવી છે. આ તમામ બદલી-નિમણૂકો જાહેર હિતને ધ્યાને રાખી તાત્કાલિક અસરથી અમલી બનાવવાનો આદેશ આપવામાં આવ્યો છે.



એચપી દોશી | પ્રખરકુમાર

આદેશની પ્રાપ્ત વિગત અનુસાર ચાર યુવા આઈપીએસને અલગ અલગ સ્થળે નિમણુંક આપવામાં આવી છે. ગૃહ વિભાગ દ્વારા તાજેતરની બેચના ૪ યુવાન આઈપીએસ અધિકારીઓને વિવિધ જિલ્લાઓમાં આસિસ્ટન્ટ સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ (એએસપી) તરીકે ફિલ્ડ પોસ્ટિંગ ફાળવવામાં આવ્યું છે. જેમાં માન્સી આર. મીનાને વિરમગામ ડિવિઝનના એએસપી, મૌસમ હર્ષદભાઈ મહેતાને વાવ-થરાદ જિલ્લાના દિયોદર ડિવિઝનના એએસપી, પ્રખર કુમારને દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા ડિવિઝનના એએસપી અને કરણકુમાર મનસુખભાઈ પન્નાને દાહોદ જિલ્લાના લિમખેડા ડિવિઝનના એએસપી તરીકે જવાબદારી સોંપાઈ છે.

### જૂનાગઢ પોલીસ ટ્રેનિંગ સેન્ટરમાં ફરજ બજાવતા એચ.પી. દોશીની રાજકોટ એસઆરપીએફ જૂથના કમાન્ડન્ટ પદે બદલી

પોલીસ તંત્રના અનુભવી ૬ સ્ટેટ પોલીસ સર્વિસ (એસપીએસ) અધિકારીઓની આંતરિક બદલી કરીને તેમને રાજ્ય રિઝર્વ પોલીસ દળ (એસઆરપીએફ) ના વિવિધ જૂથોમાં કમાન્ડન્ટ તરીકે નવી જવાબદારી સોંપવામાં આવી છે. જેમાં જે.આઈ. વસાવાને વડોદરા સિટી ટ્રાફિક (નોર્થ) ના ડીસીપી પદેથી બદલી કરીને કમાન્ડન્ટ, એસઆરપીએફ ગ્રુપ-૯, વડોદરામાં

(અનુ. આઠમા પાને)

# મોરબીના જેતપરમાં વડાપ્રધાન અને ગૃહમંત્રીના પૂતળાદહન કેસમાં ૨૧ સામે ગુનો નોંધાયો

### વોટ્સએપ પર વાયરલ થયેલા વીડિયોના આધારે તાલુકા પોલીસે બીએનએસની ૮ કલમો હેઠળ લીધા પગલા

### ખેડૂત આંદોલન દરમિયાન વગર મંજૂરીએ ડોમ બનાવી જાહેર માર્ગ રોકી સૂત્રોચ્ચાર કર્યા હોવાની ફરિયાદ

**અબતક, મોરબી**

મોરબી તાલુકાના જેતપર ગામમાં ખેડૂત આંદોલન દરમિયાન ૧૭ સપ્ટેમ્બરના રોજ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસે પ્રધાનમંત્રી મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના પૂતળાઓનું દહન કરવામાં આવ્યું હતું. આ મામલે પોલીસે વાયરલ વિડીયોના આધારે તપાસ હાથ ધરીને ૨૧ જેટલા લોકો અને અન્ય આયોજકો સામે મોરબી તાલુકા પોલીસ સ્ટેશનમાં પોલીસ ઈન્સ્પેક્ટર નિલેશભાઈ સવજીભાઈ ઘેટીયા દ્વારા ફરીયાદ નોંધાવી છે. નોંધાવવામાં આવેલી ફરિયાદ મુજબ, તા.૧૭/૦૯/૨૦૨૬ ના રોજ રાત્રે ૨૨:૫૬ કલાકે પેટ્રોલિંગ દરમિયાન તેમને વોટ્સએપના માધ્યમથી વિડીયો મળ્યો હતો. આ વિડીયોમાં કેટલાક લોકો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી

(અનુ. આઠમા પાને)

#### આરોપીના નામ

- નેહુલ ધીરજલાલ અમૃતિયા
- હર્ષદ ચતુરભાઈ અઘારા
- રાજુભાઈ ભુદર કંડીયા (પાવભાજી)
- દીપક નાથાભાઈ ઝાકાસણીયા
- લાલજી ઘનશ્યામ ઝાકાસણીયા
- લલીત ઉર્ફે ભોટીયો ચીકુભાઈ અઘારા
- કોકાભાઈ બચુભાઈ કંડીયા
- અમીત બચુભાઈ કંડીયા
- નરેશ બચુભાઈ અઘારા
- નંદલાલ પ્રભુભાઈ અમૃતિયા
- ગોવિંદ ધરમશીભાઈ અમૃતિયા
- ચતુર છગન અઘારા
- લાભુભાઈ અમરશી ભાઈ વરસડા
- હિરેન ચંદુભાઈ અઘારા
- વિપુલ મગનભાઈ કંડીયા
- ખુશાંગીબેન રાજેશભાઈ અઘારા
- દર્શનાબેન ઉર્ફે ગુડીબેન હર્ષદભાઈ અઘારા
- મિતલબેન વિપુલભાઈ કંડીયા
- જ્યોતિબેન નિકેતભાઈ પંચાસર ( રહે. જેતપર, તા. મોરબી)
- નીરૂભા પ્રમોદસિંહ જાડેજા
- હીરજીભાઈ દેવજીભાઈ દેત્રોજા (રહે. કુંભારીયા, તા. માળીયા મિયાણા)

### વડાપ્રધાનના જન્મદિન નિમિત્તે

# રાજયભરમાં ૪૧૦ રકતદાન કેમ્પ થકી ૧૮૫૦૦થી વધુ બોટલ રક્ત એકત્રિત

### 'સેવા મેરા યોગદાન'માં રકતદાતાઓ સ્વૈચ્છાએ જોડાયા

**અબતક, રાજકોટ**

વડાપ્રધાનના ૭૬મા જન્મ દિવસથી શરૂ થયેલા સેવા સંકલ્પ અભિયાનમાં એક જ દિવસમાં રાજયવ્યાપી ૪૧૦ રકતદાન કેમ્પથી ૧૮૫૦૦ થી વધુ બોટલ્સ બ્લડ સ્વૈચ્છિક દાતાઓ પાસેથી મળ્યું હતુ.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની અવિરત જન સેવા સાધનાના ૨૫ વર્ષની સફળતાની ઉજવણી દેશ ભરમાં સેવા સંકલ્પ અભિયાનથી થઈ રહી છે.

(અનુ. આઠમા પાને)



# કાલે સૌરાષ્ટ્ર-કચ્છના ૧૫ હજાર વિદ્યાર્થીઓ આપશે ટાટ એચએસની પરીક્ષા

### રાજકોટના ૮૪ કેન્દ્રો પર પરીક્ષાનું આયોજન: બે તબક્કામાં લેવાશે કસોટી, તંત્ર દ્વારા તૈયારીઓ પૂર્ણ

**અબતક, રાજકોટ**

રાજ્યમાં કાલે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ટાટ (હાયર સેકન્ડરી) મુખ્ય પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે.સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના તમામ પરીક્ષાર્થીઓ માટે રાજકોટ ખાતે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે, જ્યાં ૮૪ જેટલા પરીક્ષા કેન્દ્રો પર કુલ ૧૫,૦૦૦ જેટલા ઉમેદવારો પોતાની કસોટી આપશે.

મુખ્ય પરીક્ષા બે તબક્કામાં લેવામાં આવશે. પ્રથમ પેપર સવારે ૧૦:૩૦ વાગ્યાથી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી અને બીજું પેપર બપોરે ૩:૦૦ વાગ્યાથી સાંજે ૬:૦૦ વાગ્યા સુધી યોજાશે. બંને પેપર ૧૦૦ ગુણના રહેશે.પરીક્ષાની પારદર્શિતા અને ગોપનીયતા જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા ખાસ તકેદારી રાખવામાં આવી રહી છે. પરીક્ષા માટેના પ્રશ્નપત્રો આજે જ સીલબંધ હાલતમાં રાજકોટ પહોંચી ગયા છે અને તેને સ્ટ્રોંગ રૂમમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે રાખવામાં આવશે.રાજકોટના તમામ ૮૪ કેન્દ્રો પર સીસીટીવી કેમેરાનું સુપરવિઝન અને વર્ગખંડોમાં નિરીક્ષકોની તૈનાતી સાથે વહીવટી તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે, જેથી ઉમેદવારો શાંતિપૂર્ણ વાતાવરણમાં પરીક્ષા આપી શકે.પરીક્ષાની પારદર્શિતા અને સુરક્ષા જળવાઈ રહે તે માટે તમામ પરીક્ષા કેન્દ્રોને સીસીટીવી સર્વેલન્સથી સજ્જ કરવામાં આવ્યા છે. ઉપરાંત પેપરના પરિવહન દરમિયાન પોલીસ બંદોબસ્ત, વાહનોમાં જીપીએસ ટ્રેકિંગ સહિતની વ્યવસ્થા કરવામાં આવી છે. દરેક કેન્દ્ર પર શિક્ષણ વિભાગ સિવાયના ઓબ્ઝર્વરની નિમણૂક જિલ્લા કલેક્ટર દ્વારા કરવામાં આવી છે, જ્યારે રાજ્ય સરકારે દરેક ઝોન માટે ડેપ્યુટી ડાયરેક્ટર કક્ષાના અધિકારીઓને પણ દેખરેખની જવાબદારી સોંપી છે.

# વાસણા બેરેજમાંથી એક સામટુ પાણી છોડતા અમદાવાદ જળબંબાકાર થયું

### વરસાદ આફત કુદરતી નહી પરંતુ વહીવટી તંત્રની બેદરકારીના પાપે સર્જાય : ડો. મનીષ દોશી

**અબતક, રાજકોટ**

વરસાદ કુદરતી છે પરંતુ વરસાદને આપત્તિમાં ફેરવતી વહીવટી બેદરકારીને કુદરતી આફત કહીને છુપાવી શકાય નહીં. અમદાવાદમાં થોડા વરસાદમાં થયેલી તારાજી પર ભાજપના સતાધીશો પર આકરા પ્રહાર કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, ચાપલૂસી કરવામાં અધિકારીઓ ભૂતકાળમાંથી બોધપાઠ ન લઈ જેમ નર્મદા ડેમમાંથી પાણી છોડી ભરુચ અંકલેશ્વરના ગામો ડુબાડયા હતા તે જ પ્રકારે અમદાવાદમાંથી પસાર થતી સાબરમતી નદી બે કાંઠે છલોછલ બતાવવા વાસણા બંધના તમામ દરવાજા બંધ કરી ૧૩૬.૫૦ નું લેવલ કરી અમદાવાદ શહેરને ડુબાડ્યું એક બાજુ પાણીની અછત હોવા છતાં નર્મદા કેનાલ માંથી સાબરમતી નદીમાં સાહેબની વર્ષગાંઠ માટે સ્પેશિયલ પાણી છોડી નદી ભરવામાં આવી . એક બાજુ મ્યુનિસિપલ કોર્પોરેશન ભારે વરસાદ હોય ત્યારે નદીનું લેવલ ૧૨૯ ફૂટ થી વધારવું નહીં તેવું કહે છે જ્યારે ગઈકાલે સાહેબના વર્ષગાંઠ નિમિત્તે વરસાદની આગાહી હોવા છતાં ૧૩૬.૫૦ સુધી ભરવામાં આવી ગઈ કાલે વર્ષગાંઠ તો પતી ગઈ તો એ પાણી કે જેની હાલ ખેતીમાં જરૂરિયાત ન હોય અને ભારે વરસાદની આગાહી હોવા છતાં આ સંગ્રહ કરેલ પાણી નદીમાં જ છોડવાનું હતું તો ધીમે ધીમે એ પાણી રાત્રે જ ખાલી કરી શક્યા હોત પરંતુ અધિકારીઓની અણાવદત ને કારણે વધુ વરસાદ પડતા અમદાવાદ શહેરને જળબંબાકાર કર્યું વાસણા બેરેજમાંથી એક સામટું પાણી છોડી પાછળના ગામો અને મેળામાં પણ નુકસાન થાય તે પરિસ્થિતિ ઉભી કરી આમાં માનવસર્જિત આફત ઊભી કરી અમદાવાદમાં ભારે વરસાદ બાદ સર્જાયેલી જળબંબાકારની સ્થિતિએ એક અત્યંત ગંભીર પ્રશ્ન ઊભો કર્યો છે વરસાદ કુદરતી હતો, પરંતુ પૂર વ્યવસ્થાપનમાં થયેલી બેદરકારી માનવસર્જિત આપત્તિમાં તો ફેરવાઈ નથી ને? સાબરમતીમાં પાણી વધતું રહ્યું, ૧૪ ગેટ એકસાથે ખોલાયા અમદાવાદીઓને પૂર્વ ચેતવણી કેમ નહીં? શું આ કુદરતી વરસાદની આડમાં માનવસર્જિત આપત્તિનું પુનરાવર્તન છે?

૧૮ સપ્ટેમ્બરે સવારે માત્ર ચાર કલાકમાં ભારે વરસાદ વચ્ચે શહેરના અનેક વિસ્તારોમાં પાણી ભરાયું અને જાહેર પરિવહન પણ ખોરવાયું. આ સ્થિતિમાં સૌથી ગંભીર બાબત સાબરમતી-વાસણા બેરેજના પાણીના સંચાલન અંગે છે. વિવિધ અહેવાલો અનુસાર

(અનુ. આઠમા પાને)

### વડનગરથી વારાણસી સુધી બાઈક યાત્રામાં

# મુખ્યમંત્રી, ના.મુખ્યમંત્રી અને પ્રદેશ ભાજપ અધ્યક્ષ જાતે બાઈક ચલાવી યાત્રામાં જોડાયા

**અબતક, રાજકોટ**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના જાહેર જીવનમાં દેશના પ્રધાનમંત્રી અને ગુજરાતના મુખ્યમંત્રી તરીકે સેવા અને સમર્પણના અવિરત ૨૫ વર્ષ પૂર્ણ થવાના ઐતિહાસિક અવસરે ૧૭ સપ્ટેમ્બરથી દેશવ્યાપી 'સેવા સંકલ્પ અભિયાન' શરૂ થયું છે. આ અભિયાન અંતર્ગત 'વડનગરથી વારાણસી' અને 'વારાણસીથી વડનગર' એમ બે ઐતિહાસિક બાઈક સેવા યાત્રાનો પ્રારંભ થયો છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આ યાત્રાના ૧૦ રૂટ પૈકીના એક રૂટ પરની યાત્રા અમદાવાદ જિલ્લાના સાણંદ આવી પહોંચી ત્યારે સ્વયં બાઈક ચલાવીને યાત્રામાં પ્રતીક રૂપે જોડાયા હતા.

### બાઈક યાત્રાને ચોમેર ઉમળકાભેર આવકાર

વડનગર અને વારાણસી એમ બંને દિશામાંથી શરૂ થયેલી આ બાઈક સેવા યાત્રામાં ૧૦ અલગ-અલગ ગ્રુપમાં ગ્રુપ દીઠ ૨૫ બાઈક પર ૫૦ સેવા યાત્રીઓ જોડાયા છે. વડનગરથી વારાણસીની યાત્રામાં ૨૫૦ બાઈક પર ૫૦૦ સેવા યાત્રીઓ તેમજ વારાણસીથી વડનગરની યાત્રામાં પણ ૨૫૦ બાઈક પર ૫૦૦ સેવા યાત્રીઓ સહભાગી થઈ રહ્યાં છે. આ રીતે દેશભરમાંથી કુલ ૧,૦૦૦ જેટલા યુવાનો આ યાત્રામાં ભાગ લે છે.







(અનુ. આઠમા પાને)